
આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪
વર્ષ : ૭૯ ● અંક : ૨
સળંગ અંક : ૯૪૯
મે - ૨૦૧૯



ગુરુદેવ શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું ચિત્ર

## સરસ્વતી વિદ્યામંડળની સંચાલન મંડળની મીટિંગ
## તા. ૪ એપ્રિલ ૨૦૧૯ના રોજ શ્રી લોપા કોઠારી સાથે




## સરસ્વતી બાલવિહારના બાળકો દ્વારા બૌધિક વિકાસની વૈવિધ્ય પ્રવૃત્તિઓ









email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૪૯ | મે - ૨૦૧૯



સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જશીબહેન નાયક, જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમીતાબહેન પાલખીવાલા, અશોકભાઈ સોમપુરા, હેતલબહેન શાસ્ત્રી

ડિઝાઈન : મનીષ પટેલ


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

''ઘરશાળા'' માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


| | | |
|---|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ | ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે | ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક | ૬ |
| ગુજરાતી સાહિત્યના ઘેઘુર વડલાસમા, ''યશવન્ત મહેતા'' | મહેન્દ્ર ભાટિયા | ૧૨ |
| સા વિદ્યા યા વિમુક્તયેનો જીવન સંકલ્પ | મનસુખભાઈ સલ્લા | ૧૫ |
| ગુરુદેવ ટાગોર અને મહાત્મા ગાંધી | બી. જી. કાનાણી | ૧૭ |
| સફળતાનું સેલ | રણછોડ શાહ | ૧૯ |
| ગાંધી અને આપણે | પ્રો. જે. ડી. સેઠી | ૨૨ |
| ''એલીયન હંટર'' | ડૉ. હિતેષ બી. શાહ | ૨૬ |
| ફાજલભાઈ 'ફાજલ' ન હોઈ શકે | ડૉ. વિનોદ માંગુકિયા | ૨૭ |
| મનજી વિઠ્ઠલ નાવડિયા ઉ.વ. ૬૨ | સંકલન | ૨૯ |
| એક વિદ્યાર્થીની શિક્ષકોને અરજી | સંકલન | ૩૬ |
| સંગીતની પાઠશાળા | માધવી આશર 'ખત્રી' | ૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા | ૪૧ |



કાર્યાલય

''ઘરશાળા'' શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

ડૉ. મોહનભાઈ પંચાલ
મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી,
સહજાનંદ કૉલેજ પાછળ,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.



## આત્મીયતાનું સંસ્થાપન

પ્રત્યેક શિક્ષક તેના વિદ્યાર્થીઓને ભણાવવાની અપેક્ષા રાખે છે. કેટલાક તો અત્યાધિક પ્રયત્નો અને પ્રવિધિઓ નિયોજી, તેમના છાત્રોને અવ્વલ કક્ષાના બુદ્ધિશાળી અને હોશિયાર બનાવી દેવા મથે છે. કદાચ, કેટલાક કિસ્સાઓમાં તેમનું અપેક્ષિત પરિણામ ન આવે તો, પેલા મહત્ત્વાકાંક્ષી અધ્યાપકો તેમનો મિજાજ ગુમાવી દઈ, તેમના છાત્રોને અતિ કટુ વચનોથી તુચ્છકારે છે, કપરી શિક્ષા કરે છે અને શારીરિક તાડન પણ કરવાની ધૃષ્ટતા કરે છે.

છતાં તેમનો એ પરિશ્રમ એળે જાય છે, કેમ કે બાળકોની ઇચ્છા, રસ અને માનસિક તત્પરતા તથા પ્રેમ અને ભાવના વિના તેઓ કદી કશું નવું ગ્રહણ કરી શકતાં નથી. વળી પ્રત્યેક બાળકની રસ, રુચિ, ગમો-અણગમો અને ક્ષમતા કે અક્ષમતા અલગ-અલગ હોય છે, જેમને શૈક્ષણિક મનોવિજ્ઞાનની પરિભાષામાં વૈયક્તિક તફાવતો (individual differences) કહેવામાં આવે છે.

તેથી પ્રત્યેકને ભણાવવાની ઇચ્છા અને રસ રાખનાર શિક્ષકે પ્રારંભમાં તેના છાત્રોની વ્યક્તિગત ઓળખ-સ્વભાવ, રસ, રુચિ, તનમનની ક્ષમતા, મર્યાદા વગેરે જાણી લેવી ઘટે. એ ઓળખને આધારે, તે દરેક છાત્ર પ્રત્યે પ્રેમ અને વાત્સલ્ય પ્રગટાવી નિકટતા અને આત્મીયતા (rapport) સ્થાપવી જોઈએ. તે દરેકને લાગવું જોઈએ કે શિક્ષકને તે પોતે પ્રિય છે અને તેને પોતાને પણ શિક્ષક પ્રેમથી રાખે છે. આવી - ત્રણ પ્રકારની આત્મીયતા થકી જે, કોઈ પણ નિષ્ણાત કે સામાન્ય શિક્ષક સારામાં સારું અધ્યાપન કરી શકે, એ નિર્વિવાદ વાત છે.

આત્મીયતા ત્રણ પ્રકારની છે : બોધાત્મક આત્મીયતા, (cognitive rapport) ભાવાત્મક (affective) આત્મીયતા અને કાર્ય-ક્રિયાત્મક (motor active) આત્મીયતા. આ ત્રણેય આત્મીયતાઓના ઉચિત વિનિયોગ થકી અસરકારક અધ્યયન-અધ્યાપન થઈ શકે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## ચૂંટણી પર્વ

લોકશાહી વ્યવસ્થામાં ચૂંટણી એ પર્વ છે, ઉત્સવ છે. વિચારોની અભિવ્યક્તિનું પર્વ છે. આર્થિક તેમજ સામાજિક વિકાસના પ્રશ્નોની ચર્ચા અને તે અંગેના ઉકેલ માટે દિશા નિર્દેશના મંથનનું પર્વ છે.

નાગરિકોની વિવેકશક્તિને પારખવાનો અવસર છે.

ભિન્ન વિચારધારાઓને પ્રજા સમક્ષ અસરકારક રીતે રજૂ કરવાનો મંચ છે. આપણી લોકશાહી સંખ્યા કે કદની દૃષ્ટિએ વિશ્વની મોટી લોકશાહી છે. પણ લોકશાહીના હાર્દને આપણે સમજી શક્યા નથી.

ચૂંટણી જાહેર થયા પછી સમગ્ર દેશમાં જે વાતાવરણ ઊભું થયું છે તે લોકશાહી માટે ચિંતાનો વિષય છે.

રાજકીય પક્ષો અને નેતાઓ, આક્ષેપો - પ્રતિઆક્ષેપો, વાણી વિલાસ, અભદ્ર ભાષાનો ઉપયોગ, અંગત ચારિત્રહનન અને કૌભાંડોનો જ આશરો લઈ ચૂંટણી જીતવા મેદાને પડ્યા હોય તેમ લાગે છે.

બીજાની લીટી ટૂંકી કરવાની હોડ જામી છે. સૌજન્યશીલતા અને શાલીનતા ભુલાઈ ગઈ છે. પરિણામે રાષ્ટ્ર તેની ગરીમા ગુમાવી રહ્યો છે. ચૂંટણી પર્વનું આ વાસ્તવિક સ્વરૂપ આપણે છેલ્લા બે મહિનાથી અનુભવી રહ્યા છે.

ઉપરોક્ત પરિસ્થિતિના પાયામાં આપણા રાજકીય પક્ષો છે. રાજકીય પક્ષો માત્ર સત્તા મેળવવા ગમે તે કક્ષાએ જઈ શકે છે. રાજકીય પક્ષો ખાનગી કંપની જેવા અથવા કૌટુંબિક વારસાઈ જેવા બની ગયા છે. કાર્યકરો મોટા ભાગે ખુશામત ખોરો છે. પક્ષોમાં આંતરિક લોકશાહીનો સદંતર અભાવ છે. પૈસા, જ્ઞાતિ ધર્મ અને બાહુબલીની પક્કડ રાજકીય પક્ષો ઉપર વધુ છે. પરિણામે લોકશાહી માત્ર કાગળ ઉપર છે. વાસ્તવમાં મૂઠીભર લોકોના હાથમાં ૧૩૦ કરોડની લોકશાહી છે. દુનિયાનું શ્રેષ્ઠ બંધારણ અને ૭૦ વર્ષનો આપણો પ્રજાતંત્ર તરીકેનો અનુભવ ખરેખર ગૌરવપ્રદ છે ?

આત્મશ્લાઘા કરવી હોય તો જવાબ 'હા' છે પણ પ્રમાણિક પણે અભિપ્રાય આપવો હોય તો જવાબ 'ના'માં છે.

ચૂંટણી પછી ચૂંટાયેલા લોક પ્રતિનિધિનું વાણી વર્તન કેવા છે તે આપણે વિધાનસભા, લોકસભા અને રાજ્યસભાની રોજિંદી કાર્યવાહી પરથી જોઈ શકીએ છીએ.

ચૂંટણી પહેલાનો અને ચૂંટણી પછીનો આ વિષાદયોગ છે. આપણે નાગરિકો આ ખેલ જોયા કરીએ છીએ.

અમે આ કૉલમમાં વારંવાર લખ્યું છે કે લોકશાહીમાં **યથા પ્રજા તથા રાજા**. લોકશાહીની ગુણવત્તાનો સમગ્ર આધાર દેશના નાગરિકો ઉપર છે. નાગરિક ઘડતરના પાયાનું કામ શિક્ષણનું છે. આપણે સારા, શિસ્તબદ્ધ, વિચારશીલ નાગરિકો દેશને આપી શક્યા નથી તેનું આ પરિણામ છે.

આપણે લોકશાહી વ્યવસ્થાને વધુ ગૌરવશાળી બનાવવા માટે કટિબદ્ધ થઈ એ જ અભ્યર્થના.

જશીબહેન નાયક

મૈત્રી સોસાયટી, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.



## અકળામણ છતાં ચેલેન્જ

હવે દિલ્હી જવાની તૈયારી કર્યા વિના છૂટકો નથી. હવે રઘુભાઈ સમક્ષ ૧૯૪૪ની સરસ્વતીની જેમ બીજી સંસ્થાના વિકાસની ચૅલેન્જ સ્વીકારવા પૂરા તૈયાર થઈ ગયા હતા. દિલ્હીમાં બોલાતી ભાષા હિન્દી અને અંગ્રેજી વધારે હતી. ગુજરાતી યુવાનોનું ધ્યાન બરાબર રાખવું પડશે. બીજી ભાષાના વાલીઓને પણ મળવાનું બનશે. આવી અનેક પરિસ્થિતિઓ સરસ્વતી શાળા કરતાં જુદા પ્રકારની હશે. રઘુભાઈ હવે આવી વાતોને સમજાવીને અમદાવાદ છોડવા માટેનું મારું મન તૈયાર કરી રહ્યા હતા. જેવી રીતે ૧૯૪૪માં 'ઘરશાળા' છોડીને અમદાવાદ આવવા માટે મનથી મને તૈયાર કરેલ એનું જાણે પુનરાવર્તન થઈ રહ્યું હતું. રઘુભાઈની આ શૈલી એવી તો સરસ હતી કે આવી રહેલા ભવિષ્યને ઊજળું બનાવવાની જાણે તૈયારીઓ મને પણ કરાવી રહ્યા હતા. "મારા મનની સ્વસ્થતા રઘુભાઈ માટે હંમેશાં એક 'મોરલ સપોર્ટ' રહ્યો છે," એવો મને વિશ્વાસ બેઠો. મનથી દિલ્હી પહોંચી જવા માટેની સ્વસ્થતા હું પ્રાપ્ત કરવા લાગી. આમ, આટલું બધું હોવા છતાં અમદાવાદ છોડતી વખતે મન કેવું હશે એ વાતથી હું નર્વસ તો હતી જ.

"નવી સંસ્થા ચલાવવાની હોવાથી ગુજરાત એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી એચ. એમ. પટેલ મને ત્રણેક મહિના વહેલા બોલાવે છે. તમે જો મનથી તૈયાર હો તો હું વહેલા જવા માંગુ છું." એમ રઘુભાઈએ મને કહ્યું. નવું પ્રયાણ, નવો યજ્ઞ અને નવું સ્થળ આ બધાની તૈયારી કરવા લાગ્યા. પંદરેક દિવસ પછી એમને એકલા એ જવું એમ નક્કી થયું... અને... રઘુભાઈ દિલ્હી જવા નીકળી ગયા.

મારે અને પ્રશાંત-ઈરાએ શાળાનું એકેડેમિક વર્ષ પૂરું થયા ત્યારે અમદાવાદ છોડવું એમ નક્કી થયું. તે સમયે ગુજરાતની શાળાઓમાં ઉનાળાની રજાઓ પહેલી એપ્રિલથી શરૂ થતી. ત્યાં સુધી રોકાવાનું થયું.

આજે વિચારતાં એમ લાગે છે કે અમદાવાદમાં મારી હાજરી હોવાથી રઘુભાઈની ગેરહાજરી શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી હિંમતભાઈ, શ્રી ગોપલાની સાહેબને સૌને ઓછી લાગતી. છતાં અમે સૌ ભેગાં મળતાં ત્યારે સંસ્થાના કાર્યકરો રઘુભાઈને યાદ કરતાં અને શાળાઓ પૂરી થતાં સાંજ પડે ઘરે જતી ત્યારે બંને બાળકો એમના બાપુને યાદ કરતાં.

પણ.... સમયને જતા ક્યાં વાર લાગે છે ? જાન્યુઆરીમાં ગયેલા રઘુભાઈ માર્ચના અંતે અમદાવાદ પાછા આવ્યા. અમારે સૌને જવાનો દિવસ આવી પહોંચ્યો.

અમારી સાથે ઘરમાં કામ કરતાં હાકુમાને મેં પૂછ્યું, "હાકુમા, દિલ્હી આવવું ગમશે ને ?" મોઢા ઉપર થોડું હાસ્ય લાવીને કહે, મોટી બેન, મારે તો જ્યાં તમે ત્યાં અમદાવાદ ને ભાવનગર ! આપણે સૌ સાથે રહીશું. હું તમારી સાથે આવીશ. અમે સૌ જવાની તૈયારી કરવા લાગ્યા."

દિલ્હી જવા માટેનું રેલવેનું રિઝર્વેશન થઈ ગયું. શ્રી વિઠ્ઠલભાઈ અને હિંમતભાઈ પણ અમારી જવાની તૈયારીમાં મદદ કરવા લાગ્યા. જરૂર પડ્યે દોડાદોડી કરતા. બધુ જ કામ મૂંગા મને થતું. અસારવામાં વિનીત વિદાય પછી નીકળવાનું નક્કી થયું. માર્ચ માસના છેલ્લા અઠવાડિયામાં અમારે નીકળવાનું હતું.

શ્રી વિઠ્ઠલભાઈ અમારો સામાન લઈને વહેલા નીકળી ગયા. તેમના પછી અમે સૌ સ્ટેશને પહોંચ્યાં. દિલ્હી મેલ સવારે ૭-૦૦ વાગે ઉપડતો હતો તેથી અમે રેલવે સ્ટેશન

વહેલા પહોંચ્યા. સ્ટેશનમાં નાની-નાની મંડળીઓ અમારા માટે હાથમાં ફૂલ લઈને ઊભી હતી. પહેલાં તો મને થયું કે કોઈ મોટા માણસ આ ટ્રેનમાં જતા હોવા જોઈએ. પણ તેઓ સૌ પરિચિત હતા અને તેઓ અમારા વિદ્યાર્થી-વાલીઓ જ હતા. પોતાની શુભકામના અને વિદાય આપવા તેઓ અહીં સ્ટેશને આવ્યા હતા. અમને મળવા આવનાર વાલીઓની સંખ્યા ધીમે ધીમે વધતી જતી હતી. કોઈ હાર, કોઈ ગુલદસ્તો વગેરે અમારા માટે લાવ્યા હતા. રેલવેના ડબ્બામાં અમે પ્રવેશ કરવા ગયા ત્યાં જ વાલીઓ, વિદ્યાર્થીઓ, બહેનો, માતા, મિત્રો, મુલાકાતીઓ, કાર્યકરો સૌ પોતાનું માથું નમાવી અમને પ્રણામ કરી રહ્યાં હતાં. સૌ અમને શુભેચ્છા આપી રહ્યાં હતાં. કેટલાક યુવાન વાલીઓ અમારો રેલવેનો ડબ્બો ફૂલોથી સારી રીતે શણગારી રહ્યાં હતાં. સ્ટેશન માસ્તર પણ પોતાની ઑફિસમાંથી બહાર આવી આ બધું જોતા હતા. તેમણે હિંમતભાઈને પૂછ્યું, “ભાઈ, કોઈ વી.આઈ.પી. જાય છે કે શું ? તો અમને ખબર ન હોય તે કેમ બને ?” એવામાં એક વાલીએ રેલવેના એ સ્ટેશન માસ્તરને જવાબ આપ્યો કે, “સરસપુરની અમારી શાળાના આચાર્ય દિલ્હી જાય છે, તેમને અમે વિદાય આપવા આવ્યા છીએ.” આ હર્ષ-દૃશ્ય જોઈ બીજા વાલીઓની આંખો ભીની થવાં લાગી. શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી હિંમતભાઈ, શ્રી ગોપલાની સાહેબ ત્રણેયે રોકી રાખેલા આંસુઓ હવે બહાર આવ્યાં. તેઓના ગાલ પર આંસુનાં ટીપાં પડવાં લાગ્યાં. આટલા મોટા માનવ સમુદાયમાં પણ ચારે-કોર શાંતિ ફેલાઈ ગઈ હતી. “આવજો” બોલવાને બદલે હવે સૌ હાથ હલાવીને “આવજો” કહેતા હતા. એટલામાં વ્હીસલ સંભળાઈ. ગાડી ઉપડતાં પહેલા ગાર્ડે લીલી ઝંડી બતાવી. વિદાય આપવા આવેલું ટોળું ડબ્બાની નજીક આવતુ જતું હતું. ગાડી ઉપડી એવો મને ભાસ થયો પણ ગાડી ઉપડી ન હતી. સૌ એકબીજા સામે જોઈ રહ્યાં હતાં. અમારી મંડળીમાં અગમ્ય શાંતિ ફેલાઈ ગઈ હતી. હવે ગાડી ઉપડવામાં જ હતી. આખરે... છૂક... છૂક... છૂક... એવો અવાજ આવ્યો. ગાડી પણ જાણે કોમળતાથી ઉપડી હોય એમ લાગતું હતું. વિદાય આપવા આવેલા વાલીઓને માનસિક આઘાત ન લાગે એ રીતે ગાડી ધીરેથી ગતિ લેવા લાગી. વિદાય આપવા આવેલા સ્વજનો ગાડીની ગતિ સાથે ચાલવા લાગ્યા. સ્વજનો જેવા વાલીઓની આ પરિસ્થિતિ એન્જિનના ડ્રાઈવર સુધી પહોંચી ગઈ હોય તેમ એ પણ ગતિ વધારતો નહોતો. સ્ટેશન માસ્ટર અને ગાર્ડ પણ આ ધીમી ગતિને ટેકો આપતા હોય તેમ વાલીઓ સાથે ચાલતા હતા. થોડું ચાલ્યા પછી ગાડીની ગતિ એક સરખી થવા લાગી. ધીમે ધીમે ગાડીની ગતિ વધવા લાગી. હૃદયની અંદર વહેતી લાગણીઓ બન્ને પક્ષે હૃદયમાં જ સમાઈ જતી હતી. શબ્દોને કોઈ સ્થાન નહોતું. આ વિતાવેલી પળો અમારા જીવનમાં કાયમને માટે સ્થપાઈ ગઈ હતી. આ આખું દૃશ્ય અમારી આંખ સમક્ષ વારંવાર પુનરાવર્તન પામતું હતું. સિગ્નલના થાંભલા પાસે ઊભેલા સિગ્નલમેનોએ વાલીઓ, કાર્યકરોને હવે રોક્યા, સાહેબ, અહીંથી તમે સૌ પાછા જાઓ. આ સિગ્નલમેનને અમે આમ જોયો અને સાંભળ્યો. બસ, હવે ગાડી એ ગતિ પકડવામાં હતી આથી અમે ધરાઈ ધરાઈને બંને બાજુનું અમદાવાદ જોઈ રહ્યાં હતાં. ડબ્બાની અંદરનાં ફૂલો, હારમાં ગૂંથાયેલ ફૂલો, સરસ્વતીની સ્વજનોનો પ્રેમ અને લાગણી, રંગ અને સુગંધ દ્વારા અમારી સાથે જાણે વાત કરી રહ્યાં હતાં. કહેતાં હતાં કે, ભલે તમે જાઓ પણ તમે અમારા જ છો અને અમારા જ રહેવાના છો. કારણ કેળવણીની ધૂણી ધખાવનાર રઘુભાઈનું આ સ્થળ એ કેળવણીને જન્મ આપનારું સ્થાન છે. આવું આવું તો જાણે અમે ઘણું બોલી રહ્યા હતા. પણ અચાનક રઘુભાઈનો અવાજ મેં સાંભળ્યો. તેમના સામાન્ય અવાજથી તેઓ ફૂલો સાથે વાતો કરતા હતા. દોસ્તો, અમારા કાર્યનું મૂળ કે જડ એ અહીં સરસપુરમાં છે. એ શાળા, દિલ્હીની શાળા સ્થિર થતાં અમે જરૂર પાછા આવીશું. આમ ચાર-પાંચ કલાક વિદાયની

વેળા સ્મરણોમાં રમ્યા કરી. વિદાયના દુઃખને બદલે હવે સૌના — આદર અને લાગણી અમારાં માટે એક હિંમતની તાકાત બની રહી, એ હિંમતથી અમે ચોવીસ કલાક પછી દિલ્હી સ્ટેશને પહોંચ્યાં.

ટ્રેન ઊભી રહી. શ્રી દલપતભાઈ અમારા ડબ્બા પાસે આવ્યા અને કહ્યું કે, ‘‘અમે તમને લેવા આવ્યા છીએ. અમને તમારો ડબ્બો શોધવામાં વાર ન લાગી. ફૂલો અમને કહી ગયા કે તમે આ ડબ્બામાં જ છો.’’ મેં કહ્યું કે ‘‘દલપતભાઈ વિદાય વખતે મળેલાં આ ફૂલો અમારા સરસ્વતી સાથેના પ્રેમનું પ્રતીક છે.’’ રઘુભાઈએ દલપતભાઈને કહ્યું કે ‘‘જશીબહેનની વાત તદ્દન સાચી છે.’’

રસ્તામાં જતા દલપતભાઈએ કહ્યું કે સરસ્વતીની આ નાની બહેન છે. એનું સ્થાન પ્રાપ્ત કરતાં તમને વાર નહિ લાગે. હસીને એમણે રઘુભાઈનો હાથ પકડ્યો પછી બંને મિત્રો અમારા માટે રાખેલા ઘર તરફ ગાડી હંકારી ગયા.

નાયક પરિવાર માટે એ દિલ્હીનું પ્રથમ પ્રભાત હતું. એ પ્રભાતે વિદાય અને આવકાર સરસ્વતી અને નવા ચેલેન્જની લાગણીઓ અમારા મનને ઘેરી રહી હતી. અમે વિદાય અને આગમનની ભાવનામાં એ પ્રભાત માણી રહ્યા હતાં.

## અનોખા સાથીદાર શ્રી પાઠકભાઈ

દિલ્હી જવાનું નક્કી થયા પછી મનમાં એક વસ્તુ વારંવાર આવ્યા કરતી કે આવી મોટી સંસ્થામાં એક વ્યવસ્થાપક (કો-ઓર્ડિનેટર ટુ ઑલ ધ પ્રોબ્લેમ્સ) એવો કોઈ મળી જાય તો કેવું સારું. મારા બહેન અને એનાં પતિ પ્રદ્યુમનભાઈ આ દિલ્હીની નવી થતી શાળામાં જોડાયા હતા. બરોડામાંથી કોઈ એક આવા વ્યવસ્થાપક મળી રહે કે નહિ એવું અમે એમને પૂછ્યું, ‘બરોડા યુનિ.ની ઑફિસમાં કામ કરતા શ્રી ચંદ્રકાન્તભાઈ પાઠક તરફ તેમનું ધ્યાન ગયું. (અમારી આંખ સામે તો કોઈ હિંમતભાઈ જેવા વ્યવસ્થાપક મળે એમ અમે ઈચ્છતા હતા)

અમારા એક સારા મિત્રને અમે આ અંગે પૂછી જોઈશું. ટૂંક સમયમાં જ ખબર પડી કે શ્રી પાઠક નામના એક ભાઈ દિલ્હીમાં શરૂ થતી આ શાળામાં જોડાવા તૈયાર છે. પાઠકભાઈને મળ્યા પછી હું અને રઘુભાઈ ખૂબ ખુશ થયા. અમને લાગ્યું કે આ બરોડાવાળા ભાઈ એક સારા ઓ.એસી. થઈ શકશે.

મિ. પાઠકની સાથે જે રીતે કામ શરૂ કર્યું ત્યારથી કોઈ દિવસ એવી લાગણી થઈ ન હતી કે સંસ્થા ચલાવવાની રીતભાતમાં કે શિક્ષણનાં વિચારોમાં તેઓ અમારાથી ક્યાંય જુદાં પડ્યા હોય. અમારા ત્રણેયનું કામ એક જ વિચારધારા હેઠળ ચાલતું હતું. અમારી અરસ-પરસની સમજણ ખૂબ ઊંડી હતી. કોઈ પણ સંસ્થાની ઑફિસ ખૂબ સારી રીતે ચાલે, ઉચ્ચ કક્ષાએ ચાલે, ઑફિસના કામે આવનારનું કામ ઝડપથી પતી જાય, આવનારને વિનયપૂર્વક જવાબ મળે; આ બધી પ્રણાલિકાઓને પાઠકભાઈએ પાર પાડવામાં ખૂબ જહેમત ઊઠાવી હતી. સવારે સાત વાગે શરૂ થતી શાળામાં તેઓ હાજર જ હોય. ઑફિસમાં ગરબડ થાય તો તેઓ હાજર જ હોય અને ઊભા થતા પ્રશ્નની જાણ રઘુભાઈ પાસે તરત પહોંચી જાય એ માટે તેઓ સતત જાગૃત અને તત્પર રહેતા. પરિણામે અમારી કામ કરવાની ગતિ ઝડપી રહેતી. આમ સવારના સાતથી સાંજના ચાર સુધી સ્કૂલમાં અમારું કામ ચાલતું. ચાર વાગે ઘેર પહોંચીને જમીને પાછા રઘુભાઈ અને પાઠકભાઈ ઑફિસના કામે વળગતા તે રાતના દસ વાગતા. દિલ્હીમાં અમને જલદી ઘર મળે તેમ નહોતું તેથી અમે એક જ ઘરમાં રહેતા અને એક જ રસોડું ચાલતું. આમ ઘર અને શાળા એક હોવાથી સાથે જમતા કે કામ કરતા. જોઈએ એવા વાતાવરણમાં પાઠકભાઈ અમારા ઘરના સભ્ય જેવા બની ગયા. તેની તેમને અને અમને ખબરેય ન પડી. પ્રશાંત અને ઈરા તેમને મોટાભાઈ તરીકે માનતા હતા. પેલો શ્લોક છે કે, ‘‘હમ સાથ ખાયે, સાથ ખેલે, સાથ હી બેઠા કરે, યહ સાથ હો ઐસા હમારા.’’ એ

શ્લોક શાળા અને ઘરમાં સ્થપાઈ ગયો હતો અને સૌ એક જ પરિવારના સભ્યો બનીને સાથે કામ કર્યું.

આમ અમે ત્રણેયે અઢાર વર્ષ સાથે કામ કર્યું. ૬૮ વર્ષ પૂરાં થતાં રઘુભાઈ જ્યારે રિટાયર્ડ થયા ત્યારે એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીઓએ શ્રી પાઠકને પોતાનું કામ ચાલુ રાખવા વિનંતી કરી. આ વિનંતિ સાંભળીને રઘુભાઈએ શ્રી એચ. એમ. પટેલને કહ્યું, ''પટેલ સાહેબ, હું જાઉં એ પહેલા શ્રી પાઠકને હવે માત્ર ઑફિસ ક્લાર્ક નહિ પણ વ્યવસ્થાપક બનાવો. રઘુભાઈનું આ સૂચન ખૂબ માનપૂર્વક સ્વીકારાયું. શ્રી મૂળશંકરભાઈ અને શ્રી એચ. એમ. પટેલે આવો એક સરક્યુલર તમે જ લખીને મોકલો એવી ઈચ્છા વ્યક્ત કરી. તે દિવસથી પાઠકભાઈનું માન વધે તેવી જાહેરાત રઘુભાઈએ કરી. તે દિવસથી તે આજ સુધી પાઠકભાઈ વ્યવસ્થાપકનો હોદ્દો ધરાવે છે અને એ હોદ્દાને એમણે એવી રીતે સાચવ્યો છે કે વિદ્યાર્થી, વાલી અને ટ્રસ્ટીમંડળમાં તેઓ માન અને પ્રતિષ્ઠા પામ્યા છે. સંસ્થાને લગતી નાની કે મોટી વાતો એમને પૂછીને કરવામાં આવે છે.

અમારા પછી નવા આવેલા આચાર્યને પાઠકભાઈ તેમના સહકાર્યકર અને સાથીદાર બની રહ્યા છે. આજે તો તેઓએ ત્રીજા આચાર્ય સાથે કામ શરૂ કર્યું છે. આજે એમનું સ્મરણ રઘુભાઈ અને હું માત્ર ઑફિસના કાર્યકર તરીકે નહિ પરંતુ સંસ્થાના એક મુખ્ય કાર્યકર તરીકે કરીએ છીએ. સરદાર પટેલ વિદ્યાલયના ઇતિહાસમાં એમનું સ્થાન એક મજબૂત સ્થંભ જેવું બની રહેશે. પાઠકભાઈ જ્યારે છૂટા થશે ત્યારે એમને ''આવજો'' કહેવું સૌને માટે મુશ્કેલ બનશે.

## દિલ્હીમાં સરસ્વતી નવા સ્વરૂપે

૧૯૫૮ની પહેલી એપ્રિલ. એ દિવસોમાં દિલ્હીની બધી શાળાઓ પહેલી એપ્રિલથી શરૂ થતી. મનમાં રમૂજ પણ થતી. કેટલાંક વાલી રમૂજમાં પૂછતાં કે 'એપ્રિલફૂલ' તો નથી કરવાના ને ? પણ આખરે તો એ વાસ્તવિકતા જ હતી. પહેલી એપ્રિલનું એ પ્રભાત હતું. ઉનાળો હોવાં છતાં સવારે ૭ વાગ્યાનું પ્રભાત આહ્લાદક પણ હતું, કેવું હતું એ મિલન ! ન અમે કોઈને ઓળખીએ કે ન કોઈ વિદ્યાર્થીઓ અમને ઓળખે !

શ્રી રઘુભાઈને તો થોડો પરિચય શિક્ષકોનો હતો. કારણકે આ શિક્ષકોને માર્ચની પહેલીથી નિમણૂક અપાઈ હતી. એ એટલા માટે કે શાળાનું કામકાજ કેવી રીતે ચાલશે ? કેવા પાઠ્યપુસ્તકો હશે ? કયો વર્ગ તેમને સોંપાવામાં આવશે અને કયા વિષય શિક્ષકોને પહેલા દસ દિવસમાં શું કામ કરવું પડશે તે સમજાવવામાં આવ્યું હતું. આમ રઘુભાઈ શિક્ષકોથી પરિચિત હતા પણ મારે તો નામ યાદ રાખવાં પણ મુશ્કેલ હતાં.

શાળાનો એ પહેલો દિવસ. પ્રાર્થના તો થવી જ જોઈએ ને ! તેથી સંગીત શિક્ષકોનો પરિચય મને સૌથી પહેલો થયેલો.

પ્રાર્થના શાળાના મેદાનમાં કરવાની હતી. મકાનનું ચણતરકામ ચાલું હતું. તેથી જે જગ્યાએ પ્રાર્થના કરવાની હતી ત્યાં નાના-નાના લાકડાના ટુકડાઓ, સિમેન્ટના ટુકડા, પથ્થરો વગેરે પડ્યા હતાં. એટલે પ્રાર્થના માટે પસંદ કરેલાં સ્થળ ઉપર સફાઈ કરવી પડે તેમ હતી. સૌથી મોટો લાકડાનો થાંભલો રઘુભાઈએ ઉપાડ્યો. એ જોતાં જ નીચે પડેલા પથ્થરના ટુકડાઓ હું ઉપાડવા માંડી. શ્રી પાઠકભાઈ પણ અમને સફાઈનાં કામમાં મદદ કરવા લાગ્યા. થોડીવારમાં આઠ-દસ શિક્ષકો પણ તેમાં જોડાઈ ગયા. અમને સૌને સફાઈ કરતા જોઈને સ્વચ્છ અને મોંઘા નવાં-નવાં કપડાં પહેરીને આવેલા વિદ્યાર્થીઓએ પણ એ મેદાન સાફ કરવામાં અમને મદદ કરી. પંદર-વીસ મિનિટમાં પ્રાર્થના સ્થળ સ્વચ્છ થઈ ગયું. એક ટેબલ ઉપર હારમોનિયમ અને તબલાં ગોઠવાઈ ગયાં હતાં. આરતીબહેન નામના નવા સંગીત શિક્ષકે પોતાના સૂરીલા સ્વરમાં પ્રાર્થના ગાવાની શરૂ કરી. હિન્દી ભાષા હોવા છતાં તેમના ઉચ્ચારોમાં બંગાળી ભાષાના ઉચ્ચારો ભળતાં હતાં.

આમ બંને ભાષાનું મિશ્રણ, સંગીતના સ્વરો અને આરતીબહેનનો અવાજ સૌના મન ઉપર અસર કરતો હતો. આમ પ્રભાતનાં સંગીતે વિદ્યાલયનાં વાતાવરણમાં એક પારિવારિક ભાવનાનું વાતાવરણ પ્રસરાવ્યું. છ-સો બાળકોને આપેલા પ્રવેશ મુજબ ઊભા રાખ્યા હતા. આ બધાં જ બાળકો જુદી-જુદી શાળામાંથી જુદું-જુદું બેક-ગ્રાઉન્ડ લઈને આવ્યા હતા. દસમીના વર્ગમાં ચૌદ બાળકો હતાં અને આ ચૌદે બાળકો અલગ-અલગ શાળામાંથી આવ્યા હતા. આમ અપરિચિત વાતાવરણમાં પણ સૌને પોતાપણું લાગવાથી એકબીજાની સાથે પરિચય પામતા ગયા. સંગીત પૂરું થતાં રઘુભાઈએ સૌ વિદ્યાર્થીને આવકાર આપ્યો અને સાથી શિક્ષકોની ઓળખાણ કરાવી. રઘુભાઈની વાતચીત પૂરી થતાં શ્રી પાઠકભાઈ દરેક શિક્ષકને પોતાના વર્ગને ક્યાં લઈ જવાનો છે તેની દોરવણી આપવા લાગ્યા. વિદ્યાર્થીઓ વર્ગમાં જઈ રહ્યા હતા.

દિલ્હીની શાળાનાં આ વિશાળ મકાન પર હું નજર નાંખી રહી હતી. કેવું હતું આ વિશાળ મકાન ! આકાશ પણ જાણે ઊંચું વધતું જતું હતું. કેવું હતું એ સરસ્વતીનું જર્જરિત મકાન અને ક્યાં આ મકાન ! આમ અચાનક જ બંને મકાનોની સરખામણી થઈ ગઈ ! ક્યાં અને કેવા હતા એ સરસ્વતીના બાળકો કે જે મહામુશ્કેલીથી ગણવેશ બનાવી શકતા હતા. તેને ઈસ્ત્રી કરવાનો તો વિચાર જ આવતો નહોતો. છતાં તેનો ગણવેશ સ્વચ્છ અને સુઘડ જ હતો. દિલ્હીના વિદ્યાર્થીઓની સ્થિતિ આનાથી જુદી અને સારી હતી. અહીં વેપારી, ઑફિસરોના બાળકો હતા. સારા ગુણવત્તાવાળાં કાપડનાં વસ્ત્રો બનાવી પહેરતાં. એવી જ રીતે મોંઘા જૂતા, મોંઘી પેનો અને રિસેસમાં ખાવાનું ખૂબ મોંઘુ હતું. બંને વિસ્તારોના બાળકોની તુલના મારા મનમાં થયાં જ કરતી.

વર્ગનું ફર્નિચર અને જૂની પાટલી પર સરસ્વતીના બાળકો બેસતાં.જાણે ચોખ્ખાં દેખાતાં બે વર્ગો હતા. ગરીબ અને તવંગર. સાદા અને સોફિસ્ટીકેટેડ વિદ્યાર્થીઓ નજર સમક્ષ રહેતા. આવી સરખામણી મનમાં ચાલ્યા કરતી હતી. પણ સરસ્વતીના વિદ્યાર્થીની માનવતાનો આંક ઉપર હોય એવું લાગતું-લાગ્યા કરતું હતું.

એક દિવસ સાંજે મેં રઘુભાઈને કહ્યું, ''સરસ્વતીના વિદ્યાર્થીઓમાં માનવતાનો અંશ વધારે લાગે છે નહિ ?''તેઓ કહે, ''તમારા જેવી જ લાગણી મને થાય છે.'' આપણે એટલું યાદ રાખવું જોઈએ કે એ લત્તામાં એ વિદ્યાર્થીઓ સાથે આપણે ચૌદ વર્ષ ઉપરાંત કામ કર્યું છે. તેથી આપણે એમનામાં માનવતાનાં બીજ રોપવામાં સફળ થયા છીએ. માનવ તો બધા સરખા જ ને ? હૃદય અને મન સરખાં જ ને ? ઉચ્છૃંખલ અને અભિમાની દેખાતા આ બાળકોમાં થોડા જ વખતમાં માનવતાની ભાવનાને આપણે ભાષણ વિના આપણાં વ્યવહારથી સમજાવી શકીશું.''

રઘુભાઈની વાત મને ગળે ઊતરી. મને મોરારજીભાઈનું વાક્ય યાદ આવ્યું કે દિલ્હીમાં સોફિસ્ટીકેટેડ દેખાતાં બાળકો આખરે તો માણસો જ છે. ત્યાં પણ અમદાવાદના ઇસ્ટ-ઍન્ડ ગણાતાં એ ગરીબ લત્તાના બાળકોમાં જે કામ કરવાનું છે તો અહીં પણ બીજી એક સ્વચ્છતા લાવવી પડશે. ધીરે-ધીરે મનમાંથી સરખામણી કરવાનું મેં ઓછું કર્યું. મનમાં લાગણી ઊભી થઈ કે સરસ્વતીનાં બાળકોનાં મોઢા ઉપર જે ભાવના છે તે જ ભાવના ઊભી કરવામાં વાંધો આવશે નહિ. શરૂ કરેલા આ યજ્ઞમાં વધારે સમય અને શક્તિ આપવાં પડશે તેનો ખયાલ અમને આવી ગયો હતો.

દિલ્હીનાં એ વાતાવરણમાં સાદગીને બહુ ઓછું સ્થાન હતું. પશ્ચિમની સંસ્કૃતિની છાપ દિલ્હીમાં ખૂબ હતી. કપડાં અને કોસ્મેટિકનો ઉપયોગ શાક લેવા જતી બહેનોમાં પણ દેખાતો હતો. એક વાલીમાતાને મેં એક વાર બોલતાં પણ સાંભળ્યાં કે... ''સંજુ તેરે સ્કૂલકી વાઈસ પ્રિન્સિપાલ તો સૂત કી સાડી પહન કે આતી હૈ ઔર ગહને તો ઉનકે શરીર પે દેખતી નહિ હૂં.'' આ વાત સાંભળ્યા પછી મને થોડુંક હસવું આવ્યું. પણ સાથે સાથે વિચાર પણ આવી ગયો કે, પશ્ચિમની સંસ્કૃતિથી રંગાયેલા અહીંના લોકોને બાહ્ય દેખાવનું

મહત્ત્વ વધારે છે, પરંતુ નવી શાળાની રચના અને પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિનું યોગ્ય વાતાવરણ ઊભું કરવામાં આવી જાતના અભિપ્રાયોની અસર અમારા હૃદયના ઊંડાણમાં કદી પહોંચી નહોતી. મહાત્મા ગાંધીના જમાનામાં ઉછરેલાં અમે બન્ને હતાં. તેથી જીવનમાં સાદાઈ પરાણે ઊતરેલી નહોતી તે સ્વાભાવિક બની ગઈ હતી. **જ્યાંથી સારું મળે એ લઈને નવી પેઢીને આપવું એ અમારું ધ્યેય હતું.**

બધાં જ શિક્ષકોના નામની આગળ મિસ્ટર, મિસીસ, મૅડમ, આન્ટિ કે મિસ એનો વપરાશ વધારે થતો. પરંતુ અમે પશ્ચિમની આ સંસ્કૃતિને મહત્ત્વ ન આપ્યું. દરેક શિક્ષક અને શિક્ષિકાને એમના ફર્સ્ટ નામથી બોલાવાની પ્રથા શરૂ કરી. દા.ત., એક ઉષાબહેન હતાં. તેમની સરનેમ મિસીસ ભટનાગર હતી. પણ અમે મિસીસ ભટનાગરને બદલે તેમને ઉષાબહેન કહીને બોલાવતાં. આમ 'બહેન'નો ઉપયોગ સારો એવો થવા લાગ્યો અને પછી તો બાળકો તેનું નામ યાદ ન રહે તો સરનેમ યાદ રાખીને કપૂરબહેન, ભટ્ટભાઈ, અગ્રવાલભાઈ એમ ભારતીય પ્રણાલિકા પ્રમાણે બોલવવા લાગ્યા.

**<u>મૂલ્યાંકનો બદલવાનો નિશ્ચય</u>**

દિલ્હીની કેટલીક પ્રતિષ્ઠિત શાળાઓ. એમાંની એક હતી મૉડર્ન સ્કૂલ. ત્યાં પૈસાદાર અને મોટા ઑફિસરનાં બાળકો જ દાખલ થઈ શકતા. બીજી એક હતી દિલ્હી પબ્લિક સ્કૂલ, શાળામાં પ્રવેશ કરો તો તમને કદીયે હિન્દી ભાષા સાંભળવા મળે નહિ. જ્યાં વાર-તહેવારે ડિસ્કો થાય અને ડ્રિન્કસ પણ લેવાય. એવી એક-બે શાળાઓ ઑફિસરોનાં બાળકો માટે હતી. દિલ્હીમાં ચાલતી હોવા છતાં તેઓ કોઈ જુદી જ દુનિયામાં કામ કરતા હોય એવું લાગતું અને આવી સ્પેશિયલ સ્કૂલોની અસર બીજી મધ્યમ વર્ગની શાળાઓ ઉપર પણ થતી. અંગ્રેજી જાણનાર અને બોલનાર બાળક હોશિયાર ગણાતો. **આવા ચારેકોર સૉફિસ્ટીકેટેડ વાતાવરણમાં સરસ્વતીમાંથી ગયેલા આ બે કેળવણીકારોને બાળકોનાં જીવનનાં મૂલ્યાંકનો બદલવાનાં હતાં.** છતાં બાળકોને એમ તો નહોતું જ કહેવું કે 'અમુક વસ્તુ સારી છે અને અમુક વસ્તુ ખરાબ છે.'' કોઈ સરખામણી કર્યા વિના એમના જીવનમાં સારી બાબતો લાવવી હતી. દિલ્હીની સોકોલ્ડ મૂલ્યાંકનોની પ્રતીતિ કરાવી હતી. પ્રતિષ્ઠિત શાળાઓની પ્રચલિત પ્રણાલિકાઓને ભૂલીને અમારા મૂલ્યાંકનોથી અમે આગળ ચાલ્યા.

જોત જોતમાં વર્ષ વીતી ગયું. સરસ્વતીની કેટલીક સારી પ્રણાલિકાને અમે અહીં પણ અમલમાં મૂકી શક્યા. શિક્ષકસભાઓ રોજિંદા કામોમાં ઘણી અસરકારક બનતી અને બીજી મહત્ત્વની વાત એ બની કે શિક્ષકસભા અમને તેમની ખૂબ નજીક લાવી શકી. આમ વાલી, શિક્ષક અને વિદ્યાર્થીઓ શાળાના આ ત્રણેય પાસાંઓએ સરસ પરિવારનું વાતાવરણ બનાવ્યું. અમે ધાર્યા કરતાં એક જ વર્ષમાં થોડું વધારે પ્રાપ્ત કરી શક્યા.

એ જ સરસ્વતીમાં અનુભવેલી માણસાઈ અમને અહીં દિલ્હીમાં પણ વિદ્યાર્થી અને વાલીમાં દેખાવા લાગી અને પરિણામે શાળાની પ્રગતિ ઝડપભેર આગળ વધવા લાગી. બીજા વર્ષે નવા પ્રવેશમાં કાપ મૂકવો પડ્યો.આથી પસંદગીમાં પ્રતિભાશાળી બાળકો આવવા લાગ્યા. પછી તો પ્રવાસો, નાટકો, રમતો, હરિફાઈ વગેરેમાં શાળા પહેલી આવવા લાગી. અમને થયું કે બે-ચાર વર્ષમાં આ શાળા સારી પ્રગતિ કરશે. આમ સ.પ.વિદ્યાલયની પ્રતિષ્ઠા અમારી મહેનતને લીધે વધવા લાગી.

અમે દિલ્હી ગયા ત્યારે શાળાની નજીક રહેવા સગવડ ન હોવાને લીધે શ્રી રાણાના ઘેર અમારે દૂર કારોલબાગમાં રહેવાનું હતું. જ્યારે મિ. રાણાની ઓળખાણ થઈ ત્યારે તેઓ અમારા મિત્ર બની ગયા. શાળાથી ઘર સાત માઈલ દૂર હતું તે મુશ્કેલી હતી. ઉનાળાની રજામાં અમે શાળાની કેન્ટિનમાં રહેવા ચાલી ગયા. સરસ્વતીનો અમારો સંપર્ક કાયમ રહેતો. આટલી સ્વતંત્રતા અમને મળી હતી. દર મહિને સરસ્વતીમાં જવાની વ્યવસ્થા અને સંમતિ અમને મળેલી હતી. આમ હવે અમે બે શાળાના બની ચૂક્યા હતા.

# ગુજરાતી સાહિત્યના ઘેઘૂર વડલાસમા, "યશવન્ત મહેતા"

**મહેન્દ્ર ભાટિયા**
ઠે. ભાટિયા ટેકરી, શ્રમ સાફલ્ય,
મુ.પો.તા.સંતરામપુર, જિ. મહિસાગર-૩૮૯૨૬૦.
ફોન : (૦૨૬૭૫) ૨૨૦૨૮૬ મો. ૯૪૨૭૦૭૮૬૧૭



ગુજરાત પત્રકાર સંઘ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, ગુજરાત સમાચાર, બાલસાહિત્ય અકાદમીના જાણીતા અને માનીતા, વડીલ શ્રી યશવન્ત મહેતાને જાણવા એક સાહિત્ય પ્રિય વ્યક્તિ તા. ૨૦-૧૨-૨૦૧૫ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં આવેલા, અહિંસા શોધ ભવન ખાતે સમારંભની સમાપ્તિ બાદ ભોજન સમારંભમાં તેઓશ્રી સાથે ઊભા ઊભા હાથમાં રસોઈથાળીની વાનગીનો સ્વાદ માણતાં માણતાં થયેલ. તે સમયે હું તેઓ શ્રીની જાણકારી માટે કોરીસ્લેટ હતો. પરંતુ તેમના વક્તવ્યે મને પ્રભાવિત કરેલ. સંજોગોવસાત મારાં ચાર પુસ્તકો ગૂર્જર સાહિત્ય પ્રકાશનમાં તૈયાર થયેલ હોવાથી, મારા મનમાં પુસ્તક વિમોચન પ્રસંગ કરવાની તીવ્ર ઇચ્છાએ, વડીલશ્રીને મારા પ્રસંગમાં પધારવા માટે આગોતરું હાર્દિક આમંત્રણ આપી દીધુ. તેમણે હસમુખા આનંદી સ્વરે કહ્યું. મહેન્દ્રભાઈ તમે બોલાવશો તો હું જરૂરથી આવીશ.

સાચેજ મારા આમંત્રણને માન આપી તેઓ તેમનો તેમનો અમૂલ્ય સમય વ્યય કરીને સંતરામપુર આદિવાસી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાં, ૩૧ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ યોજેલ મારા પુસ્તકોના વિમોચન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, મારો સમારંભ જાણે સોનામાં સુગંધ ભળ્યા જેવો, યાદગાર બનાવી દીધો. તેઓશ્રીના પ્રાસંગિક પ્રવચને ઉપસ્થિત જનસમૂહને મંત્રમુગ્ધ કરતાં, તાળીઓના ગડગડાટે કૉલેજનો હોલ ગુંજી ઊઠેલ. મારા માટે તે દિવસ ચિરસ્મરણીય હોવાથી તેઓશ્રીનું ઋણ અદા કરવાનો મનમાં સંકલ્પ થયેલ.

એક દિવસ તેમને મેં ફોન કર્યો. તેમના વિષે કાંઈક લખવા મારી ઈચ્છા પ્રગટ કરી. તેમણે મને તેમનાં બે પુસ્તકો વાંચવા જણાવ્યું (૧) "ફૂટનોટ" અને (૨) "યશ-ગાથા" મેં તરત જ ગૂર્જર સાહિત્ય પ્રકાશનનો સંપર્ક કરી, તેમના સૂચન અનુસાર તેમના ખાતા નંબરમાં પુસ્તકોની કિંમત જમા કરાવતાં કુરિયરથી પુસ્તકો થોડાક જ દિવસમાં મળી ગયાં. "ફૂટનોટ" પુસ્તક વાંચતાં તેઓશ્રીની જીવન સફરના તડકા-છાંયાની, તેમણે પરવાહ કર્યા વિનાની આગેકૂચ મારા મનમાં અવર્ણનિય છે. સાચે જ તેમની પ્રગતિના પ્રત્યેક સોપાનને વંદન. પુસ્તક વાંચતાં મને જાણે કે હું યશવન્ત મહેતાજીનું હૃદય વાંચતો હોઉં તેવો અનુભવ થયો. તેમની ભાષા, લેખનકલા, સચોટ સત્ય કથન, આગવી લઢણ, હૃદયસ્પર્શી છે. બાળપણથી જાણ કલમને ખોળે મસ્તક મૂકી જીવન સમર્પિત કરી, સેંકડો પુસ્તકોની માનવ સમાજને ભેટ ધરવી તે કાંઈ નાની-સૂની વાત નથી. સાહિત્યકારની સાચી ઓળખ તેનું સાહિત્ય હોય છે. સાહિત્ય સર્જન સાથે પત્રકારત્વ જાણે તેમના જીવનરથના બે પૈડાં સમાન બનીને સમતુલા જાળવતા જાળવતાં જીવનરથને તેજ ગતિએ, જીવનપથ પસાર કરવો કઠિન હોવા છતાં, ઈશ્વર સહારે નહીં. પરંતુ શ્રમ-પરિશ્રમ અને ભાગ્યને કર્મમાં જોતરી, પુસ્તકોનો ભંડાર સર્જવો તે માટેની, અલૌકિક શક્તિ, પૂર્વ જન્મોના સંચિત કર્મોની ભેટ માની શકાય.

તેમનો જન્મ-સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં આવેલ "લીલાપુર" ગામના કિસાન દેવશંકર પુરષોત્તમ મહેતાને ત્યાં માતા ભાગીરથીની કૂખે તારીખ - ૧૯ જૂન ૧૯૩૮ના રોજ થયેલ. શુદ્ધ સોનાને ભઠ્ઠીમાં તપવું પડે છે. ૩૦ જાન્યુઆરી ૧૯૪૯. તેમના માથે આભ તૂટ્યું. પિતાનું અવસાન થયું. છપ્પનિયા દુકાળમાં ગામ છોડી ભાલના 'કરકથળ' ગામે જઈને રહેલ. પિતા તેમને 'યશુરાજા' કહીને બોલાવતા. જેથી તેમનું હૃદય છલકછલક

થઈ ઊઠતું. સંઘર્ષમય જીવન સમુદ્રે તેઓને અનેક રીતે ઘૂઘવાટ, ભરતી, ઓટમાં હિલોળાવવું પડેલ. ૧૯૫૧માં ધો. ૬માં ભાઈના ઘેર અમદાવાદ આવવું થયેલ. શાળાકીય પ્રવૃત્તિઓમાં રસ દાખવતા. હસ્તલિખિત શાળાના માસિક 'ચેતન'માં તેમનો મોટો ફાળો રહેતો. મેટ્રિકના વર્ષમાં 'સ્ત્રીજીવન'માં તેમની 'મા' વાર્તા છપાઈ હતી. 'કુમાર' કાર્યાલયની બુધસભામાં તેઓ જવા લાગ્યા.

૧૯૫૭ માં મેટ્રિક પરીક્ષાના સંસ્કૃત વિષયમાં વધુ ગુણ મેળવી પારિતોષિક પ્રાપ્ત કરેલ. કૉલેજના પ્રથમ વર્ષની પરીક્ષામાં યુનિ. માં બીજો ક્રમ મેળવેલ. ૧૯૫૮માં ભાઈનું ઘર છોડ્યું. છ માસ મિત્રને ત્યાં રહી, 'અખંડઆનંદ'માં અનુવાદકનું કામ કર્યું. ૧૯૫૯થી 'ગુજરાત સમાચાર'માં કામગીરી શરૂ કરી. બાળસાપ્તાહિક 'ઝગમગ'માં કલમ ચલાવી. એપ્રિલ-૧૯૬૦ થી મદદનીશ સંપાદક તરીકે માસિક વેતન રૂપિયા ૫૦ થી કામ કર્યું. કૌટુંબિક જવાબદારીએ બી.એ.માં ત્રીજો વર્ગ છતાં સફળ થયા.

પ્રીતમનગર રહેવા જતાં, દૈવયોગે 'દેવીબહેન' સાથે મિલાપ થતાં, ૧૧ ડિસેમ્બર ૧૯૬૨ પ્રભુતામાં પગલાં માંડ્યાં. જાણે જીવનનો સૂર્યોદય થયો. 'ગુજરાત સમાચાર'માં પગારપત્રક પર નામ મુકાયું. 'ઝગમગ'ના સંપાદકનો સ્વતંત્ર હવાલો મળ્યો. ૧૯૬૪માં પ્રથમ પુસ્તક "પાલખીનાં પૈડાં"ને રાજ્યનું ઈનામ મળ્યું. ૨૧ સપ્ટેમ્બર-૧૯૬૪ દીકરી 'ઋતંભરા'નો જન્મ થયો. તેમનું લેખન કાર્ય સતત ચાલું જ રહ્યું. 'સમરાંગણનાં શસ્ત્રો' ને રાજ્યનું ઈનામ મળ્યું. પ્રથમ નવલકથા "ઝૂકે બાદલ ચૂમે ધરતી" પ્રગટ કરી. બીજી જાન્યુઆરી ૧૯૬૮ બીજી દીકરી 'પ્રતીચિ'નો જન્મ થયો. 'ચલો દુનિયાની સફરે' પુસ્તકને રાજ્યનું ઈનામ મળ્યું. 'ઝગમગ' છોડી 'શ્રી' અને 'શ્રીરંગ'ના સંપાદક બન્યા. ૨૭ સપ્ટેમ્બર-૧૯૭૪ નારાયણનગરમાં ઘર ખરીદયું. ૧૩ જાન્યુઆરી ૧૯૭૬. દીકરા 'ઈશાન'નો જન્મ થયો. ૧૯૭૬ માં 'અમૃતનાં ઝરણાં' પુસ્તકને રાજ્યનું ઈનામ મળ્યું. ૧૯૭૭માં 'મહાન મુસાફરો' પુસ્તકને રાજ્યનું ઈનામ મળ્યું. પછી વધુમાં વધુ પાંચ ઈનામની મર્યાદા આવી ગઈ.

સતત સંઘર્ષ ત્રીજી જાન્યુઆરી ૧૯૮૩ એ સસરાજી, વૈદ્યશાસ્ત્રી અમૃતલાલ કે. રાવલનું અવસાન થયું. તેમની પાછળ સિગરેટની આદત છોડી દીધી. ઑક્ટોબર-૧૯૮૮માં મોટાં દીકરી ઋતંભરા એમ.બી.બી.એસ. ડૉક્ટર થયાં. નવેમ્બરમાં 'ગુજરાત સમાચાર'ની નોકરી છોડી દીધી. ૧૯૯૧માં કમળો થતાં, પાન ખાવાની આદત છૂટી ગઈ. ૨૧ જૂન ૧૯૯૨ ભાગીરથી બાનું અવસાન થયું. ૧૯૯૪માં "બાલસાહિત્ય અકાદમીની" સ્થાપના કરી. ૧૯૯૯માં 'બાલઆનંદ' માસિકનું સંપાદન સ્વીકાર્યું. ૨૦૦૩માં ગુજરાતી લેખક મંડળનું અધ્યક્ષપદ પ્રાપ્ત થયું. ૨૦૦૬માં ગુજરાતી સાહિત્યસભાનો ધ.કા. ગાંધી ચંદ્રક પ્રાપ્ત થયો. ૨૦૧૦માં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનું ગુજરાતી ભાષાનું સર્વપ્રથમ બાલસાહિત્ય પારિતોષિક પ્રાપ્ત થયું.

જૂન ૨૦૧૩ સુધીમાં શ્રી યશવન્ત મહેતાજી ના શુભ હસ્તે કુલ ૪૯૪ પુસ્તક સર્જન કર્યાનો ઉલ્લેખ તેઓના "ફૂટનોટ" પુસ્તકમાં છે. ત્યારપછી "યશ-ગાથા" પુસ્તકમાં દર્શાવ્યા અનુસાર "કુલ-૪૯૬" જેટલાં માતબર પુસ્તકોના ગુજરાતી સાહિત્ય સર્જકની હજુ કલમ ચાલુ છે. તેઓશ્રીને વંદન, નમન, પ્રણામ.

પત્ની દેવીબહેન તબીબ હતાં. એમના થકી હું ઉજળો છું કહેનાર મારી દૃષ્ટિએ આ પ્રથમ લેખક હશે. ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલયના કાન્તિભાઈ સાથે તેમની ગાઢ મિત્રતા થયેલ. તેમનાં ઘણાં ખરાં પુસ્તકો ગૂર્જરમાં પ્રકાશિત થયેલ છે. પંદર વર્ષની ઉંમર સુધી તેમણે પગમાં પગરખાં પણ પહેર્યાં નહતાં. શાળાએ જવાના બસભાડાના પૈસા પગે ચાલી બચાવી, તેમાંથી 'ઝગમગ' 'બાલસંદેશ' ખરીદીને વાંચતા, તેમને નાનપણથી વાંચવાનો ખૂબ જ શોખ હતો. માતાના મુખેથી નાનપણમાં મહાભારતની કથા સાંભળેલ.

જેનાથી તેમના હૃદયમાં સ્વતંત્ર સંવેદના તંત્ર રચાયેલ. 'કામ કામને કેળવતું હોય છે. અને વાંચવાથી લખવાનું મન થાય.' તેમણે વાંચન, મનનના સથવારે લેખનનો આરંભ બાળપણથી કરેલ. તેમના બાળપણ સમયે દેશમાં આઝાદીની લડત પણ ઉચ્ચતમ કક્ષાએ હતી. જેથી તેમની નસેનસમાં દેશ પ્રેમ ધબકતો. દુઃખ-સુખના સથવારે તેમણે તેમના મુખ પરથી હાસ્ય ક્યારેય ગુમાવેલ નહીં. તેઓ કદી પણ એકાંત પ્રિય રહેલ નથી. તેમણે "જીવતા જીવન સાથે બાળકોને જોડવાનું કાર્ય કરેલ છે." ૩૦ થી ૪૦ પુસ્તકો કિશોર સાહસ કથાનાં સર્જન કરેલ છે.

બાળ સાહિત્ય અકાદમી ઉપક્રમે તેમની પાસે ઘણા પ્રૉજેક્ટ છે. તેમનું સ્વપ્ન છે, "ભારતનું પ્રથમ બાળ સાહિત્ય મ્યુઝિયમ" બને. તેમાં બાળ સાહિત્ય ભેગું કરી મુકાય. બાળસાહિત્ય વિસ્તૃત ઈતિહાસ, બાળસાહિત્યકારોની પરિચય પુસ્તિકાઓ પ્રગટ થાય. આમ થાય તો સાચેજ ગૌરવની વાત છે. તેમનું સ્વપ્ન પૂર્ણ થાય તેવી અભિલાપા.

તેમણે ૨૭ વર્ષ જર્નાલિઝમના પ્રોફેસર તરીકે સેવા બજાવેલ છે. તેઓ ચીલાચાલુ લેખનથી દૂર રહી, કશુંક નવું સાધવા, નવું નિશાન તાકી એને વીંધવાનું, તેમણે હંમેશાં પસંદ કરેલ છે. કહેવત છે, "સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય" એ સૂત્ર તેમણે અપનાવેલ છે. 'સમજુ લોકો જીવનમાં મૂલ્યનિષ્ઠાને મહત્ત્વ આપે છે. મૂલ્ય નિષ્ઠ જીવન જીવનારનું ઘડપણ સુધરે છે.'

તેમણે અઢળક પુસ્તકોના ખંડો અધિક પ્રિય છે. તેઓ પુસ્તકમાં લખે છે, મારા ગયા પછી પુસ્તકો અને સંદર્ભ સામગ્રીનું શું થશે તે ખબર નથી, અત્યારે તો આ મારું નાનકડું સ્વર્ગ છે.' નાની વયથી હું ઉત્કટ પ્રકારનો પુસ્તક પ્રેમી રહ્યો છું.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ?, આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે ?, આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ?, આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે. વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવા વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂા. : ૧૫૦/- ● આજીવન રૂા. : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**


**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

# 'સા વિદ્યા યા વિમુક્તયે'નો જીવનસંદર્ભ

**મનસુખભાઈ સલ્લા**
સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશિષ પાર્ક સામે,
જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૪૦૪૨૪૫૩



ચિંતન વ્યવહાર જીવન માટેનું હોઈ શકે અને જીવનની ઉચ્ચોચ્ચકક્ષાથી શી હોઈ શકે એ માટેનું પણ હોઈ શકે. ભારતીય ઋષીઓએ નગરથી દૂર, અરણ્યની વચ્ચે આશ્રમ સ્થાપીને કે તપ કરીને અંતરની પ્રયોગ શાળામાં જે સત્ય, જે દર્શન, જે તત્ત્વમીમાંસા પ્રાપ્ત કરી તેની પાંચ હજાર વર્ષની નોંધો મળે છે. પછીનાં પાંચ હજાર વર્ષમાં વ્યક્તિગત, સમાજગત અને સમષ્ટિગત સ્વરૂપમાં, આકાંક્ષાઓમાં અને વ્યવહારોમાં અનેક બદલાવ આવ્યા છે, પરંતુ આ દર્શન ઝાંખું પડ્યું નથી કે વાસી થયું નથી. એ એવું સાબૂત, કાળનિરપેક્ષ અને સર્વવ્યાપી છે કે પાંચ હજાર વર્ષ પછીય માર્ગદર્શન કરી શકે એમ છે. વૈશ્વિક ભૂમિકાએ દર્શનની આવી સૂક્ષ્મતા, આવું ઊંડાણ અને આવી સાર્વજનીનતા એ આ દર્શનની ખૂબી છે.

સર્વકાલીન એવાં આ સૂત્રોને મંત્રરૂપે ઓળખાવાયાં છે. 'વિદ્યા'ની ટૂંકામાં ટૂંકી અને સર્વવ્યાપી એવી એક વ્યાખ્યા ભારતીય દર્શનમાં આપવામાં આવી છે : 'સા વિદ્યા યા વિમુક્તયે !' આમાં પ્રક્રિયા સૂચિત થાય છે અને પરિણામ પણ સૂચિત થાય છે. જોઈ શકાશે કે આ વ્યાખ્યામાં માત્ર નોકરી મળી જાય કે આજીવિકા કમાઈ શકાય એવી ક્ષમતા આપે એને વિદ્યારૂપે ઓળખાવાઈ નથી. એ તો સહજ પરિણામ હોય. પરંતુ ભારતીય ચિંતનમાં વિદ્યા એને ગણવામાં આવી છે જે મુક્તિદાતા હોય. એટલે કે મુક્તિદાતા હોય એ જ વિદ્યા છે. બાકીનું સૌ કૌશલ છે. આવડત છે. જીવનયાપનનાં સાધનો છે. એ આવશ્યક છે. પણ ધ્યેય નથી. ધ્યેય તો સર્વપ્રકારની મુક્તિ છે.

એટલે ગાંધીજીએ ૧૯૨૦માં સ્વરાજના સૈનિકો અને સમાજ નવરચનાના વાહકો તૈયાર કરવા માટે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે આ પ્રાચીન મંત્રને વિદ્યાપીઠના ધ્યેયમંત્ર તરીકે સ્વીકાર્યો. અંગ્રેજો આ દેશમાંથી જાય અને વહીવટ ભારતીઓ કરે એટલું જ ગાંધીજીનું લક્ષ્ય નહોતું. તેઓ તો સર્વપ્રકારની મુક્તિ માટે આતુર હતા. જે વિષયો, પ્રક્રિયા, પદ્ધતિઓ, જીવનવ્યવહારો, સંબંધો આ મુક્તિ માટે પોષક અને ઉપયોગી હોય તેને તેઓ 'વિદ્યા' ગણતા હતા.

વિદ્યાના સ્વરૂપ અનેક હોઈ શકે. આપણા પ્રાચીન ઋષિઓથી લઈને મહાત્મા ગાંધી સુધીના આધુનિક ઋષિનું લક્ષ્ય હતું - એ વિદ્યા જ સાચી, આવકાર્ય અને ઉપાસનાયોગ્ય છે, જે મુક્તિદાતા હોય. એવી વિદ્યા પ્રત્યેક વ્યક્તિને 'સ્વ-રાજ' માટે પ્રેરી શકે. સ્પષ્ટ કરી શકે અને એને પ્રાપ્ત કરવા માટેની ઝંખના આપી શકે.

એટલે 'વિદ્યા' શબ્દ દ્વારા શું શીખવાનું છે અને કેવી રીતે શીખવાનું છે એ સ્પષ્ટ થાય છે એમ 'મુક્તિ' શબ્દ દ્વારા કેવું જીવન, કેવું ધ્યેય એ સ્પષ્ટ થાય છે. આ ધ્યેયમંત્ર સ્વરાજની લડત વખતે ગાંધીજીએ ઉપસાવ્યો એટલે ક્યારેક એનો અર્થ વિદેશીઓની ગુલામી સુધી મર્યાદિત રીતે લેવાયો. પરંતુ ગાંધીજી - વિનોબાજી - કિશોરલાલ મશરૂવાળા - રવીન્દ્રનાથ ટાગોર - શ્રી અરવિંદ વગેરેએ મુક્તિ શબ્દને એના વ્યાપકમાં વ્યાપક અને સૂક્ષ્માતિસૂક્ષ્મ અર્થમાં સ્વીકાર્યો છે.

મુક્ત શામાંથી મેળવવાની છે એ પાયાનો પ્રશ્ન સામે આવે છે તો સ્પષ્ટ થવું પડે કે બંધનો ક્યાં છે ? મનુષ્યનાં બંધનો સ્થૂળ છે અને સૂક્ષ્મ પણ છે. મનુષ્ય પોતાને કેવળ દેહ સમજીને વર્તે, એમાં જ રમમાણ રહે તો એ પોતાને જ સંકોચી નાખે છે. મનુષ્ય દેહના અધ્યાસો જેટલો જ નથી. શરીર દ્વારા જ જીવાય છે

એટલે તંદુરસ્ત શરીર અનિવાર્ય છે. તો તંદુરસ્તી કેમ મેળવાય અને જળવાય એ માણસે શીખવું પડે છે. એટલે ખોરાક, પોષાક, જીવનરીતિ, સાધનો, સુવિધાઓ, તંદુરસ્ત રહેવા માટે કેવાં હોય તે શીખવે એ વિદ્યા છે. એમાંથી આરોગ્યશાસ્ત્ર, યોગ, યમ-નિયમ અને પરિશ્રમનો વિચાર જન્મે છે.

મનુષ્ય પોતાને કેવળ દેહ ગણીને એના લાલનપાલન અને આળપંપાળમાં જ ઈતિશ્રી ગણે તો એક નવા પ્રકારનું બંધન ઊભું કરે છે. આજનાં સમૂહ માધ્યમો પ્રચારના ધોધ દ્વારા મનુષ્ય જાણે કેવળ દેહ હોય એમ સ્થાપવા માટે એની બધી કળા અજમાવી રહ્યાં છે. એમાંથી પણ મુક્તિ મેળવવાની છે. દેહની જાળવણી અને આજીવિકા પ્રાપ્તિ માટે જરૂરી બધું દરેક મનુષ્યે શીખવાનું જ છે. એ શીખવું એ કર્તવ્ય છે પરંતુ ત્યાં અટકી જવાનું નથી. જ્યારે મનુષ્ય દેહ આગળ અટકી જાય છે, એને જ સર્વ કાંઈ ગણે છે ત્યારે ભૂલી જાય છે કે ઈંદ્રિયગત સુખોની, રસોની અને તૃપ્તિની પોતાની જ મર્યાદા છે. એમાં ઘટતા તૃષ્ટિગુણનો નિયમ લાગુ પડે છે. રાજા યયાતિની કથા એનું આંખ ઉઘાડનારું દૃષ્ટાંત છે પછી ઉપાદાનની માત્રા વધારતા જવી પડે છે અને તૃપ્તિની માત્રા ઘટતી જાય છે. પરિણામે મનુષ્ય સજાગતા અને પ્રજ્ઞાને ભૂલી જવાના ઉપાયો અજમાવે છે. એમાંથી જડતાનાં નવાં બંધનો નીપજે છે.

એટલે મનુષ્યે શીખવું પડે છે કે દેહથી ઉપરનું એટલે શું ? જીવવું એટલે શું ? એનું સાચું સ્વરૂપ કેવું હોય.

મનુષ્ય દેહ છે તેમ જ મન-બુદ્ધિ-પ્રજ્ઞા પણ છે. પ્રજ્ઞા મનુષ્યને વ્યક્તિગતમાંથી સમષ્ટિગત તરફની યાત્રા માટે પ્રેરે છે. સ્વસુખમાંથી સર્વના સુખ તરફ ગતિ કરવા પ્રેરે છે. એટલે કે મનુષ્યની વિચારશક્તિ, ચિંતનશક્તિ એવી વિકસવી જોઈએ કે મનુષ્ય રહે એક સ્થળે, રહે સીમિત ક્ષેત્રમાં પરંતુ તેનું ચિંતન વૈશ્વિક હોય. એ વ્યક્તિ, સમાજ અને સમષ્ટિને અખંડપણે જોતો થાય. સજીવ-નિર્જીવ કોઈનાય શોષણમાં સંમત ન થાય. સૃષ્ટિશરીરને ઘસારો પહોંચે એવું કોઈ કર્મ ન કરે. ઘસારામાં પૂર્તિ કરે એવા પોતાનાથી બનતા ઉપાયો કરે. આ માટે જરૂરી બનશે કે મનુષ્યની તજજ્ઞતાનો વિષય ગમે તે હોય, પરંતુ એને યોજશે સર્વના ઉદય માટે, સર્વના કલ્યાણ માટે. પોતે ભલે નાનામાં નાનો એકમ હોય તો પણ તેનું કર્મ વૈશ્વિક સંવાદિતા, સુમેળ અને પોષણમાં મદદરૂપ થાય છે કે કેમ તેનો વિવેક કરશે. આવો વિવેક શીખવે તે વિદ્યા મુક્તિદાતા છે. ડૉક્ટર દર્દીને આ નજરે જોશે. એન્જીનિયર આ નજરે બાંધકામને જોશે. ખેડૂત આ નજરે ખેતી કરશે. વ્યવસ્થાપનના તજજ્ઞો આ નજરે વ્યવસ્થાપન કરશે. અર્થશાસ્ત્રીઓ બજારની નહિ, માનવીય અર્થશાસ્ત્રની દૃષ્ટિએ વિચારણા કરશે. રાજકર્તા આ નજરે સંચાલન અને નિર્ણયો કરશે. શિક્ષક આ નજરે કેળવણીની પ્રક્રિયા કરશે. આ ભૂલીને માણસ સ્વકેન્દ્રી બને છે ત્યારે પોતાને, સમાજને અને સમષ્ટિને આઘાત પહોંચાડે છે.


ઉછેરના અમુક તબક્કા સુધી અહમ્ પોષક બને છે, પરંતુ માણસ કાયમ અહમ્‌માં જ બંધાઈ રહે તો સ્વકેન્દ્રિતા રોગરૂપ બની જાય છે એટલે વિદ્યા દ્વારા મનુષ્ય સમજતો થાય છે કે પોતા પ્રત્યે, પરિવાર પ્રત્યે, સમાજ પ્રત્યે અને સમષ્ટિ પ્રત્યે પોતાનું ઉત્તરદાયિત્વ શું છે આવું શીખવે એ વિદ્યા મુક્તિદાતા છે.

દરેક મનુષ્યને શુભ તત્ત્વનું આકર્ષણ અને રુચિ હોય છે. જો એને દાબી દેવામાં ન આવે કે ભૂલી જવામાં ન આવે તો તે શુભનો અનુભવ કરી શકે છે. શુભતત્ત્વ મનુષ્યને સ્વકેન્દ્રીતામાંથી, ષડ્‌રિપુઓની પ્રેરણાઓમાં બંધાયેલો રહેવામાંથી મુક્તિ અપાવે છે. તો આ શુભતત્ત્વ પ્રગટતું કેમ નથી ? કારણ કે એની ઉપર આપણે મારાપણાંનાં, સંકીર્ણતાના, સ્થૂળતાનાં, ઈર્ષાનાં, લોભનાં પડો ચડાવ્યાં હોય છે. આવાં પડોને દૂર કરે એ સાચી વિદ્યા છે. એ સાચો હૃદયવિકાસ છે. પછી વ્યક્તિ આખા વિશ્વની બની જાય છે. સ્વકલ્યાણ અને જગત કલ્યાણને અભિન્નપણે જોતી જાય છે. આવા મનુષ્યનું કાર્યક્ષેત્ર ગમે તે હશે, પણ એની દૃષ્ટિ આવી વ્યાપક હશે, એનું ચિંતન

(અનુસંધાન પૃષ્ઠ ૨૧ ઉપર)

# ગુરુદેવ ટાગોર અને મહાત્મા ગાંધી

**બી. જી. કાનાણી**
ડાયરેક્ટર શ્રી ઉમિયાજી મહિલા કૉલેજ, ધ્રોલ



ટાગોર અને ગાંધી બે વિચક્ષણ વ્યક્તિ જે પરસ્પર માટેની સદ્‌ભાવના અને આદરથી સભર છે અને છતાં જેમની લાગણીઓથી એક તત્વવેત્તા પ્લેટો અને પયગમ્બર સેન્ટપોલ જેટલા જુદા છે.

**– રોમાં રોલા (તત્ત્વચિંતક ફ્રાંસ)**

ગુલામ ભારતના અંધકારમય યુગમાં જ્યારે ખાસ જરૂર હતી ત્યારે એકજ દાયકામાં ભારતને અદ્‌ભુત ગૌરવ અપાવનાર બે વિશ્વ પુરુષો ટાગોર અને ગાંધીજી જન્મ્યા તે ખરેખર અનુપમ અને વિરલ ઘટના ગણાય. તા. ૭-૫-૧૮૬૧ થી તા. ૭-૮-૧૯૪૧ સુધીની ગુરુદેવની જીવન યાત્રા સાહિત્ય અને સંગીતમય સુગંધયાત્રા બનીને સાર્થક થઈ.

ગુરૂદેવથી ૮ વરસ નાના મહાત્માની તા. ૨-૧૦-૧૮૬૯ થી તા. ૩૦-૧-૧૯૪૮ સુધીની જીવનયાત્રા સત્ય અને અહિંસામય સુગંધયાત્રા બનીને સાર્થક થઈ. તેમનું જીવન સંત ઋષિ જેવું દિવ્ય અને સાર્થક હતું. સને ૧૯૧૫માં ગાંધીજીના ભારતમાં પુનરાગમનથી હિન્દભૂમિના આ બે મહાન આત્માઓની મૈત્રી અંગ્રેજ પાદરી એન્ડ્રઝ દ્વારા થઈ. ગુરુદેવ તેમને મહાત્માના સંબોધનથી અખૂટ માન આપતા. ગાંધીજી તેમને ગુરુદેવનું માનભર્યું સંબોધન કરતા. બંનેની પ્રતિભા ભવ્ય અને દિવ્ય હતી. ગુરુદેવની દાઢી તથા મહાત્માની સાદાઈ અને ધોતડી એ તેઓની ઋષિ મુદ્રાને સુંદર ઉઠાવ આપતી હતી. ઘણા વિદેશીઓને આ બંને ઈશુખ્રિસ્ત જેવા લાગતા હતા. ગુરુદેવ ઊભા હોય ત્યારે જોનારને લાગતું કે સામે બાદશાહોનો બાદશાહ ઊભો છે.

ભારતની સમકાલીન આ બે વિરલ વિભૂતિઓમાં પાયાનું મત ઐક્ય હતું. બંને પ્રખર અને સૂક્ષ્મ વિચારક હતા. બંને બ્રિટિશ સામ્રાજ્યની ધૂંસરીમાંથી ભારતને છોડાવવા ખૂબ જ ઉત્સુક હતા. બંને સત્ય અને અહિંસાના પરમ ઉપાસક હતા. બંનેની દૃષ્ટિ વિશાળ હતી. ભારતનું જ નહિ પણ સમગ્ર માનવજાતનું કલ્યાણ તેઓના હૈયામાં હતું. બંને આ ધ્યેય માટે સમર્પિત હતા. બંનેની આંતરચેતના એટલી સમૃદ્ધ હતી કે તેમના શબ્દોને સહજપણે કાવ્યદિક્ષા અને સાહિત્યદિક્ષા પ્રાપ્ત થઈ જતી. બંને બ્રિટિશ શિક્ષણ પ્રથાના વિરોધી અને રાષ્ટ્રીય શિક્ષણના તથા માતૃભાષા દ્વારા શિક્ષણના હિમાયતી હતા.

ટાગોર કલકતામાં શાંતિનિકેતન અને ગાંધીજીએ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપી હતી. કવિવર ટાગોરે શાંતિનિકેતનમાં કળા પર વધારે ભાર મૂક્યો. ગાંધીજી હતા કર્મયોગી એટલે એમણે કર્મ ઉદ્યમ પર વધારે ભાર મૂક્યો. એક "જન ગણ મન"ના સર્જક તો બીજા "જન મન ગણ"ના નાયક હતા. જગદ્‌વ્યાપી દૃષ્ટિવાળા બંને માનતા કે ભારતના પુનરુત્થાન માટે ગ્રામોદ્ધાર

અનિવાર્ય છે. બંને કાયદાના અભ્યાસ માટે લંડન ગયા હતા. ગાંધીજી બૅરિસ્ટર થયા જ્યારે ટાગોરે કાવ્ય રચનાઓ દ્વારા નોબલ પારિતોષિક માટેનું ભાથ્થું તૈયાર કર્યું.

**બંનેમાં વિચારોની ભિન્નતા**

આટલી સમાનતા છતાં બંનેના વ્યક્તિત્વ નિરાળા હતા. ટાગોર બંગાળના સમૃદ્ધ પરિવારમાંથી જ્યારે ગાંધી ગુજરાતનાં મધ્યમ પરિવારમાંથી આવેલ. એક પાશ્ચાત્ય વિચારસરણીમાં તો બીજા ભારતીય વિચારસરણીમાં માનતા હતા. એક સુંદરતાના પરમ ઉપાસક અને માનવ સત્યના આરાધક હતા. જ્યારે બીજા સત્યના પરમ ઉપાસક અને અહિંસાના આરાધક હતા. એક આદર્શવાદી અને બીજા વાસ્તવવાદી. એક તરંગી બીજા વ્યવહારું. એકની દૃષ્ટિ સૌંદર્યલક્ષી જ્યારે બીજાની ઉપયોગલક્ષી. એક રોમૅન્ટિક કવિ અને બીજા કર્મઠ યોગી. એક સુધારક જ્યારે બીજા રૂઢિચુસ્ત. એક નિસર્ગવાદી બીજા પ્રયોગવાદી. ગુરુદેવને મન "કલા એ જ જીવન" હતું. જ્યારે ગાંધીને મન "જીવન એ જ કલા". એક સંગીત કલા અને કાવ્યના આરાધક હતા. જ્યારે બીજા સાદાઈના આરાધક હતા. એક અસહકારના નકારાત્મક વલણના વિરોધી હતા, બીજા અસહકાર આંદોલનના હિમાયતી હતા. યુવાનોને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડતા ગાંધીજીને રોકવામાં રવીન્દ્રનાથ નિષ્ફળ રહ્યા હતા. જ્યારે રવીન્દ્રનાથને ચરખા અને કાંતણની મહત્તા સમજાવવામાં ગાંધીજી નિષ્ફળ રહ્યા હતા. એક આનંદના કવિ જ્યારે બીજા તપસ્યાના પયમ્બર હતા. એકનું જીવન કવિતા અને સંગીતમય તો બીજાનું જીવન એક પ્રવૃત્તિની કવિતા જેવું હતું.

એક વિશ્વકવિ તો બીજા વિશ્વમાનવ હતા. ગુરૂદેવ કાવ્ય પુરુષ જ્યારે ગાંધીજી વિચાર પુરુષ હતા. એકનો અભિગમ વિજ્ઞાન અને તર્ક પર, બીજાનો ધર્મ અને પાપપુણ્યના રૂઢિગત ખયાલો પર આધારિત હતો. ટાગોર એક વિશ્વ રચાય એવા વિશ્વવાદી જ્યારે ગાંધી રાષ્ટ્રવાદી હતા. એકે ભારતને વિશ્વના સાંસ્કૃતિક નક્શા ઉપર મૂકી દીધું જ્યારે બીજાએ સત્ય અને અહિંસાના દૂત તરીકે ભારતને વિશ્વમાં સ્થાન અપાવ્યું.

જો કે બે માંથી એકેયને જડ ચોકઠામાં બાંધી શકાય તેવા નહોતા. બંનેની પ્રકૃતિ અને પ્રવૃત્તિઓમાં વિભિન્નતા છતાં સામ્યતા એ હતી કે તેમના બંનેના મૂળિયાં ભારતીય સંસ્કૃતિમાંથી પોષણ મેળવી અને તેમની શાખાઓ માનવ સંસ્કૃતિના વિકાસની ટોચને આંબાવા મથતી હતી. બંને સત્યના ઉપાસકો સત્યની શોધમાં પોતપોતાના અલગ માર્ગે વિચારતા સહયાત્રી હતા. બંનેને પોતપોતાના માર્ગમાં દૃઢ અને અટલ વિશ્વાસ હતો અને એકબીજાની ધ્યેય પ્રત્યેની એક નિષ્ઠામાં શ્રદ્ધા હતી. એકના વ્યક્તિત્વમાં ભવ્યતા અને દિવ્યતાનો સુયોગ અદ્‌ભુત હતો, બીજામાં સાદગી અને દિવ્યતાનો સુયોગ અનુપમ હતો. એકનું પુસ્તક 'ગીતાંજલિ' અને બીજાનું પુસ્તક 'મારા સત્યના પ્રયોગો' વિશ્વ કક્ષાએ આજે પણ પ્રસ્તુત છે.

જીવતે જીવત વિશ્વકક્ષાએ દંતકથા બની જનાર ગુરુદેવ અને મહાત્માને કોટિકોટિ વંદના.

- મહાત્માનું જીવન એક વિભૂતિ તરીકે અનેક યુગો માટે એક ઉદાહરણ બની રહેશે. – ગુરુદેવ
- મારી શાંતિનિકેતનની મુલાકાતને હું એક યાત્રા માનું છું, હું માત્ર ગુરુદેવના દર્શન કરી આશીર્વાદ મેળવવા આવ્યો છું. – મહાત્મા ગાંધી
- ગુરૂદેવનું જીવન ખીલેલા પુષ્પ જેવું સુગંધમય અને સાર્થક હતું. – ગુણવંત શાહ
- એક જ પીઢીમાં આવા બે મહાનુભાવો પેદા કરનારું ભારત કેટલું સમૃદ્ધ અને છલોછલ - જવાહરલાલ નહેરુ
- ભારતે રવીન્દ્રનાથ જેવાને જન્મ આપ્યો છે એ હકીકત ભારતને આઝાદી આપવા માટેનું પૂરતું કારણ છે. – વિલ ડુરાં (વિશ્વ ઇતિહાસકાર)
- ટાગોર એક એવા દેશના કવિ છે, જ્યાં કવિતા અને ધર્મ એકરૂપ છે. – અંગ્રેજ કવિ પીટ્સ

# સફળતાનું સેલ

રણછોડ શાહ

મૅનેજિંગ ટ્રસ્ટી, ઍમિટી સ્કૂલ, ભરૂચ.
સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧



"જાત સાથે વેર જેવું થઈ ગયું
એટલે અંધેર જેવું થઈ ગયું
ઉંબરો ને ઓસરી જોયા નહીં
ગામડું પણ શહેર જેવું થઈ ગયું !"
— દિનેશ કાનાણી

"મારો રાઘવ તો શાળામાં 'ગ્રીન ડે' નિમિત્તે પોપટ બન્યો હતો. તેના વર્ગમાં પ્રથમ આવ્યો. તેના મૅડમ તો તેના વખાણ કરતાં થાકતાં નથી. મેં તો ફોટો ડી.પી. ઉપર પણ મૂકી દીધો. મિત્રો અને સગાઓએ અભિનંદનની છડી વરસાવી દીધી." ગુણવંતીબહેન કી.ટી. પાર્ટીમાં સૌ સાંભળે તેમ પુત્ર રાઘવની સિદ્ધિને ગાઈ-વગાડીને સૌને કહેતાં હતાં.

"મારી પ્રિયંકા ગરબે ઘૂમેને તો જાણે બીજી દીપિકા જ ! સ્કૂલન ગરબા હરીફાઈમાં વર્ગમાં તે બીજા ક્રમે રહી. નિર્ણાયકે તો તેના મોંફાટ વખાણ કર્યાં. ગરબાના કૉસ્ચ્યૂમમાં તો તે પાક્કી ગુજરાતણ લાગતી હતી. મને તો લાગ્યું કે કોઈની નજર ન લાગી જાય તો સારું !" વર્ષાબહેન નાયર મહિલા ક્લબમાં પ્રિયંકાની સફળતા સૌને જોરશોરથી સંભળાવી રહ્યા હતાં.

ધો. ૪માં અભ્યાસ કરતા અમરના મમ્મી ચાંદની તો તેના 'યુ.સી. માસમાં' શહેરમાં પ્રથમ આવવા બદલ ગજગજ છાતી ફૂલાવીને ફરતાં હતાં. કોઈકના લગ્નના સત્કાર સમારંભમાં પ્રત્યેકને મળીને અમરની સિદ્ધિની સૌને જાણ થાય તેવી રીતે કાળજીપૂર્વક વાત કરતા હતા. આજુબાજુમાં ઊભેલા પણ વાત સાંભળે માટે થોડા મોટા અવાજે બોલતા હતા.

માલતીબહેનની હની રોટરી ક્લબ દ્વારા ચાલતા વ્યક્તિત્વ વિકાસના વર્ગોમાં જતી હતી. અંતિમ દિવસે વસ્ત્ર પરિધાન અને વક્તવ્યની સ્પર્ધા હતી. સાત સ્પર્ધકોમાં હની પ્રથમ સ્થાને આવી. બસ પછી તો પૂછવાનું શું ? માલતીબહેને માત્ર સમાચાર પત્રમાં અભિનંદનની જાહેરાત આપવાનું જ બાકી રાખ્યું ! ચોરે અને ચૌટે જ્યાં જ્યાં જાય ત્યાં ગમે તે રીતે મુન્નીની વાત કરે ત્યારે જ તેમને શાંતિ થાય !

છેલ્લા બે-ત્રણ દસકામાં વ્યક્તિત્વ વિકાસની તાલીમો આપવાનું જોરશોરથી શરૂ થઈ ગયું છે. અભિપ્રેરણા અને ઓળખ જ જીવન હોય તેવું તેમાં શીખવવામાં આવે છે. કેટલાક ધંધાદારી વ્યક્તિઓએ ગરજાઉ માણસોને આ રીતે લૂંટવામાં કશું બાકી રાખ્યું નથી. માત્ર બે દિવસમાં 'અમર્યાદ યાદશક્તિ' વિકસાવો'ના સેમિનારમાં હાજર રહો અને નેવું ટકા ગુણ પ્રાપ્ત કરવાની ખાતરી મેળવી લો. એક વર્ષ નૃત્યના વર્ગોમાં જાઓ અને ચોક્કસ જ બોલિવૂડમાં પ્રવેશ પામી લો. ખ્યાતનામ ક્રિકેટ એકેડેમીમાં જોડાઈને 'સચીન' બનવાનું ચૂકશો નહીં. તબલાના વર્ગમાં જોડાઈ 'ઝાકીરહુસેન' બની જાવ. ઉપરના જેવી જાહેરાતોથી સમાચાર પત્રોના પાના ઊભરાઈ રહ્યાં છે. એક કે બે બાળકોવાળા કુટુંબમાં મમ્મી-પપ્પા બાળકોને ઘોડો સમજી કોઈ પણ પ્રકારની 'રેસ'માં મૂકવા માટે હોડ લગાવી બેઠા છે. તેમના કહેવાતા વિકાસ માટે હજારો રૂપિયા ખર્ચી નાખવા તૈયાર થઈ ગયા છે.

વ્યક્તિત્વ વિકાસના પુસ્તકો સૌથી વધુ વંચાય અને વેચાય છે. પોતાનામાં છુપાયેલી શક્તિઓને બહાર લાવવા સૌ અધીરા બની ચૂક્યા છે. તાલીમના સહારે સર્વશ્રેષ્ઠ બની જ શકાયનો વિચાર મનમાં એટલો બધો સ્થિર થઈ ચૂક્યો છે કે આ બાબતે ફેરવિચારણા કરવા માટે સમજૂ વ્યક્તિ વિનંતી કરે તો તે બાબતે ધ્યાન આપવા પણ તેઓ તૈયાર નથી. શાંતિથી અને મનન-ચિંતન કરી પોતાના સંતાનની શક્તિઓ કે મર્યાદાઓ વિશે વિચારવાનો કોઈની

પાસે સમય નથી. કોઈ એકાદ વ્યક્તિ તાલીમના જોરે સર્વશ્રેષ્ઠ બની શકે તેનું ઉદાહરણ લઈ સૌ તે જ રસ્તે દોડવા માંડે તો તેમાં પછડાટ ખાવાની પૂરી સંભાવના છે. એકાદ વ્યક્તિ જરૂરથી 'લતા મંગેશકર' બની શકે પરંતુ સંગીતની તાલીમ લેતા તમામ તે ઊંચાઈએ પહોંચી શકે તેવું શક્ય જ નથી. વ્યક્તિગત તફાવતો તરફ અણદેખી કરવામાં ડહાપણ રહેલું નથી. સંજોગો, પરિસ્થિતિ અને જન્મજાત બક્ષિસને કારણ એકાદ વ્યક્તિ કોઈ એક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ બને તે શક્ય છે. પરંતુ સર્વ માટે તેવું જ બને તે લગભગ અશક્ય છે. તેનો અર્થ એવો નથી કે પ્રયત્ન કરવો નહીં. પરંતુ અમાપ અપેક્ષાઓથી દૂર રહેવામાં શાણપણ છે.

"તું બરોબરમાં ઊણપને નીરખે,
હું ઊણપમાં પણ બરોબર જોઉં છું.
જિંદગીમાં બેઉં હોવાં જોઈએ,
સુખ અને દુઃખ હું સહોદર જોઉં છું !"

— સિકંદર મુલતાની

વર્તમાન સમયમાં માસ મીડિયાના અનેક સાધનો દ્વારા સિદ્ધિ પ્રાપ્ત લોકોની સફળતાની વાર્તાઓ ગાઈ-વગાડીને વહેંચવામાં આવે છે. એક બિલ ગેટ્સ કે અઝીઝ પ્રેમજી જરૂર હોઈ શકે. ધીરુભાઈ અંબાણી બનવાનું સરળ નથી. અબ્દુલ કલામ અને અડચણો વચ્ચે પણ ખૂબ ઊંચાઈ સુધી પહોંચી શક્યા તે આનંદપ્રદ પણ અપવાદરૂપ ઘટના છે. સિદ્ધિ પ્રાપ્ત પુરુષોના જીવન પ્રસંગો દ્વારા અભિપ્રેરણા પૂરી પાડતા વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપતા ટ્રેનરો તેમનામાં રહેલી મર્યાદાઓ છતી કરતા નથી. ક્યા અનુકૂળ સંજોગો તેમને પ્રાપ્ત થયા તેનું વર્ણન કરતા નથી. પ્રતિકૂળતાની વચ્ચે પ્રભુએ કરેલી મદદની સમજ આપવાનું ચૂકી જાય છે. આ સંજોગોમાં બાળકો અને યુવાનો પોતાની શક્તિઓ અને મર્યાદાઓને ઓળખ્યા, જાણ્યા કે સમજ્યા વિના આંધળુકિયા કરે છે. સતત અને સખત મહેનત બાદ પણ તેઓ અપેક્ષિત ઊંચાઈએ પહોંચી ન શકે તો નિરાશાની ગર્તામાં ધકેલાઈ જાય છે. ક્યારેક તો ન ભરવાનું પગલું ભરી બેસે છે. સમાજ તેમની નિષ્ફળતાની ઠેકડી ઉડાવશે તે બીકે ક્યારેક પોતાની જાત ઉપર અત્યાચાર આચરે છે.

નાની ઉંમરની ટચૂકડી સિદ્ધિને ગાઈ-વગાડીને મહાન પ્રાપ્તિમાં ફેરવી દેવામાં આવે તો તે વ્યક્તિ પોતાની શક્તિઓ વિશે અત્યંત ઊંચો અભિપ્રાય ધરાવતો થઈ જાય છે. દરેક સ્પર્ધામાં તે માત્ર અને માત્ર પહેલા ક્રમે જ રહેવો જોઈએ તેવી ગ્રંથિઓનો શિકાર બની જાય છે. યુવાન થતાં સુધીમાં તો તે ગુરુતાગ્રંથિનો સંપૂર્ણપણે શિકાર બની ચૂક્યો હોય છે. મિત્ર વર્તુળમાં પણ તે ગર્વિષ્ઠ સાબિત થઈ જાય છે. તેની સાથે મૈત્રી કરવાથી લોકો અળગા રહે છે. ધીમે ધીમે તે એકલો પડી જાય છે. એકાંત અને એકલતાને કારણે ગુરુતા ગ્રંથિમાંથી તે માનસિક ઉદાસીનતાનો શિકાર બની જાય છે.

માર્ચ-એપ્રિલ માસમાં પરીક્ષાઓનો માહોલ હોય છે. બજાર કે મંદિરમાં કોઈ પણ જાહેર સ્થળે પરીક્ષાની જ ચર્ચાઓ ચાલ્યા કરે છે. સૌ સંતાનોની સિદ્ધિઓના બણગા ફૂંકવામાં પાછું વાળીને જોતા નથી. બાળકો અને યુવાનોને એક યા બીજી રીતે વડીલોની અપેક્ષાઓની જાણ થઈ જાય છે. તેઓ પોતાની શક્તિઓથી સારી રીતે જાણકાર હોય છે. પરંતુ વડીલો સમક્ષ સ્પષ્ટ રજૂઆત કરવામાં સંકોચ અને બીકનો અનુભવ કરે છે. મનમાં ને મનમાં મુંઝાયા કરે છે. ઉપર જણાવ્યું તેમ એકલતા અનુભવતી આ વ્યક્તિ પાસે કોઈ સહારો ન રહેતાં તે જાણેઅજાણે આપઘાતના રસ્તે આગળ વધે છે. ત્યારબાદ મમ્મી-પપ્પાને પોતાની ભૂલો સમજાય છે. પરંતુ ત્યાં સુધીમાં તો ટ્રેને પ્લૅટફૉર્મ છોડી દીધું હોય છે અને ન થવાનું થઈ ચૂક્યું હોય છે. પરંતુ ફરવાનો રસ્તો બંધ થઈ ચૂક્યો હોય છે. સમગ્ર જીવન દરમિયાન પસ્તાવાના આસું સારવા સિવાય કાંઈ બાકી રહેતું નથી.

"આપણામાં આપણે ના હોઈએ,
તો પછી શું કામ દર્પણ જોઈએ ?
જો પીડા વાવો તો બીજું શું મળે ?
ઊગશે તો એ જ ને જે બોઈએ !"

— રવીન્દ્ર પારેખ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઉત્તમ પરિસ્થિતિ તો એ છે કે નાનકડી સફળતાની અમર્યાદ જાહેરાત કરવાથી દૂર રહેવામાં ડહાપણ છે. સફળતાનો આનંદ થાય તે સ્વાભાવિક છે પરંતુ તેની પ્રસિદ્ધિ બાબતે વિનય-વિવેક જળવાય તે આવશ્યક છે. સફળતા બદલ અભિનંદન જરૂર આપવા પરંતુ તેનો વરસાદ વરસાવવાથી દૂર રહેવાનું. મિત્ર વર્તુળમાં જાણ કરવાની પરંતુ તેની ઉજવણી કરી મોટી પાર્ટી આપતા પહેલાં પૂરતું વિચારવું જોઈએ. ડી.પી. બનાવી કે ફેસબુક ઉપર ફોટો મૂકી લાઈક્સની લાઈનમાં ઊભા રહેવામાં સહેજ પણ શાણપણ નથી. નાનકડી સિદ્ધિને પણ સ્વજનો અને મિત્રો 'અદ્‌ભુત, અકલ્પનીય અને અનોખી કે આગવી' જેવા વિશેષણોથી નવાજી દેતાં નાનકડા બાળ માનસમાં પોતાના વિશે ખૂબ ઊંચી ધારણાઓ બંધાઈ જશે. મિત્રો કે સ્વજનો સારું લગાડવા અતિશયોક્તિપૂર્વક પ્રત્યુત્તર પાઠવવામાં પાછું વળીને જોતા નથી. 'બાળક કે વ્યક્તિને ચણાના ઝાડ ઉપર ચઢાવી દેશે' અને પછી પડશે ત્યારે હાંસી ઉડાવશે. પ્રત્યિક સિદ્ધિને સંયમપૂર્વક પ્રોત્સાહન જરૂરથી આપવું પણ સમજી-વિચારીને.

જીવવની જીવવાની સાચી રીતે એ છે કે દરેક પરિસ્થિતિમાં તટસ્થતાપૂર્વક વિચારવું. આવેગમાં આવી જવાથી ફાયદા કરતાં નુકસાન વધુ છે. જેને જેટલું મહત્ત્વ આપવાનું છે તેટલું જરૂર આપવું. પરંતુ તેનાથી ખૂબ વધુ કે ખૂબ ઓછું નહીં. લાયકાત પ્રમાણેનું જીવન જ સુખ બક્ષે છે. તેનાથી ઘણું વિશેષ કે ઓછું દુઃખને નોતરે છે. બાળકો કે યુવાનોમાં આ પરિપક્વતા ન હોય તે સમજી શકાય પરંતુ વયસ્કોમાં તો હોય ને ? હોવી જ જોઈએ ને ?

**આચમન:**

**લોભ**

**"કચરામાંથી જેને અનાયાસે હીરો મળી જાય,
એવા લોકો બીજા હીરાની શોધમાં જિંદગીભર
કચરો ફેંદતા રહે છે !"**

**– મદનકુમાર અંજારિયા 'ખ્યાલ'**



આવું નિરભ્ર હશે. મુક્તિની ઉપાસના માટેની વિદ્યાનો આ સૂક્ષ્મ અર્થ છે.

મનુષ્યનાં બંધનો કેવળ બાહ્ય નથી. જેમ કે ગરીબી, અજ્ઞાનતા, વિકૃત રાજ્ય રચના, ભ્રષ્ટ સમાજરચના એ પ્રથમ નજરે બાહ્ય બંધનો લાગે છે, પરંતુ એના મૂળમાં મનુષ્યનાં ભીતરનાં આવિદ્યાનાં તત્ત્વો છે.

એટલે કે મનુષ્ય પોતાનાં આંતરિક બંધનોથી બંધાયેલો હોય છે. એ એવાં બંધનો છે જે ટેવરૂપ બની ગયાં હોય છે, વલણોરૂપે સ્થિર થયાં હોય છે, માન્યતારૂપે દઢ થયાં હોય છે. એટલે એ સાચાં લાગે છે. એને બદલવાનું ગમતું નાથી. આ એવાં બંધનો છે જેની વિકૃતિઓ નવાં નવાં બંધનો જન્માવે છે. કરુણતા એ છે કે આવાં બંધનો અંગે મનુષ્ય અનેકવાર અજાણ હોય છે.

ભારતીઓ અંગ્રેજોની ગુલામીમાંથી તો મુક્ત થયા છે, પરંતુ લોભ, ઈર્ષા અને અહંકારની ગુલામીમાંથી મુક્ત ન થયા એટલે ચોતરફ ભ્રષ્ટાચાર, જૂઠાણું, અયોગ્ય પ્રલોભનો અને અનુચિત વ્યવહારો મહાલતાં દેખાય છે. એની ગુલામીમાંથી મુક્ત થવાનું હજુ બાકી છે. એટલે વિદ્યાએ આજીવિકા પ્રાપ્ત કરવાની ક્ષમતા અને સમજણ બંને આપવાનાં છે.

આ માટેની દૃષ્ટિ, ક્ષમતા અને દઢતા આપે તે વિદ્યા મુક્તિદાતા છે. બાકીનું સૌ ઉપલક છે, તત્કાલીન છે, સ્થૂળ છે અને નવાં બંધનોમાં બાંધનારું છે. એ નજરે નવી ટેક્નોલોજી, માહિતી પ્રસારનાં માધ્યમો, ગતિ માટેના મોહને પારખવા જેવાં છે.

એટલે વિદ્યામાં પસંદગી હોય, શ્રેય-પ્રેયનો વિવેક હોય, સ્વ અને સર્વનો દૃષ્ટિવ્યાપ હોય તથા બાહ્ય અને આંતરિક વચ્ચે સમતુલા હોય એ અનિવાર્ય છે. આવી વિદ્યાની ઉપાસનાની અનિવાર્યતા દરેક કાળે રહેવાની, દરેક રાષ્ટ્રમાં, રહેવાની દરેક મનુષ્ય રહેવાની. એટલે 'સા વિદ્યા યા વિમુક્તયે' મંત્ર કાયમ પ્રેરણાદાયી રહેવાનો.

# ગાંધી અને આપણે

પ્રો. જે. ડી. સેઠી

(પ્રો. જે. ડી. સેઠી - ગઈ પેઢીના જાણીતા અર્થશાસ્ત્રી અને ગાંધીવિચારના પ્રખર વિદ્વાન - દ્વારા ઑલ ઇન્ડિયા રેડિયો પર ૧૯૭૯માં અપાયેલા પટેલ મેમોરિયલ લેક્ચરના કેટલાક અંશો)

એમના મૃત્યુનાં ત્રીસ વર્ષ પછી અને 'હિન્દ સ્વરાજ' લખ્યાનાં લગભગ સાઠ વર્ષ પછી, ગાંધી અચાનક માનવીય મૂલ્યોની વૈશ્વિક કટોકટી તથા વૈભવ અને ગરીબાઈ, સામાજિક સંબંધો અને અલગાવપણું જેવા કેટલાય વણઉકલ્યા વિરોધાભાસોના શક્ય ઉકેલ તરીકે ફરીથી ઊભરી રહ્યા છે.

ઈતિહાસની આ એક મોટી વિડંબના છે કે જ્યારે બાકીની દુનિયા ગાંધીની વિચારધારા અને મૂલ્યોને ગંભીરપણે તપાસી રહી છે, ત્યારે આપણે ભારતમાં હજી એક બાજુ એમનાં ગુણગાન ગાવામાં અને બીજી બાજુ એમના વિચારોની તોડ-મરોડની સ્વપીડક કસરતોમાં રચ્યાપચ્યા રહીએ છીએ પણ કોઈ પણ પયગમ્બરના શિરે પોતાના જ અનુયાયીઓ દ્વારા પોતાનું ભળતું જ અર્થઘટન થવાનું જોખમ હોય જ છે અને ગાંધી સાથે આ જ થયું છે. ઘણા લાંબા વખતથી ગાંધી આપણા માટે એક અસ્પૃશ્ય ભગવાન તરીકે સ્થપાયેલા છે. પરંતુ, કોઈ પણ દેશ પોતાના વીરનાયકોને બદલાયેલી પરિસ્થિતિઓ અને નવા પ્રશ્નોના પરિપ્રેક્ષ્યમાં ફરીથી તપાસે એથી દરિદ્ર થઈ જતો નથી. સમય આવી ગયો છે કે આપણે પણ આપણા નેતાઓ તરફની આપણી અર્થહીન ભાવનાભક્તિનો ત્યાગ કરીએ. હું તો એમ પણ સૂચવીશ કે આપણે ગાંધી તરફ એક ટીકાત્મક કે કદાચ થોડું બીનપૂજનીય વલણ દાખવવું જોઈએ. એમની રહસ્યમયતાને ભેદીને એમને સ્પષ્ટ રીતે સમજવા માટે આ જરૂરી છે. આપણા તારણહાર તરીકે એમને પૂરું સન્માન આપવાની સાથે સાથે આપણે હવે એમના વિચારોનું કઠોર, નિષ્પક્ષ અને તાર્કિક વિશ્લેષણ કરવાનું શરૂ કરવું જોઈએ. ગાંધીએ પણ કદાચ આપણે આમ કરીએ એવું ઈચ્છ્યું હોત. ગાંધીને વખાણની જરૂર નથી. એમને દંતકથારૂપ બનવામાંથી બચાવવાના છે. આ સહેલું કામ નથી.

ગાંધી, જીવનને સર્વાંગીપણે જોતા અને વિવિધ શાખાઓના અભ્યાસમાંથી તારવેલાં દૃષ્ટિબિંદુઓને એક જ એકીકૃત કાર્યશૈલીમાં વણતા, જોતરતા. નજીકના સમયમાં, કદાચ કાર્લ માર્ક્સના અપવાદ સિવાય કોઈએ પણ આવું ભગીરથ કાર્ય ઉપાડ્યું નથી. ગાંધીને આંશિક અને વિકૃત દૃષ્ટિથી જોતા વિશેષજ્ઞોને ગાંધીના સર્વાંગી દર્શને હંમેશાં મૂંઝવ્યા છે. એમને અરાજકતા વાદી ફિલસૂફ, પુરાણી કૃષિ સંસ્કૃતિમાં માનનાર અને ન્યૂનતમ જીવનધોરણના પ્રચારક, ટૅક્નૉલૉજી વિરોધી અને ધાર્મિક નેતા વગેરે પણ કહેવામાં આવ્યા છે. આમાંનો કોઈ અભિપ્રાય ગાંધીને ન્યાય કરતો નથી, કારણ કે કોઈ ખાનાંબદ્ધ સિદ્ધાંતીકરણ ગાંધીને યોગ્ય રીતે વર્ણવી શકે તેમ નથી. ગાંધીના ગંભીર વિશ્લેષકને મૂંઝવતી મહાનતમ મુશ્કેલી એ છે કે એમના વિષે કરવામાં આવેલું લગભગ દરેક વિધાન એ અર્ધસત્ય હોય છે અને અર્ધસત્યની મુશ્કેલી બાકીનું અર્ધસત્ય હોય છે. એક વધારાની મુશ્કેલી એ પણ છે કે ગાંધીના પોતાનાં વિધાનો પણ આંશિક સત્યો હોય છે અને એક વધુ મોટા સત્ય તરફ નવું ડગલું ભરવાના ઈરાદાથી કરાયેલા હોય છે. અર્ધસત્યો ગાંધીવિચારને વિકૃત કરે છે અને આંશિક સત્યો એમને સમજવા માટેનો એક પ્રબળ બૌદ્ધિક પુરુષાર્થ માગી લે છે.

ગાંધીના અભિગમનું સૌથી બળુકું તત્વ સિદ્ધાંત અને કર્મ વચ્ચેની એકતા હતું. એટલે જ, સિદ્ધાંતમાં એમ માનવામાં આવ્યું હોય કે માનસિક અને શારીરિક શ્રમ વચ્ચેનો તફાવત દૂર કરવો જોઈએ કે, કંઈ નહીં તો, ઓછો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કરવો જોઈએ, તો ગાંધી ચરખો ચલાવે છે. જો સત્ય અને અહિંસા મૂળભૂત સિદ્ધાંત હોય, તો આ સિદ્ધાંતને 'સત્યાગ્રહ' દ્વારા મૂર્ત સ્વરૂપ આપે છે. ભાઈચારો જો જાગતિક મૂલ્ય હોય તો અંત્યોદયને એ કર્મયોગમાં ઢાળે છે. જો સમાનતા અને સાદાઈ એ ગરીબીના ઉકેલ માટે વખાણવાલાયક સિદ્ધાંતો હોય તો એ ટૂંકી પોતડીને અપનાવી લે છે.

આપણે આજે આવી રહનસહનનું પુનરાવર્તન કરવાનું નથી. આપણે એ સમજવાનું છે કે ગાંધી કેવી રીતે વિચાર અને આચારને એકબીજાની નજીક લાવ્યા, એટલું જ નહીં પણ એ પણ દર્શાવ્યું કે યોગ્ય આચાર વિના યોગ્ય વિચાર હોઈ જ ન શકે. વીસમી (હવે એકવીસમી) સદીનો દંભ અને બૌદ્ધિક નિરાશાવાદ, જ્યારે વિચારો અને સિદ્ધાંતો સ્પષ્ટ હોય ત્યારે પણ એક પ્રકારની આચારની લાચારી છતી કરે છે. ગાંધીએ શબ્દ અને કર્મ વચ્ચેનું ક્રાંતિકારી સંશ્લેષણ પૂરું પાડ્યું.

આ વાત અનન્ય અને અભૂતપૂર્વ હતી. અત્યારે જ્યારે મૂડીવાદી અને સામ્યવાદી, બંને પ્રકારના દેશોમાં મોટા પાયે ધર્મ તરફ વાપસી થઈ રહી છે, જે હકીકતમાં માનવનાં દુઃખ અને એકલતાની દ્યોતક છે, ત્યારે ગાંધીવિચારની ધાર્મિક માન્યતાઓનું નૈતિક મૂલ્યોમાં થતું રૂપાંતરણ વધારે પ્રસ્તુત બને છે. જો ધર્મને ફરી એક વાર પ્રત્યાઘાત અને આતંક પાછળના ઈંધણ તરીકે વિકસવા ન દેવો હોય તો આ અત્યંત જરૂરી છે. ધર્મ તરફ વાપસીનું વધતું આકર્ષણ એ સામ્યવાદી દેશોમાં મહદ્ અંશે નૈતિક રાજકીય વ્યવસ્થાના અભાવનો તો મૂડીવાદી દેશોના બીભત્સ ભોગવાદ અથવા કાયમી ગરીબીની પ્રત્યાઘાત છે.

ગાંધી વિજ્ઞાન, ધર્મ અને સમાજનું, એક પરસ્પર ગુંથાયેલી સમસ્યા તરીકે આકલન કરે છે. સદીઓ જતાં, દરેકનું બીજા સાથેનું અંતર વધ્યું છે, જે ઘણા સરળીકૃત સિદ્ધાંતો અને ફિલસૂફીઓને જન્મ આપે છે. વ્યવહારમાં, માનવ અને સમાજનું વિઘટન આ ત્રણે વિષયો વચ્ચેના વધતા અંતરને કારણે છે, જે કેવળ મનુષ્યની સમજણ અને અનુભવ પર જ પ્રભાવ નથી પાડતું, પણ એના કોઈ પણ કટોકટી કે દબાણ તરફના પ્રતિભાવ પર પણ અસર કરે છે.

આ હાલત સામે, ગાંધીનો જવાબ એ હતો કે આ ત્રણે વિષયને અલાયદા કરી શકાય તેમ છે જ નહીં. અત્યાર સુધી, કેવળ એક પડદાને કારણે જાણે આ ત્રણે અલાયદા દેખાતા હતા, જે હવે તૂટી રહ્યો છે. આ બધા વચ્ચે ઉત્ક્રાંતિ અને સત્યની શોધ એક સામાન્ય ઘટક હતો. વિજ્ઞાને પ્રાકૃતિક ઘટનાઓ સામે માનવને અતિ શક્તિશાળી બનાવ્યો અને એક પ્રકારના સત્યની શોધ કરી. માનવના માનવ સાથેના સંબંધો એ સત્યની શોધનો બીજો માર્ગ હતો, અને ઈશ્વરનો ડર હટાવીને દિવ્યતા માટેની એની પોતાના અંતઃકરણમાં શોધ એને માટે સત્યને પામવાનો ત્રીજો માર્ગ બની રહ્યો.

સત્યને જ ઈશ્વર તરીકે વ્યાખ્યાયિત કરીને ગાંધીએ હકીકતમાં તો ઈશ્વર અને વિજ્ઞાન બંનેને એક ખાનામાં મૂકી દીધા. માનવજાત ધર્મને ફગાવી દઈ શકી નહીં, કારણ કે ભૌતિકવાદ અને ભૌતિકવાદી ફિલસૂફીઓ મૂલ્યો અને આધ્યાત્મિક ખોજને લગતા પ્રશ્નોના ઉત્તર આપવામાં નિષ્ફળ નીવડી. ગાંધીએ માનવમાં રહેલા આ દ્વંદ્વને ઉકેલવાનો પરિશ્રમ આદર્યો અને બધા ધર્મોને એમની સર્વસામાન્ય ચિંતા - માનવ અને એની મૂલ્યવ્યવસ્થા ના આધાર પર સ્થાપિત કર્યા. જડ માન્યતાઓ અને કર્મકાંડોના આવરણોને હટાવીને જોતાં બધા ધર્મોમાં આ એક જ વાત ઊપસી આવે છે, એ આથી ઉજાગર થયું. મને આગાહી કરવાની લાલચ થાય છે કે આવનારા સમયમાં ગાંધીનો આ અભિગમ માન્યતા પામશે અને વૈશ્વિક સ્વીકાર મેળવશે. કારણ કે ધર્મના બે મોટા વિરોધાભાસો - એક તરફ માનવની લાચારી અને બિનતાર્કિકતાની અભિવ્યક્તિ તરીકે ધર્મ, અને બીજી તરફ મૂલ્યોની શોધ અને આધ્યાત્મિક આયામને પ્રતિબિંબિત કરતો ધર્મનું સામાધાન કેવળ ગાંધીનો આ અભિગમ જ આપી શકશે.

ગાંધીનું યંત્ર, ટેક્નૉલૉજી અને વિજ્ઞાન પ્રત્યેનું વલણ ઘણી ગેરસમજૂતીનો ભોગ બનેલું છે. ગરીબીનું નિર્મૂલન એ એમની પ્રથમ ચિંતા હતી. એમણે લખ્યું છે, "જો હિંદુસ્તાનની ગરીબી અને એમાંથી ઉદ્‌ભવતી આળસ દૂર

કરી શકાતી હોય તો હું ગમે તેટલા મોટા મશીનોના ઉપયોગની પણ તરફેણ કરીશ.'' હું ટૅક્નૉલૉજીની તરફેણમાં ગાંધીજી દ્વારા અપાયેલા કેટલાય દાખલા અને વિધાનો ટાંકી શકું તેમ છું. એ જોશપૂર્વક જેની વિરુદ્ધ હતા તે તો દુનિયા ટૅક્નૉલૉજીની જે અનિવાર્યતામાં સરી પડી છે તે હતું. ટૅક્નૉલૉજી અને વિજ્ઞાનના ઉપયોગની દિશાની બાબતમાં કેટલાંક ધોરણો જળવાય એ માટે એમણે ભારપૂર્વક આગ્રહ રાખ્યો. જે ટૅક્નૉલૉજી માનવો વચ્ચે અને રાષ્ટ્રો વચ્ચે અસમતુલા પેદા કરે, માનવીને જ અમાનવીય બનાવી દે કે એને એના કામથી કે બીજા સહકર્મીઓથી દૂર કરી દે અથવા બેકારીને જન્મ આપે એવી ટૅક્નૉલૉજી એમને મંજૂર નહોતી. એકથી વધારે વાર ગાંધીએ જાહેર કર્યું છે કે માનવીને માથેથી ભાર દૂર કરે તેવી ટૅક્નૉલૉજી એક સારું આરંભબિંદુ છે, પરંતુ ત્યાં જ અટકી જઈ શકાય નહીં.

ટૅક્નૉલૉજીની વિધાયક ભૂમિકા, ખાસ કરીને છેલ્લી સદીમાં ખરે જ અસામાન્ય રહી છે. માનવને એણે કુદરતનાં વિનાશકારી પરિબળોના ભયમાંથી મુક્તિ અપાવી છે અને એની બધી જરૂરિયાતોને સંતોષવાનું શક્ય બનાવ્યું છે, અને એ રીતે એનો ગરીબી અને વંચિતતાનો ભય દૂર કર્યો છે. પણ બીજી બાજુ, પસંદગીઓને બહોળી બનાવવાની સાથે ટૅક્નૉલૉજી માનવની પસંદ કરવાની ક્ષમતા અને મોકળાશ ઘટાડે છે, જેના પાયામાં માનવ અને યંત્ર વચ્ચેની અસમતુલા રહેલી છે. કુદરતને લૂંટીને અને એનો નાશ કરીને ટૅક્નૉલૉજી ફરી એક વાર માનવ અને કુદરત વચ્ચે સંઘર્ષની સ્થિતિ પેદા કરી રહી છે. વિશ્વદર્શનની એક શક્યતા ઊભી કરવાની સાથે તે માનવના તેની જાતના દર્શનને વિકૃત કરી રહી છે. થોડા હાથોમાં એની લગામ હોવી એ હકીકત માનવ સમસ્યાઓના સમાધાન સામે અવરોધ બને છે. ટૅક્નૉલૉજી કૃત્રિમ સંસ્કૃતિનું સર્જન કરે છે અને અમુક લોકોનું એક જૂથ કેટલાંક મનો-વિશ્લેષણાત્મક સાધનો દ્વારા બીજા ઉપર ભયજનક કાબૂ ધરાવે એવી શક્યતા પેદા કરે છે. સાથે જ તે માનવીય સ્વાતંત્ર્યનો નાશ કરે તેવાં સાધનો પણ હાથવગાં કરી આપે છે. ગાંધીના ટૅક્નૉલૉજી બાબતે નકારાત્મક વિચારો કેટલાક ખાસ પ્રશ્નોને કારણે ઉદ્ભવેલાં છે, જેવા કે મુઠ્ઠીભર દેશો દ્વારા ટૅક્નૉલૉજી પર સંપૂર્ણ કાબૂ ધરાવવો અને એના પાયા ઉપર સામ્રાજ્યવાદ કે મૂડીવાદ કે એવા કોઈ જડબેસલાક તંત્ર દ્વારા એક અનૈતિક અને અન્યાયપૂર્ણ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને લાગુ કરવી. એમણે એવી બધી ટૅક્નૉલૉજીનો સંપૂર્ણ વિરોધ કર્યો જે એક ગરીબ દેશના હયાત ટૅક્નૉલૉજિકલ પાયાનો નાશ કરે, પરંતુ બીજા વૈકલ્પિક અંતર્જાત આધારના સર્જનની શક્યતા જ ધૂળ ભેગી કરી નાખે. સૌથી વધારે તો, ગાંધી એવી ટૅક્નૉલૉજીની વિરુદ્ધ હતા, જે તંત્રજ્ઞો અને વૈજ્ઞાનિકો દ્વારા થઈ રહેલા સ્વાશ્રય, ગૌરવ અને આત્મસન્માનની ભાવનાને નુકસાન કરે તેવાં મૂલ્યોના ફેલાવાને માન્યતા આપે.

લાંબા સમય પહેલાં, જ્યૉર્જ ઓરવેલે એની અવિસ્મરણીય નવલકથા-૧૯૮૪માં વીસમી સદીના પડકારોને દર્શાવ્યા હતા. ઓરવેલે પાશ્ચાત્ય દુનિયાને એમાં એક ગંભીર કલ્પનારૂપે આપેલી ચેતવણી ખરેખર સચોટ આગાહી બની છે. ઝૂંટવી લેવાની માનસિકતા, રાજકીય ઉન્માદ અને બેકાબૂ આતંકવાદે દુનિયાને ગ્રસી લીધા છે. '૧૯૮૪'માં વર્ણવેલ દુનિયા અને આધુનિક સમાજ વચ્ચે સમાંતરતા સ્પષ્ટ રીતે કળી શકાય છે. નિષ્ણાતોની આખી ટીમો ભવિષ્યના યુદ્ધોના સાજ-સરંજામનું આયોજન કરી રહી છે. મારા મતે '૧૯૮૪'નો એક માત્ર ઉત્તર ગાંધી છે.

આ ભાષણની શરૂઆતમાં મેં એ હકીકત તરફ ધ્યાન દોર્યું હતું કે એક જાતની મૂલ્યહીનતા આખી દુનિયામાં ફેલાઈ રહી છે, ખાસ કરીને ભારતમાં; મેં એમ પણ કહ્યું હતું કે ભારતમાં સત્તાધીશોના અને ખાસ કરીને બૌદ્ધિકોના અગ્રવર્ગે ગાંધીવિચાર, મૂલ્યો અને કાર્યશૈલીનું વિશ્લેષણ કરવાની દરકાર કરી નથી. સાંપ્રત પડકારોના ઉકેલ આપવામાં જ્યારે મોટા ભાગની વિચારધારાઓ અને વ્યવસ્થાઓ નિષ્ફળ ગઈ છે ત્યારે ગાંધી તરફ ફરી નજર કરવી અતિઆવશ્યક બની ગયું છે. આપણે ગાંધીની વધુ પૂજા નહીં કરીએ તો ચાલશે. જે જરૂરી છે તે એ કે આપણે એમના વિચારનું તલસ્પર્શી અને પ્રામાણિક વિશ્લેષણ કરીએ.

# "એલિયન હંટર"


ડૉ. હિતેષ બી. શાહ

શ્રવણ ઈ.એન.ટી. હૉસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે,
સુખનાથપરા રોડ, અમરેલી. મો. : ૯૮૭૯૩૨૩૪૭૮




**પાત્રો :**
**એલિયન-૧, એલિયન-૨, રાજુ,**
**રિઝવાન, રોબિન, ટીચર, પ્રિન્સિપાલ**

**દૃશ્ય - ૧**

*(મધ્યરાત્રિનો સમય આકાશમાંથી ઊડતી રકાબી (ગિરનારના) પહાડ પર ઊતરે છે. તેમાંથી બે વિચિત્ર પરગ્રહવાસી (એલિયન) નીચે ઊતરે છે.)*

**એલિયન - ૧:** બોસ *(માલિક)* આ પથ્વી નામનો ગ્રહ બ્રાંડનો સાથી સુંદર ગ્રહ છે.

**એલિયન - ૨:** એમ ? એવું શું છે અહિયાં ?

**એલિયન - ૧:** અહ સુંદર પર્વતો, વન, નદી, ઝરણાં, સાગર, પંખી, પ્રાણી અને મનુષ્યો રહે છે. આ એક જીવંત ગ્રહ છે. અહ મનુષ્ય નામના પ્રાણીએ આસપાસની બધી જ સ િપર કબ્જો જમાયો છે.

**એલિયન - ૨:** અચ્છા.... એટલે આપણે મનુષ્યને વશમાં કરી આ સિનો વિનાશ કરી સમગ્ર બ્રાંડમાં આપણું આધિપત્ય સ્થાપી શકીશું ?

**એલિયન - ૧:** હા, માલિક... પણ એ કરીશું કઈ રીતે ? ચારપાંચ મોટા દેશોને વડાઓને પકડી લઈએ ? કે પછી ચારેબાજુ આપણા લેસર શ ોનો મારો ચલાવીએ ?

**એલિયન - ૨:** ના...ના... એના માટે તો આ નાનકડી કપ્યૂટર ગેમ જ પૂરતી છે. તું આ સૉટવૅર ન્ટરનેટ પર પલબ્ધ કરાવી દે.... બાકીનું કામ એ પોતે કરશે. મનુષ્ય તેની કુટેવોથી જ આપણા ગુલામ થઈ જશે...હા...હા..હા.. *(બંને હસે છે.)*

**દૃશ્ય - ૨**

*(અંગ્રેજી માધ્યમની સ્કૂલની રિસેસ)*

**રાજુ:** રોબિન, તુ ટેબ્લેટમાં નવી ગેઈમ એલિયન હંટર રમે છે કે નહિ ? મને તો બહુ મજા આવે છે.

**રોબિન:** હા યાર, આ નવી આવેલી ગેઈમ તો બધાને ખૂબ ગમે છે. *(અચાનક રિઝવાન આવી ચડે છે.)*

**રિઝવાન:** હું તો લેવલ પાંચ પર રમું છું.

**રાજુ:** અરે રિઝવાન... તું તો ગ્રેટ છે. મારે હજી પાંચમું લેવલ બાકી છે, પણ જો જે આવતીકાલે હું આવીશ ત્યારે બધા જ લેવલ પુરા કરીને આવીશ.

*(અચાનક ક્લાસ ટીચર ત્યાં આવે છે.)*

**ટીચર:** રાજુ, રોબિન, રિઝવાન.... કેમ શાંતિથી બો છો ? રિસેસમાં રમવું નથી ?

**રિઝવાન:** કોણ રમે છે સર ? આ જુઓ પાછળ છોકરો પિલર (થાંભલા) ની પાછળ ટેબ્લેટમાં કોઈ ગેમ રમે છે. કદાચ એલિયન હંટર જ હશે. (ટીચર ચારેબાજુ નજર દોડાવે છે.) લગભગ બધા જ છોકરા શાંતિથી બો બો વાતો કે નાસ્તો કરે છે. કોઈ રમતું નથી. થોડાંક છોકરા પોતાના મોબાઈલ ને ટેબ્લેટમાં ગેમ રમી રાાં છે.)

**ટીચર (સ્વગત):** શું થયું છે આ નવી પેીને ? ઘણાં સમયથી હું આવું જ જોઈ રાો છું. મેદાની રમતોમાં કોઈને રસ જ નથી બધા જ બાળકો ટીવી ને વીડિયોગેમના નશામાં જ ડૂબેલા રહે છે. ચાલ, પ્રિન્સિપાલ સાહેબને વાત કરી જો.

**દૃશ્ય - 3**

(પ્રિન્સિપાલ સાહેબની ચેબર...)

**ટીચર:** *(દરવાજો ખોલતા)* સર...

**પ્રિન્સિપાલ:** *(ફોન મૂકતાં)* શું થયું.... Don't worry:

Be Happy....

- **ટીચર:** સર, મને ચિંતા થાય છે.
- **પ્રિન્સિપાલ:** શેની ? Worry is a mother of sorrow.
- **ટીચર:** આ સ્કૂલના વિદ્યાર્થીઓ જુઓને ? લગભગ કોઈ જ સ્ટુડન્ટ આઉટડોર ઍક્ટિવિટીમાં રસ ધરાવતો નથી.
- **પ્રિન્સિપાલ:** હા એ તો છે... હમણાં જ એક પેરેન્ટસ *(વાલી)* નો ફોન હતો કે મારો દીકરો બહુ ચીડિયો થઈ ગયો છે. વાત વાતમાં ગુસ્સો કરે છે. અમે તેને ગમે તે કહીએ, છેલ્લે એ પોતાની વાત તો મૂકે જ. જાણે કે હારવું તેને પસંદ ન હોય.
- **ટીચર:** સર... આ સ્ટુડન્ટ ધીમે-ધીમે સ્થૂળ થતાં જાય છે... *(વચ્ચેથી અટકાવતા...)*
- **પ્રિન્સિપાલ:** તમે એલિયન હંટર ગેમ વિશે શું જાણો છો ?
- **ટીચર:** કેમ ?
- **પ્રિન્સિપાલ:** હમણાં....હમણાંથી લગભગ બધા જ વાલીઓની ફરિયાદ છે કે અમારો છોકરો કે છોકરી ગેમ ખૂબ રમે છે. અમારું માનતા પણ નથી.
- **ટીચર:** ઓ.કે. સર... હું તપાસ કરું છું.... મારો એક મિત્ર બેંગ્લોરમાં સૉફ્ટવૅર એન્જિનિયર છે એને જ પૂછી જોઉં છું.

  *(ટીચર પોતાના મોબાઈલ દ્વારા ફોન લગાડે છે.)*

  ફોનમાં વાત કરે છે હલો...ડીયર... હાઉ આર યુ... ફાઈન... એક કામ હતું... એલિયન હંટર શું ?... ઓ... કે... બાય...
- **ટીચર:** સર....તેમણે પણ હાથ ઊંચા કરી દીધા છે. કહે છે કે બીજી સ્કૂલોમાંથી પણ આ ફરિયાદ આવે છે. એક અજબ-ગજબ પ્રકારનો વાઈરસ છે. હજી સુધી અમે પણ આનો ઍન્ટિવાઈરસ શોધી શક્યા નથી.
- **પ્રિન્સિપાલ:** *(થોડુંક વિચારીને...)*

Science is a Religion...Religion is a Science....

*(ટીચર ચપટી વગાડતા જાણે કંઈ સુઝ્યું હોય)*

- **ટીચર:** સર, એક આઈડિયા છે.
- **પ્રિન્સિપાલ:** શું ?
- **ટીચર:** પ્રિન્સિપાલના કાનમાં કંઈક કહે છે.

## દૃશ્ય - ૪

*(સ્કૂલનું મેદાન બધા જ વિદ્યાર્થીઓ પોતાના ટેબ્લેટ, લેપટૉપ લઈને આવી ગયા છે. પ્રિન્સિપાલ ઘોષણા કરે તેની રાહ જોવે છે.)*

- **પ્રિન્સિપાલ:** *(માઈકમાં બોલતા, સ્ટેજ પર)* મારા વ્હાલા ભગવાનના સંતાનો, દરેક ધર્મ મનુષ્યની ઉન્નતિ માટે બન્યો છે. અમે ભલે કોઈ એક ધર્મમાં માનતા હોઈએ પરંતુ આ સ્કૂલનો દરેક વિદ્યાર્થી પોતાપોતાનો ધર્મ પાળવા માટે સ્વતંત્ર છે. આજે આપણે 'એલિયન હંટર' ગેમની કૉમ્પિટીશન માટે ભેગા થયા છીએ.

  *હે....(ટોળું...)*
- **પ્રિન્સિપાલ:** શાંત રહો.... શાંત રહો... પરંતુ એ પહેલાં દરેકે પોતપોતાના ટેબ્લેટ કે લેપટૉપમાં હું કહું તેમ કરવાનું છે.

  *"શું ???" (ટોળું)*
- **પ્રિન્સિપાલ:** જે છોકરો કે છોકરી હિન્દુ હોય તે ૨૧ વખત ગાયત્રીમંત્ર, જે મુસ્લિમ હોય તે ૨૧ વખત દુરુદશરીફ ને જે ક્રિશ્ચયન હોય તે ૨૧ વખત ગીતશાસ્ત્રનું ચૅપ્ટર-૨૩ ટાઈપ કરે....

  યોર ટાઈમ સ્ટાર્ટ નાઉ....

*(બધા વિદ્યાર્થીઓ ટાઈપ કરવા લાગે છે થોડીવાર પછી)*

- **રાજુ:** અરે આ શું...? મારા ટેબ્લેટમાંથી ગેમ ગાયબ થઈ ગઈ ?
- **રિઝવાન:** ને મારામાંથી પણ...
- **રોબિન:** અરે હા... ગેમ તો ઑટોમૅટિક ડિલીટ થઈ ગઈ ?
- **ટીચર:** ફાધર આપણે સફળ થયા...

*(ફાધર હસે છે.)*

***વિદ્યાર્થીઓ બધા સ્તબ્ધ થઈ જાય છે.***


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## ફાજલભાઈ 'ફાજલ' ન હોઈ શકે

ડૉ. વિનોદ માંગુકિયા

સૌરાષ્ટ્રના સોનગઢથી ભાવનગર જતાં શિહોર આવે. શિહોર ગામની પહેલા વળાવડ નામના ખોબા જેવડા ગામે આજકાલ શિક્ષણની નૂતન જ્યોત પ્રગટી રહી છે તેથી આ ગામ પ્રકાશમાં આવી રહ્યું છે. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા લોકશાળાના પૂર્વ શિક્ષક અને આચાર્યશ્રી રઘુભાઈ પટેલે મને કહ્યું, "ભાવનગર જતાં વળાવડ ગામ પાસે હાઈ-વે ઉપર એક સરસ સંસ્થા નિર્માણ પામી રહી છે, ચાલો ત્યાં શ્રી ફાજલભાઈને મળતા જઈએ. "અમે ઉપડ્યા. હાઈવેને અડીને જ પંદર-વીસ વીઘા જમીન ઉપર એક કન્યા છાત્રાલય અને એક સરસ મજાનું કન્યા વિદ્યાલય આકાર લઈ રહ્યું છે. સુંદર મઝાનું સ્કૂલ બિલ્ડીંગ અને સા વિદ્યાયુક્ત છાત્રાલય મનને ગમી જાય તેવા છે, કોઈપણ જ્ઞાતિની બાળાઓને અહીં પ્રવેશ અપાય છે. અહીં જ છાત્રાલય હોવાથી રહેવા-જમવાની પર્યાપ્ત સુવિધા ઉભી થઈ છે. કેમ્પસ નાનો છે પણ સ્વચ્છ અને સુઘડ છે, લીમડા અને બીજાં ઝાડ વાવી દીધા છે અને ઝડપથી વિકસી રહ્યાં છે. થોડી ગીર ઓલાદની ગાયો પણ રાખી છે. જેના દૂધ દહીં અને છાશ બાળાઓને ભોજનમાં અપાય છે.

અમે શ્રી ફાજલભાઈને મળ્યાં ફાજલભાઈ આ સંસ્થાના નિયામક ગણો તો નિયામક, કેમ્પસ ડાયરેક્ટર ગણો તો તે અને સંચાલક ગણઓ તો સંચાલક પણ તેમણે આંબલા પ્રાથમિક શાળામાંથી વયમર્યાદાને લીધે નિવૃત્તિ લીધી કે તરત જ અહીં ધૂણી ધખાવીને બેઠા છે.

અમે મળ્યા કે તરત જ જૂના સ્મરણો તાજાં થયાં. હું ઈ.સ. ૧૯૬૦માં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા લોકશાળામાં દાખલ થયો ત્યારે સંસ્થાની પ્રાથમિક શાળામાં શ્રી ફાજલભાઈ શિક્ષક તરીકે જોડાયા હતા. ફાજલભાઈ ચૌહાણ જ્ઞાતિએ મુસ્લિમ તેમના પિતા શ્રી વલીભાઈ ચૌહાણ ગારીધાર તાલુકાના સમઢિયાળા ગામે પ્રાથમિક શાળાના શિક્ષક હતા. શ્રી વલીભાઈ ગામના સન્માનનીય વ્યક્તિ હતા. આખું ગામ એમનો આદર કરતું. ગામ લોકો મુંજાય ત્યારે એમની સલાહ લેતા. શ્રી વલીભાઈ આઝાદીના રંગે રંગાયેલા ગાંધીવાદી શિક્ષક. તેમણે તેમના બધા જ બાળકોને શિક્ષણ આપ્યું અને એમના સંતાનો શિક્ષકો બન્યા. એમાંના એક તે ફાજલભાઈ.

શ્રી ફાજલભાઈ ઉપર શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોલી, શ્રી મુળશંકરભાઈ ભટ્ટ અને શ્રી નટવરલાલ બુચનો પ્રભાવ પડ્યો. શ્રી અનિલભાઈ ભટ્ટના માર્ગદર્શન નીચે શ્રી ફાજલભાઈ અને શ્રી છગનભાઈ તથા અન્ય શિક્ષકોએ આંબલા સંસ્થાની શાળાને ગુજરાતની એક આદર્શ શાળા હતી. આંબલાની આ શાળાનો પ્રાયોગીક શાળા તરીકે પણ અહીં સુંદર મઝાનું છાત્રાલય પણ સુઘડ અને સાદા મકાનોથી શોભતી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ સતત કાર્યરત ચારે તરફ આંબા, ચીકુ, બોરસલી, લીમડા, પીપળના વૃક્ષોના છાયાંઓમાં નાનાં બાળકો હોય કે રમતાં હોય કે શ્રમ કરતાં હોય કે પ્રવૃત્તિ કરતાં હોય એ દશ્ય અમે હંમેશા શ્રી ફાજલભાઈએ નાના-નાના ભૂલકાંઓ જે સૂઝ, પ્રેમ અને સમજથી કામ લીધું તે ન બન્યું. શ્રી અનિલભાઈ ભટ્ટ અને અન્ય એક વાર વિચાર્યું કે 'આપણી શાળામાં ઉભા કરીએ.' કોઈ શહેરની શાળાના બાળકો પણ ન કરી શકે એવું કાર્ય તેઓએ કર્યું. શાળાના બાળકો અને કાર્યકરો શિક્ષકો જાતે એને સૂકવીને જાતે મકાન ચણ્યા અને માટીથી લીંપણ કરી વર્ગખંડ બનાવ્યા. તેઓએ જાતે ઉભા કરેલા આ વર્ગખંડો દર્શનીય છે.

ઈ.સ. ૧૯૬૫માં આપણા રાષ્ટ્રપતિ ઝાકિર હુસેને લોકભારતી સંસ્થાની મુલાકાત વખતે આંબલાની પ્રાથમિક

શાળાની પણ મુલાકાત લીધી. શ્રી ફાજલભાઈ અને અન્ય શિક્ષકોની પ્રત્યક્ષી કેળવણી આપવાની પધ્ધતિ જોઈને તેમણે અનુભવી. તેમણે કહ્યું કે 'હું ઘણાં વખતથી રચનાત્મક કાર્ય કરતી શાળા જોવા ઈચ્છતો હતો મેં અહીં જોઈ. શ્રી ફાજલભાઈ અને અન્ય માટે આ મોટે એવોર્ડ હતો. રાષ્ટ્રપતિશ્રીએ ફાજલભાઈના કાર્યને બિરદાવ્યું એને તેઓ આને મોટો એવોર્ડ માને છે.'

ફાજલભાઈ પાસેથી હજારો વિદ્યાર્થીઓએ શિક્ષણ લીધું. આંબલામાં તેઓ હવે નિવૃત્ત થઈ રહ્યાં હતા ને એક ઘટના બની. આંબલા ગામમાં કોઈ ઘટના સબબ બે જથ વચ્ચે અણબનાવ બન્યો. બંને જૂથના લોકો હથિયારો સાથે લડી લેવા રસ્તા ઉપર આવી ગયા હતા. આજે બંને જૂથ આખરી હિસાબ પતાવી લેવાના મૂડમાં હતા. ખાના ખરાબી થઈ જાય, કાંઈક લાશો પડી જાય એવો માહોલ હતો. કોણ રોકે આ ટોળાને ? ઘડીમાં શું બને તે કહેવાય નહીં એવી તંગ પરિસ્થિતિ હતી. શ્રી ફાજલભાઈ આ ઘટનાથી બિલકુલ અપરિચિત હતા. તેઓએ તો કોઈ કામ સબબ ગામ તરફ જઈ રહ્યા હતા. બંને જૂથને શસ્ત્ર સજ્જ સ્થિતિમાં તેમણે જોયા છે. પૂછતાં ખબર પડી કે આજે હિસાબ પતાવવા ભેગા થયા છે.' શ્રી ફાજલભાઈએ આંબલા ગામમાં ચાલીસ વરસ સુધી શિક્ષક તરીકે એકધારી સેવા આપેલી. અમને થયું.' 'મારે છેલ્લે આ દૃશ્ય જોવાનું ? આમાં તો મોટા ભાગના મારા ભણાવેલા યુવાનો પણ છે. આ આંબલાની તો એ ભૂમિ છે જ્યાં શ્રી નાનાભાઈ અને શ્રી મૂળશંકરભાઈએ આંબલા ગામ ભાંગવા જઈ રહેલા ગેમલા બહારબટિયાને રોકેલો. ફાજલભાઈએ ગુરુજનોના માનસપુત્ર. પરિસ્થિતિ તંગ હતી. પણ ચમત્કાર થયો. શ્રી ફાજલભાઈને જોઈને જ કેટલાક યુવાનો પોતાને સંતાડવા લાગ્યા. કોઈ આઘા-પાછા થવા લાગ્યા. શ્રી ફાજલભાઈ તો બંને જૂથ વચ્ચે જઈને મૌન ઉભા રહ્યા હતા. કશું બોલ્યા જ નહોતા. ફાજલભાઈનું મૌન જ કાંઈક સંદેશો આપી રહ્યું હતું. બસ, ફાજલભાઈને કાંઈ કહેવું ન પડ્યું અને બંને જૂથ આપોઆપ વિખરાઈ ગયા. ફાજલભાઈ થોડીવાર ત્યાં ઉભા રહ્યાં પછી પોતાના કામે ચાલ્યા ગયા. એક શિક્ષકના તપનું આ પરિઆમા હતું. શિક્ષકને જઈને જ ઝગડો શમી જાય તે નાનીસૂની વાત નથી. ફાજલભાઈ તો મુસ્લિમ હતા. અને જે બે જૂથ લડવા તત્પર હતા. એ તો હિન્દુઓના જૂથ હતા. તેમ છતાં એ બધા ઉપર એક શિક્ષક તરીકેનો એવો પ્રભાવ હતો કે તેઓ ઝગડો કરી જ ન શક્યા. ફાજલભાઈ ફક્ત શિક્ષક હતા. તેઓને મુસ્લિમ તરીકે કે હિન્દુ તરીકે અમે ક્યારેય જોયા નહોતા. અત્યંત સ્નેહાળ, પ્રસન્નચિત્ત વ્યક્તિત્વ, ઊંચા, કાંઈક અંશ દેખાવડા અને સ્પષ્ટ અવાજવાળા ફાજલભાઈ શિક્ષક તરીકે સદાય વિદ્યાર્થીઓને ગમી જાય એવા. ચાલીસ વરસની લાંબી કારકિર્દી પછી તેઓ નિવૃત્ત થઈ રહ્યા હતા. પણ કર્મઠ વ્યક્તિને નિવૃત્તિ ક્યાંથી ? સારા માણસની કિંમત સર્વત્ર થવાની. ફાજલભાઈને કોઈ એમ નિરાંતે ઝંપવા દે ? આંબલાના જ એક પૂર્વ વિદ્યાર્થી એવા શ્રી મેહુલભાઈ લવતુકા તથા શ્રીભુધરભાઈ શેઠને એક સરસ વિચાર આવ્યો.એમણે પોતાના વતનની કન્યાઓની કેળવણી માટે કાંઈક કરવાની ઈચ્છા થઈ. આંબલા લોકશાળામાં કન્યાઓને પ્રવેશ અપાય છે. પણ તેમાં મર્યાદા છે. એકસો ત્રીસ બાળાઓથી વધારે સંખ્યા લેતા નથી. શ્રી મેહુલભાઈનું પોતાનું શિક્ષણ ઘણું ઓછું પણ એમણે આ વિચાર સાથે શ્રી ફાજલભાઈને વળાગડ મુકામે આમંત્રણ આપ્યું. આ કન્યા છાત્રાલય અને કન્યા વિદ્યાલયને હજી બે બરસ થયા છે. પણ શ્રી ફાજલભાઈની અનુભવી દૃષ્ટિએ સુંદર પ્રારંભ કરાવી આપ્યો છે.

શ્રી ફાજલભાઈ કહે છે 'મારુ નામ ફાજલ છે પણ હું ફાજલ નથી. એટલે કે હું નિવૃત્તિમાય પ્રવૃત્ત છું.' અહીં તમામ જ્ઞાતિની કિશોરવયની બાળાઓને તેઓ ત્યાં સાચવી રહ્યા છે. સાંઠ વરસની ઊંમરે પણ તેઓ હજી બારબાર કલાક કામ કરે છે. આખો દિવસ સંસ્થામાં જ ગાળે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

# મનજી વિઠ્ઠલ નાવડિયા
# ઉંમર વર્ષ ૬૨!!

હાથમાં એક નાની લાકડી!! એક ખાદીનો બગલથેલો!! ખાદીની એક કફની અને લેંઘો પહેરેલ. જિલ્લા સેવા સદનના બગીચામાં આવેલ એક બાંકડા પર બેઠા બેઠા ચશ્માં લગાવીને અત્યારે જ લીધેલું એક છાપું વાંચી રહ્યા હતા. સવારના સાડા દસ થયા છે. જિલ્લા સેવા સદનમાં ચહલ પહલ વધતી જાય છે. બગીચામાં બે સફાઈ કામદારો સફાઈ કરી રહ્યા છે. દૂર એક ખૂણામાં એક વ્યક્તિ લોનને પાણી પાઈ રહ્યો છે. સેવા સદનની બહાર એક શેરડીના ચિચોડા વાળો અને પડખે જ આવેલી ચા અને પાનની કેન્ટીન પર જિલ્લા સેવા સદનમાં કામ કરતા કર્મચારીઓ આવતા જાય એમ ટોળે વળતા જાય છે. બે ત્રણ છાપામાં સમાચાર વાંચતા કેટલાક બેઠા હતા. ઘણા કર્મચારીઓના ગલોફામાં તમાકુના માવા ભરેલા છે બાજુમાં જ એક ખુલ્લી જગ્યા થૂંકી થૂંકીને લાલચોળ થઇ ગઈ છે. અમુક કર્મચારીઓ મોઢામાં સળગતું મોત એવી સિગારેટ અને બીડીને ભરપુર ખેંચી ખેંચીને આસ્વાદ માણી રહ્યા છે . એની પડખે એક થાંભલો એની ઉપર એક સેવા સદન આરોગ્ય વિભાગનું મોટું બેનર લટકેલું છે. બેનરમાં લખેલું છે!!!

"જીવન પસંદ કરો અથવા તમાકુ"

"તમાકુ પ્રતિબંધિત વિસ્તાર જિલ્લા સેવા સદન – જનહિતમાં જારી"

મનજી વિઠ્ઠલ નાવડિયા આ બધું જોતા જોતા છાપામાં ધ્યાન પરોવી રહ્યા છે.

અગિયાર વાગ્યા અને તે સેવાસદનના પગથિયા ચડવા લાગ્યા. પહેલી વાર આવ્યા ત્યારે ઑફિસ ગોતવી પડી હતી. પણ હવે આ સાતમો ધક્કો હતો એટલે એના પગ પગથિયાથી ટેવાઈ ગયા હતા!! ચોથા માળે તે લોબીમાં પહોંચ્યા અને છેલ્લા ખૂણામાં બે જણા કશીક ચર્ચા કરતા હતા. મનજી વિઠ્ઠલ ને જોયા એટલે બે ય ઑફિસમાં જતા રહ્યા અને અંદર જઈને વધામણી ખાધી!!

"હવે દિવસ સુધરી ગયો.. મનજી વિઠ્ઠલ મોટી વિકેટ આવે છે!! સત્સંગ માટે તૈયાર થઇ જાવ"

"શું વાત છે ભટ્ટ.. મારો બેટો તારીખનો પાકો છે.. આવા રેરેસ્ટ ઑફ ધ રેર કહી શકાય એવા આંગળીને વેઢે ગણાય એવા બહુ ઓછા બચ્યા છે. આવવા દો એને આજેય ધક્કો જ છે..ડીપીઈઓ સાહેબ તો આજે શિક્ષણ મંત્રીની ટેલિ કૉન્ફરન્સમાં સભા ખંડમાં છે અને નાયબ ડીપીઈઓ પણ આજે ઈનોવેશન ફેરમાં જવાના છે. આજે પણ મનજી વિઠ્ઠલ નાવડિયાને ધક્કો જ છે".

મનજી વિઠ્ઠલ પ્રવેશદ્વારના બાંકડા પાસે બેઠા. એક ચબરખી કાઢી પોતાનું નામ લખ્યું. પટાવાળા બહેનને આપ્યું અને અંદર આપવા જણાવ્યું. થોડી વાર પછી એમને અંદર આવવાનું કહ્યું. પ્રવેશદ્વારની જમણી સાઈડ એક ચેમ્બર હતી એની પર એક બોર્ડ લટકતું હતું.

*"એસ. કે. ગામીત"*

*જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.*

પ્રવેશદ્વારની સામે જ એક કાચની એક અર્ધ કેબિન હતી. તેની પર તકતી હતી.

*"સી. એચ. પટેલ"*

*નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.*

ઓરડામાં બેય સાઈડ ટેબલ હતા. બધા ટેબલની ઉપર એક એક પ્રીઝમ આકારનું એક લાકડું હતું એની પર અલગ અલગ નામ લખ્યા હતા. "સિનિયર ક્લાર્ક, બદલી વિભાગ, ઈન વર્ડ, એસ્ટા, આંકડા,પગાર અને પેન્શન!! વગેરે વગેરે!!

"હું બેસી શકું સાહેબ??" દવેની ખુરશી આગળ અદબપૂર્વક મનજી વિઠ્ઠલ ઉભા રહ્યા. દવે પેન્શનનું કામ સંભાળતો હતો. જવાબમાં દવેએ આંગળી ચીંધી ખુરશી તરફ અને મનજી વિઠ્ઠલ બોલ્યા.

"કેટલેક પહોંચ્યું મારા પેન્શનનું"?

" આજે સ્ટાફ ઓછો છે અને બંને સાહેબો બહાર ગયા છે. ઓઝા પણ આજે એક જગ્યાએ જમવા ગયો છે. રાઠોડને ઘરે સીમંતનો પ્રસંગ છે એટલે એ તો જાણે ચાર વાગ્યે આવશે. થોડી પૂર્તતા બાકી છે એટલે હજુ પંદર દિવસ લાગશે.. જોશી પણ હજુ આવ્યો નથી નહિતર પણ એની પાસે પૂર્તતા કરાવી લેત..પેન્શન શરૂ તો થઇ જશે પણ થોડી વાર લાગશે!!"

"થોડી વાર થોડી વાર કરતા ચાર વરસ વીતી ગયા છે સાહેબ!! મારી પછી નિવૃત થનારા તમામના પેન્શન કેસ અને બધું ક્યારનુંય પતી ગયું છે. ફક્ત મારું જ બાકી રહી ગયું છે. તમે અત્યારે જોઈ લો, ને પૂર્તતા કરી આપોને તો મારે ધક્કા ખાવા મટે"

"અમે અહીં કામ કરવા જ બેઠા છીએ મનજીભાઈ!! બહાર મોટું બોર્ડ ના જોયું ? ''સેવા સદન''!! સેવા કરવા માટેનું જ આ સદન છે.. તમારી મેટર જ અમને મોડી મળી એમાં અમે શું કરી શકીએ!!?? એક વરસ તો તાલુકા વાળાએ ત્યાં રાખી અને દોઢ વરસ સુધી એલએફમાં ફાઈલ પડી રહી. તમારે પહેલેથી જ ઉતાવળ રાખીને અહીં મોકલવાની જરૂર હતી. પણ તમે રહ્યા ચીકણા માણસ. અમુક વહીવટમાં તમે ના માનો એટલે આવું થાય.. કેટલા ધક્કા થયા.. ચાર વરસ થઇ ગયા.. તમને કેટલું આર્થિક નુકસાન થયું?? પણ ખેર જવા દો.. હવે આજે સ્ટાફ પૂરતો નથી અને આ કામ જેના અન્ડરમાં આવે છે તે વાઘેલા મેડિકલની રજા પર છે એ આવે એટલે થઇ જશે. બસ પછી તો સાહેબ સહી કરી દે એટલે તમારું રેગ્યુલર પેન્શન શરુ. પુરવણી છે એ પછી નીકળશે" દવેએ ભટ્ટની સામે જોતા જોતા કહ્યું.

" પણ તમે ચાર જણા તો છો. એમાંથી કોઈ એક આ કામ અત્યારે ના કરી શકે ? વળી સાવ નવરા જ બેઠા છો. કશું જ નથી કરતા. કોઈ રજા પર જાય તો એનો હવાલો તો કોઈને સોંપીને જતા હશે ને ? કરવું હોય તો અડધી કલાકનું પણ કામ નથી" મનજી વિઠ્ઠલ બોલ્યા અને દવેની સામે તાકી રહ્યા. દવે ભટ્ટની સામે જોઇને હસ્યો. ભટ્ટ મકવાણાની સામે જોઈને હસ્યા. મકવાણા વ્યાસની સામે જોઈને હસ્યા!

" અમે નવરા છીએ કે નહિ એ તમારે જોવાનું નથી. એક વખત કીધુંને કે તમારું કામ જેને કરવાનું છે એ આજ નથી એટલે નહિ થાય. તમારું કામ અમે માનવતાની દ્રષ્ટિએ કરી દઈએ છીએ. બાકી હજી બીજા ચાર વરસ નીકળી જશે..તમે મને હજુ નથી ઓળખતા આ દવે શું ચીજ છે એ તમને હજુ ખબર નથી. ચાર વરસથી પેન્શનના ધક્કા ખાવ છો તો હવે ઑફિસમાં કેમ વાત કરવી એ તમને આવડી જવું જોઈએ. આ તો તમારા સંઘના પ્રમુખ પથુભાની ભલામણ છે એટલે કામ હાથ પર લીધું છે. બાકી તમારો પેન્શન કેસ ક્યાંય કચરા ટોપલીમાં જતો રહ્યો હોય અને નવેસરથી કરવો પડે શું સમજ્યા ??!! તમને શુદ્ધ ગુજરાતીમાં કીધું છે તોય મગજમાં નથી બેસતું કે વાઘેલા આવશે પછી જ મેળ પડશે. ૩૮ વરસ શિક્ષક તરીકે નોકરી કરી છે તો એટલું પણ સમજમાં નથી આવતું??" દવે ધગી ગયો. દવે વાત વાતમાં ધગી જતો. દવેને ડાયાબિટીસની સાથે બીપીની તકલીફ હતી. દરરોજ એ પચાસ ગ્રામ વજન જેટલા ટીકડા ખાતો પણ તોય બ્લડ પ્રેશર કાબૂ બહાર જતું રહેતું!!

" શિક્ષક તરીકે નોકરી કરી છે એટલે જ કીધું.. અમારે પણ શિક્ષકો નિશાળમાં ગેરહાજર હોય તો એની વ્યવસ્થા કરીએ જ છીએ.. ગેરહાજર શિક્ષકના વર્ગના બાળકોને અમે કોઈ દિવસ એમ નથી કીધું કે તમે આજે ઘરે જતા રહો તમારા સાહેબ આજે રજા પર છે.. એક શિક્ષક હોય ને તોય સાતેય ધોરણની વ્યવસ્થા થઇ જાય!! અમે દરેક


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કામ કરીએ છીએ!! કોઈ કામમાં શિક્ષકો ના નથી પાડતા. બસ અમારું કામ આવે એટલે બધાને બળ પડે છે.. ખોટું કરાવવું નથી અમારે.. અમને અમારા હકનું મળવું જોઈએ..એ પણ ટાઈમ સર'' ઑફિસમાં બેઠેલા ચારેય જણા કાળા મેશ તો થઇ ગયાં. બોલવું તો હતું પણ વિઠ્ઠલ મનજીના ચહેરા સામું જોઇને કશું બોલી ના શક્યા. વિઠ્ઠલ મનજી ઊભા થયા અને સડેડાટ બહાર નીકળી ગયા!!!

મનજી વિઠ્ઠલ નાવડિયા!!

ચાર વરસ પહેલા પ્રાથમિક શિક્ષકમાંથી રિટાયર્ડ થયા હતા!! આમ તો નોકરીના બે વરસ બાકી હોય ત્યારથી જ પેન્શનના કાગળિયાં અને ફાઈલો તૈયાર થવા લાગે.. થોડા થોડા વહીવટથી બે વરસમાં પેન્શન કેસ એકદમ પાકી જાય અને પછી જેવી તમારી ઓળખાણ અને વહીવટ કરવાની સમજદારી, એ પ્રમાણે તમારા પેન્શનનું લગભગ પતી જાય!! પણ આખી જિંદગી પ્રામાણિકતાથી નોકરી કરી છે ના કોઈનું કદી ખાધું છે કે ના કોઈની પાસેથી કયારેય ચા પીધી છે!! જીવનમાં શિક્ષકના એકેએક સિદ્ધાંતનું પાલન કર્યું છે. સમયસર નિશાળે પહોંચી જવાનું અને શાળા સમય બાદ અર્ધો કલાક બેસવાનું. ઉપરી અધિકારીઓને દાઝ ખરી પણ ક્યારેય ઝપટે જ ના ચડ્યાને!!

એના સિદ્ધાંતોની વાત કરીએ તો એક પ્રસંગ એ વખતે બહુ જ પ્રસિદ્ધ થયો હતો. આજની ભાષામાં કહું તો બહુજ વાયરલ થયો હતો.!! મનજી વિઠ્ઠલના ઘરે એમની દીકરીને જોવા મહેમાનો આવ્યા હતા. દીકરી મહેમાનોને પસંદ આવી ગઈ રૂપિયો અને નાળીયેર મહેમાનોએ આપી દીધો સંબંધ પાકો થઇ ગયો. મહેમાનો બપોરે જમ્યા ત્યાર બાદ ઘરની બાજુમાં આવેલ એક દુકાને મહેમાનોને મનજી વિઠ્ઠલ લીબુ સોડા પાવા લઇ ગયો. બધા જ મહેમાનોએ લીંબુ સોડા પીધી પછી મનજી વિઠ્ઠલ બોલ્યાં.

"જુઓ હવે કોઈને તમાકુવાળો માવો કે પાન ખાવું હોય કે બીડી કે સિગારેટ પીવી હોય તો એ પોતાના પૈસે પી શકે છે કારણકે હું ગાંધીવાદી આશ્રમશાળામાં ભણેલો છું અને શિક્ષક છું એટલે કોઈ વ્યસન હું રાખતો નથી અને કોઈને મારા પૈસે વ્યસન કરાવતો નથી. જાન લઈને આવો તો જમવાની તમામ સગવડ હું કરીશ, પણ સિગારેટ બીડી જે કાંઈ પીવું હોય એ સાથે લઈને આવવું. આ તો પહેલાથી જ ચોખવટ કરી હોય તો સારું રહે"!! નવા નવા જ હજુ કલાક પહેલા જ બનેલા વેવાઈ અને મહેમાનો આભા જ બની ગયા પણ તોય દીકરીનો સંબંધ તો ત્યાંજ થયો અને લગ્ન પણ ગોઠવાયા અને આવેલી જાનને કોઈ વ્યસન વાળી વસ્તુ મનજી વિઠ્ઠલે ઉપલબ્ધ પણ ના કરાવેલી!!

બસ આવા ઘણા બધા કારણોસર એ ઠીક ઠીક પ્રમાણમાં અપ્રિય પણ બનેલા. પણ એની પાસે ભણી ગયેલા વિદ્યાર્થીઓમાં મનજી વિઠ્ઠલની એક અલગ જ છાપ પડી ગયેલી. પેન્શન કેસ બનવાનો હતો ને એની સર્વિસ બુક ખોવાઈ ગયેલી.મનજી વિઠ્ઠલને જાતિ જિંદગીએ હેરાન કરવાનો એક કારસો જ ગોઠવાયો હતો. મોટી નિશાળમાંથી આચાર્યે કહેવરાવ્યું.

"મનજીભાઈ તમારો પેન્શન કેસ અટકશે.. તમારી સર્વિસ બુક તાલુકામાં મળતી નથી.ક્યાંક આડા અવળી મુકાઈ ગઈ છે..એમ કરો તમે તાલુકામાં જઈને ભુવા સાહેબને મળી આવજોને'' જવાબમાં મનજી વિઠ્ઠલ બોલેલા.

" એ જવાબદારી એની છે.. સર્વિસ બુક મારે ના સાચવવાની હોય!! મારી પાસે બીજી ડુપ્લીકેશન કરેલી બીજી પડેલી છે!! નોકરીએ ચડ્યો ત્યારથી એક એક પગાર અને એક એક વિગત નોંધેલી છે. જેણે ખોઈ હોય એ ગોતે..!! નિવૃત થયા બાદ હું કોર્ટ મારફતે કાર્યવાહી કરીશ'' બીજા છ માસ વીતી ગયા. તાલુકાવાળા થાક્યા. ગુમ થયેલી સર્વિસ બુક હાજર થઇ. પણ પેન્શન કેસમાં એક પછી એક નિત નવા કાગળ માંગ્યા કરે!! છેલ્લે છેલ્લે એવી રોન કાઢી કે તમે સહુ પ્રથમ જે શાળામાં હાજર થયા એનો હાજર રિપોર્ટ નથી!! મનજી વિઠ્ઠલ પાસે એની એ વખતની ઑરિજિનલ કોપી હતી.!! એ પણ એણે હાજર

કરી અને કીધું પણ ખરું!!

" પેલેથી જ બધું ચાર ચાર નકલમાં ઑરિજિનલ સહી સિક્કા સાથે રાખ્યું છે!! જે જોઈએ એ માંગી લેજો જરાય શરમમાં રહેતા નહીં!! બાકી એક પણ રૂપિયો લાંચનો આપ્યા વગર પેન્શન લેવાનું છે એ પાકું!!!"

હવે વટનો સવાલ થઇ ગયો.. તાલુકાવાળા અને જિલ્લાવાળા રોષે ભરાણા કે આ તે કઈ વાડીનો મૂળો!! અને એવું ચક્કર ચલાવ્યું કે મનજી વિઠ્ઠલ તાલુકામાંથી જિલ્લામાં અને જિલ્લામાંથી એલએફની કચેરીમાં અને અને વળી પાછા શાળામાં ત્યાંથી તાલુકામાં આમને આમ ચાર વરસથી ચક્કર કાપતા આવ્યા છે !! પણ હરામનો કોઈને એક પૈસો દેવો નહિ કે હરામનો એક પૈસો લેવો નહિ એ સિદ્ધાંત એણે હજુ સુધી જાળવી રાખ્યો હતો!!

પણ આજ પહેલી વાર એ ઑફિસમાંથી બહાર આવતા ગુસ્સાથી ધમધમી રહ્યા હતા.ચોથા માળેથી એ દાદરા ઊતરતા ઊતરતા ધ્રૂજી રહ્યા હતા. હવે એનું કામ એક જ કાગળ પર અટક્યું હતું. અને એ કામ કરનાર વાઘેલા આજ રજા પર હતો. નહિતર આજ થઇ જાત!! મન આખું પહેલીવાર ગૂંગળાઈ રહ્યું હતું. દાદર ઊતરીને એ ગ્રાઉન્ડ ફ્લોર પર આવી રહ્યા હતા ત્યાં સામેથી ત્રણ ઑફિસર સાથે એક ત્રીસેક વરસની યુવતી ચાલી આવતી હતી. યુવતીની મનજી વિઠ્ઠલ સામે નજર મળી એ રોકાઈ અને પૂછ્યું!!

"કોઈ કામ હતું?? કોઈ કામે આવ્યાં હતા"?? મનજી વિઠ્ઠલ ઘડીક એની સામે જોઈ રહ્યા અને બોલ્યાં.

"કામ આજકાલનું નથી..ચાર વરસથી પેન્શન માટે ધક્કા ખાવ છું?? અને અહીં કામ વગર કોણ આવે?? પણ જે કામ હતું એ ભાઈ તો બહાર ગયા છે.આજે મેળ નહિ પડે એમ કીધું છે" પેલી યુવતી એની સામે લાગણીથી જોઈ રહી હતી અને બોલી.

"આવો મારી ઑફિસમાં તમારું કામ આજે જ પતી જશે" તોય મનજી વિઠ્ઠલ ત્યાં જ ઉભા રહ્યા. યુવતીની સાથે એક યુવાન પણ હતો એ બોલ્યો.

"દાદા આ છે ભાનુબહેન નાયકા!! ડીડીઓ સાહેબ છે!! ચાલો તેમની સાથે ઑફિસમાં" અને મનજી વિઠ્ઠલ તેમની સાથે ઑફિસમાં ગયા. ઑફિસની બહાર એક નેઈમ પ્લેટ હતી.ત્યાં લખ્યું હતું,

*ભાનુબહેન ડી. નાયકા.*

*ડીડીઓ શ્રી.*

ભાનુબહેન દલુભાઇ નાયકા..!! મૂળ તો દાહોદ બાજુના. જીપીએસસી પાસ કરીને વરસ પહેલા નાયબ ડીડીઓ બનેલા. ડીડીઓ તરીકેનું પ્રમોશન મેળવીને પંદર દિવસ પહેલાં જ અહીં હાજર થયેલાં હતાં અને આજે એને ગ્રાઉન્ડ ફ્લોર પર જ મનજી વિઠ્ઠલ ભેગા થઇ ગયા!!

"બેસો આ ખુરશી પર" ભાનુબહેને કહ્યું અને મનજી વિઠ્ઠલ ડીડીઓ સાહેબની આગળ ગોઠવાઈ ગયા. પાણી અને ચા પીધા પછી વીસ જ મિનિટમાં આખી વાત જાણી લીધી. મનજીભાઈ વાત કરતા ગયા અને ડીડીઓ સાહેબ સાંભળતાં ગયા. બધી વાત સાંભળ્યા પછી ભાનુબહેને પોતાના મોબાઈલ દ્વારા મનજી વિઠ્ઠલનો એક ફોટો લીધો એની જાણ વગર અને પોતાના પીએને બોલાવીને કહ્યું.

"મનજી સાહેબને તમારી કેબિનમાં બેસારો. એમને ભાવતો નાસ્તો અથવા ભોજનની વ્યવસ્થા કરો. બે કલાકમાં એમનું કામ પતી જશે"કહીને એણે મનજીભાઈ સામે હાથ જોડ્યા અને કહ્યું,

"તમારા કામમાં જે બેદરકારી થઇ છે એ હું સ્વીકારું છું. તંત્ર વતી એની માફી માંગું છું પણ તમને ખાતરી આપું છું કે આજનું તમારું તમામ કામ આજે જ પતી જશે" જવાબમાં મનજી વિઠ્ઠલે આભાર માન્યો . બે હાથ જોડ્યા અને કહ્યું,

"તમારો આભાર બહેનબા સાહેબ!! તમારો ખૂબ ખૂબ આભાર!! પીએ મનજી વિઠ્ઠલને બાજુમાં રૂમમાં લઇ ગયો. જેવા મનજી વિઠ્ઠલ પીએ સાથે ગયા કે ભાનુબહેનની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આંખમાંથી એક આંસુ પડ્યું અને પોતના મોબાઈલમાં વૉટ્સએપ ખોલીને પોતાના પતિ જે ગાંધીનગરમાં સેક્શન ઑફિસર હતા એને મનજી વિઠ્ઠલનો હમણાં જ લીધેલો એક ફોટો મોકલ્યો!! ફોટો સેન્ડ કર્યા પછી એણે પોતાના પતિને ફોન કર્યો.

"હલ્લો રજની..હું તમને અવારનવાર વાત નહોતી કરતી કે આજથી વરસો પહેલા એક સાહેબે મને ભણતરની ભૂખ લગાડી હતી. જેના કારણે હું આજે આ હોદ્દા પર છું એ મારા ગુરુજી આજે મને અહીં સેવા સદનમાં મળી ગયા છે. નિવૃત થયા પછી ચાર વરસ વીતી ગયા છે એમનો પેન્શન કેસ ટલ્લા ખાય છે. રજની મેં એમનો ફોટો મોકલ્યો છે. તમે જોઈ લેજો. હજુ હમણાં જ મારી ચૅમ્બરમાં એ હતા. હું એને ઓળખી ગઈ છું પણ એ મને નથી ઓળખી શક્યા!! અને ઓળખે પણ ક્યાંથી ઘણો સમય વીતી ગયોને??"

"પણ પછી તે ઓળખાણ આપી કે નહિ" ભાનુબહેનના પતિએ કહ્યું.

" ના હું ઓળખાણ નહિ આપું અને વગર ઓળખાણે એમનું કામ થઇ જશે. મને હજુ પણ એ ગુરુજીના શબ્દો યાદ છે જે અમને અવારનવાર પ્રાર્થના સભામાં કહેતા કે કોઈની ઉપર તમે ઉપકાર કરો તો એ જણાવો નહિ!! જણાવ્યા વગર કરેલો ઉપકાર એ જ સાચું કર્તવ્ય છે. જીવનમાં જયારે પણ તમે સારા હોદ્દા પર હો અને કોઈનું કામ કરો ને ત્યારે એ વ્યક્તિને એવું ના જણાવો કે તમે કરેલા ઉપકારના બદલામાં હું આ કામ કરું છું. આવું કરવાથી તમે કરેલા કામનો આનંદ જતો રહે છે.એણે જે કામ કર્યું છે મારા માટે એનું ઋણ તો હું ક્યારેય નહીં ચૂકવી શકું. અત્યારે ઓળખાણ કાઢીને હું એમનું એ ઋણ જરા પણ ઓછું કરવા નથી માંગતી!! બસ એણે એ વખતે આશિષ આપેલા અને આજે પણ આશિષ આપશે એ જ મારું મોટામાં મોટું ઈનામ હશે" કહીને ભાનુબહેન ડી. નાયકા ડીડીઓશ્રી ભાવુક બની ગયાં અને આજથી વરસો પહેલાના એ ભૂતકાળમાં ખોવાઈ ગયા જયારે એની ઉમર સાત વરસની હતી.. પોતે પોતાના પિતાજી સાથે સૌરાષ્ટ્રમાં મજૂરીએ આવેલા હતા. પોતાના માતા પિતા સાથે એક રોડ કાંઠાના ખેતરમાં રહેતા હતા!! ભાનુબહેને આંખો મીચી દીધી અને એમાં એને મનજી વિઠ્ઠલની સાઇકલ દેખાણી!!

દલુભાઇ નાયકા ખેતીના કામ માટે એક ગામમાં આવેલા. રોડ કાંઠાના એક ખેતરમાં એક નાનકડા મકાનમાં એ પોતાની એકની એક દીકરી ભાનુ અને પત્ની ખેમીની સાથે રહેતા હતા. મનજી વિઠ્ઠલ એ વખતે એ ગામમાં નોકરી કરતા અને સાઇકલ લઈને નિશાળે જાય. ગામ બે કિલોમીટર જેટલું દૂર હતું. અષાઢ મહિનામાં એક વખત જોરદાર વરસાદ પડેલો અને મનજી વિઠ્ઠલ સાઇકલ લઈને પાંચ વાગ્યે નિશાળેથી નીકળ્યા. આગળનું એક નાળું પાણીથી બરાબર ભરાઈ ગયેલું અને સાઇકલ જ્યાં સુધી પાણી ઓછું ના થાય ત્યાં સુધી આગળ જઈ શકે એમ નહોતી. હવે વરસાદ વધ્યો અને મનજી વિઠ્ઠલે બાજુની વાડીમાં આશરો લીધો. સાઇકલ રોડ પર મૂકીને! ત્યાં આ ભાનુ અને એનો પરિવાર રહેતો હતો.

દલાભાઇએ ચા બનાવી મનજી વિઠ્ઠલે પીધી અને પૂછ્યું.

"આ છોડીને નિશાળે નથી મૂકવી? તમે તો ના ભણ્યા પણ આ છોડીને ભણાવો!! એની આંખમાં મને શિક્ષણની ચમક દેખાય છે"

"અમે વાડીઓમાં રહેનારા.. વળી નિશાળ ખૂબ જ આઘી પડે..અમને ભણાવાનું થોડું પોહાય? વળી નિહાળમાં જન્મતારીખના દાખલા માંગે એ અમારી પાસે હોય નહિ! ગામના છોકરાને અમારા જેવા ગરીબના છોકરા હારે ન ફાવે! અમારે તો ભલી મજૂરી ને ભલો અમારો દેશ! અહીં ક્યાં કાયમ રહેવાનું છે! દલાભાઇએ પોતાની વાત રજૂ કરી!

" ઈ બધુંય થઇ રે'શે! કાલ દસ વાગ્યે છોડીને તૈયાર

રાખજે. હું આ ગામમાં જ શિક્ષક છું.. તારી છોડીને નિશાળે લેતો જઈશ અને સાંજે પાછો વાડીના શેઢે મૂકતો જઈશ! આનો ભાર મને નહિ નડે!" મનજી વિઠ્ઠલે કહ્યું.

બીજા દિવસે મનજીભાઈ વાડી પાસે ઉભા રહ્યા.પણ દલાભાઈએ ભાનુને ભણાવવાની ના પાડી દીધી. માને એ મનજી વિઠ્ઠલ શેના!! મનજી વિઠ્ઠલ દલાભાઈ અને ખેમીને કહે,

તમને જેમ જમીન કે પાક જોઇને કેટલી ઊપજ આવશે એનો અંદાજ હોય એમ અમે નાના છોકરાને જોઇને કહી દઈએ કે ભવિષ્યમાં આ કેટલી પ્રગતિ કરશે.. મારું માનો તમે બેય ધણી ધણિયાણી તમે આ ભાનુને ભણાવો! એની આંખમાં મને અનેરી હૈયા ઉકલત દેખાય છે!" આટલું કહીને એ જતા રહ્યા! ભાનુની આંખમાં અનેરી ચમક આવી ગઈ હતી.

અને બીજે દિવસે દસ વાગ્યે નાહી ધોહીને તૈયાર થયેલ બે ચોટલા વાળી ભાનુ રોડ પર એની માતા સાથે ઉભી હતી. મનજી વિઠ્ઠલ તો રાજીના રેડ! ખિસ્સામાંથી એક ચોકલેટ કાઢીને ભાનુંને આપી. ખેમીએ ભાનુને માથે હાથ મૂકીને કીધેલું,

"જો બટા તારી કોઈ ફરિયાદ નહિ આવવી જોઈએ. મનજી સાહેબ જેમ કે એમ કરવાનું!! અને સાઇકલ ચાલી.. સાઇકલના પૈડાની ગતિ વધી જાણે કે ભાનુના ભાગ્ય ચક્રની ગતિ વધી!

ભાનુ આવી નિશાળે. અટકળે જન્મતારીખ નાંખીને ભાનુને પહેલા ધોરણમાં દાખલ કરી. પહેલા ધોરણના વાલી ફૉર્મમાં દલાભાઈની સહી લીધી બીજા દિવસે ત્યારે મનજીભાઈ બોલ્યા,

"દલા યાદ રાખજે આ તે જે અંગુઠો માર્યો છે આ ફૉર્મ પર એ ખાલી અંગુઠો જ નથી પણ તારી દીકરીના ભવિષ્ય પર તે સોનાની મહોર મારી છે.."

બસ પછી તો ભાનુના ભણવાનો સિલસિલો શરૂ થયો. રોજ મનજીભાઈની સાયકલ સાથે ભાનુનું પણ અપ-ડાઉન શરૂ થયું. બપોરે મનજીભાઈ પોતાના ટિફિનમાંથી એને જમાડે! થોડું ઘણું મધ્યાહન ભોજનનું પણ ભાનુ ખાઈ લે! ભાનુ ભણવામાં હોશિયાર નીકળી! દરરોજ સાંજે ખેમી રાહ જોતી ઊભી હોય! સાઇકલ ઉપર દૂરથી એ પોતાની દીકરીને આવતી જુએ! સાઇકલ રસ્તા પર ઊભી રહે. ખેમી પરાણે શાકની થેલી મનજીભાઈ ને આપી દે! મનજી વિઠ્ઠલની સાઇકલ ચાલે.. અને ખેમી સાથે જતી ભાનુ મનજી સાહેબ સામે હાથ હલાવતી હોય!! આ રોજનો ક્રમ બની ગયો!!

છ વરસ સુધી આમ ચાલ્યું અને પછી દલા ભાઈ વતનમાં જવા રવાના થયા. ભાનુએ છઠું ધોરણ પાસ કરી લીધું હતું. જતી વખતે મનજીભાઈએ કીધેલું!

"તમે આને ત્યાંની નિશાળમાં ભણાવજો. આનું મગજ તેજ છે બધુંજ યાદ રહી જાય છે!! છોડીઓ માટે શિક્ષણ મફત છે તેમ છતાં કોઈ જરૂર પડે તો આ મારું સરનામું છે પૈસા મંગાવી લેજે અત્યારે આટલા આપું છું" કહીને પરાણે ૫૦૦ રૂપિયા આપેલા.

ભાનુ મનજીભાઈને પગે લાગી. મનજીભાઈએ આશિષ આપેલા.

"ખૂબ ભણજે બેટા.. સેવા કરજે.. માતા પિતા તને જરૂર આગળ ભણાવશે.. એય સુખી થજે અને સહુને સુખી કરજે"!! અને મનજીભાઈની સાઇકલ ચાલતી થઇ, ક્યાંય સુધી ભાનુ એને જોઈ રહી હતી.!!

બસ પછી તો વતનમાં આવીને ભાનુએ દસ અને બાર ધોરણ પૂરું કર્યું. કૉલેજ કરવા એ હૉસ્ટેલમાં ગોધરા ગઈ. કૉલેજ કર્યા પછી એ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા લાગી. ચાર વરસ પછી એ જીપીએસસી પાસ થઇ. મનજી વિઠ્ઠલ સાથે પછી ક્યારેય મેળાપ થયો જ નહિ!

ભાનુબહેને આંખો ખોલી. મોઢા પર પાણી છાંટી ને એ સ્વસ્થ થયા.પોતાના પીએને બોલાવીને એણે શિક્ષણ શાખમાં જેટલા હાજર હોય એટલાને બોલાવીને લાવવા કહ્યું.

સેવા સદનમાં ખયાલ તો આવી જ ગયો હતો કે ડીડીઓશ્રી પાસે મનજી વિઠ્ઠલ બેઠા છે એટલે શિક્ષણ શાખા ખુલાસા સાથે તૈયાર જ હતી. મનજી વિઠ્ઠલની પેન્શનની ફાઈલ તૈયાર જ હતી.! દવે, ભટ્ટ, મકવાણા, વ્યાસના ધબકારા ઑલિમ્પિકમાં લાંબી દોડમાં પ્રથમ આવેલા ખેલાડીના ધબકારા જેટલા જ ચાલી રહ્યા હતા! અને એમાં ડીડીઓ સાહેબનું તેડું આવ્યું! બધા મારતી ઘોડીએ આવી પહોંચ્યા! તંત્ર સફાળું જાગ્યું એવો ઘાટ થયો!

"શું છે આ મેટરનું? એવી તે કઈ વહીવટી આંટીઘૂંટી છે કે ચાર વરસ વીતી ગયા તેમ છતાં આ ફાઈલનો મોક્ષ નથી થતો? એક પછી એક વિભાગમાં આ ફાઈલ ભટક્યા કરે છે! શ્રીમાન મનજીભાઈ એક સંનિષ્ઠ શિક્ષક તરીકે નિવૃત થયા છે.એમની કોઈ ખાતાકીય તપાસ ચાલે છે? નહીને? તો પછી આટલા વિલંબનું કારણ જાણી શકું? આ સેવા સદન છે કોઈ મેવા સદન તો છે નહિ? બોલો આ વિષે આપ સહુ મહાશયોનું શું કહેવું છે?" ડીડીઓ સાહેબા હવે બરાબરના ગરમ થયા હતા.

"સાહેબ એમાં એવું છે ને કે મનજીભાઈનું વર્તન બરાબર નથી. એ અહીં આવતા ત્યારે ઉદ્ધતાઈથી વર્તન કરતા. કાગળો પણ પૂરતા નહોતા" ભટ્ટ બોલ્યા. અને જવાબમાં ભાનુબહેને પોતાની પાછળની બારી ખોલી અને કહ્યું,

સામે દેખાય છે એ લીમડાનું ઝાડ તમે જુઓ!! એની ડાળીઓ, એના પાન, એના ફૂલ અને એના ફળ લીંબોળી ને એના મૂળ વિષે ફરિયાદ કરવાનો કોઈ હક ખરો? એ મૂળ થકી જ આ ડાળીઓ ફળ અને પાનનું અસ્તિત્વ છે..! મૂળ સારા હોય તોજ ઝાડનો વિકાસ થાય છે એમ આ સમાજરૂપી વૃક્ષમાં શિક્ષકો અથવા ગુરુજનો એ મૂળિયા છે. તમે બધા આ બિલ્ડિંગમાં એશો આરામથી જિંદગી વિતાવી રહ્યા છો એનું કારણ તમારા કોઈને કોઈ ગુરુજનો છે. તમે બધા મારા કરતાં ઉંમરમાં મોટા છો પણ આટલી સાદી વાત તમને નથી સમજાતી? હું તો કદાચ તમને નોટિસ આપું કે એક એક ઈજાફા અટકાવું પણ તમારા અંતરાત્માને પૂછી જુઓ. તમે જે ખેલ ખેલી રહ્યા છો એમાં તમારો આત્મા દુભાતો નથી! તમને અંતરમાં દુખતું નથી!? જાવ હવે તમારી પાસે બે કલાકનો સમય છે.. મારે કશું જ નથી સાંભળવું. મનજીભાઈ વિઠ્ઠલભાઈ નાવડિયાનો પેન્શન કેસ ક્લિયર જોઈએ. એમનું તમામ પુરવણી બિલ ક્લિયર જોઈએ. હું હિસાબી અધિકારીને કહી દઉં છું એક એનો ચેક બે કલાકમાં નીકળી જાવો જોઈએ. જયાં સહીની જરૂર પડે ત્યાં હું સહી કરી દઈશ અને કોઈ વહીવટ બાકી હોય તો એ રકમ હું તમને આપી દઈશ" કોઈ કશું જ બોલ્યું નહિ અને સહુ કામે વળગ્યા. મનમાં ખુશ હતા કે ચાલો આ મેટર પતી જાય તો હવે પછી નિયમ લેવો છે કે કોઈનો પેન્શન કેસ વગર કારણે તો બાકી નહિ જ રહે!!

બે કલાક પછી તમામ પુરવણીનો ચેક મનજી વિઠ્ઠલને આપવામાં આવ્યો. ફાઈનલ આદેશ પણ એમને હાથોહાથ આપવામાં આવ્યો. મનજી વિઠ્ઠલનું ગળું ભરાઈ આવ્યું. એણે બે હાથ જોડ્યા. અને ડીડીઓ ભાનુબહેન બોલ્યાં,

"તમે આજીવન શિક્ષક છો! શિક્ષક જયારે સમાજ સામે કે સરકારી તંત્ર સામે હાથ જોડે એ બરાબર ન કહેવાય! એ તંત્ર કે સમાજની લાપરવાહી છે. બાકી સમાજના બે હાથ જયારે શિક્ષક ના માન સન્માન માટે જોડાય ત્યારે એ સમાજ કે દેશનું ભાવિ ઉજજવળ બને છે.! આ મારું કાર્ડ અને નંબર છે! ગમે ત્યારે જરૂર પડે આપ ફોન કરી શકો છો".

"ભગવાન સહુને તમારા જેવી સમજણ આપે.. જીવનમાં આપ ખૂબ જ પ્રગતિ કરો. ખૂબ જ સમૃદ્ધિ અને શાંતિ મેળવો" આમ કહીને મનજી વિઠ્ઠલ લાકડીને ટેકે ચાલતા થયા.! અને આશિષ મેળવીને ડીડીઓ ભાનુબહેન ફરી વાર ધન્ય થઇ ગયા! જીવનમાં બીજી વાર તેમને ગુરુજીના આશિષ પ્રાપ્ત થયા હતા!

# એક વિદ્યાર્થીની શિક્ષકોને અરજી

મને જ્ઞાન આપજો. વિજ્ઞાન તો હું વાંચી લઈશ. મારે શિક્ષા જોઈએ છે. પરીક્ષા નહીં.

શિક્ષક તેના નિરીક્ષણ (observation)માં જ મૂલ્યાંકન (evaluation) કરી શકે છે. તેના માટે પેપર સેટ કરવાની જરૂર પડતી નથી.

- વસંત આવવાની હોય ત્યારે કયું વૃક્ષ પરીક્ષા આપે છે?
- કળીમાંથી ગુલાબ થાય એ પહેલા. ગુલાબનો છોડ. એ કળીને. એક પણ સવાલ પૂછતો નથી.
- ચકલીઓના બચ્ચાઓ. માળામાંથી પહેલી વાર ઉડે. એ પહેલા કઈ પ્રવેશ પરીક્ષા (entrance exam) આપે છે?
- અરે, જ્યાં આકાશ એમને ઉડવાની પ્રેરણા આપતું હોય. ત્યારે તેઓ માળામાં ગોંધાઈ રહેતા નથી.

તેમને પડવાનો વિચાર સુદ્ધા આવતો નથી કારણ કે તેઓ આકાશને જુએ છે. જમીનને નહીં.

પપ્પા કહે છે. આજની શિક્ષણપ્રથા સારી નથી, પણ મેં તો શિક્ષણપ્રથાને જોઈ જ નથી. મેં તો ફક્ત શિક્ષકોને જોયા છે. શિક્ષકો સારા હોય તો શિક્ષણપ્રથા સારી જ હોય. મને તો એટલી જ સમજ છે.

ડોક્ટરથી દર્દીની સારવારમાં કોઈ ભૂલ થાય. અને દર્દી મૃત્યુ પામે તો તમે તેને તબીબી બેદરકારી (medical negligence) કહો છો. તો પછી શિક્ષકો ભણાવવા જેવી વાતો ભણાવે નહીં અથવા ન ભણાવવા જેવી વાતો ભણાવે તો એને શૈક્ષણિક બેદરકારી (educational negligence) કેમ ન કહેવાય?

તબીબી બેદરકારી (medical negligence)થી તો ફક્ત એક વ્યક્તિ મરે છે. શૈક્ષણિક બેદરકારી (educational negligence)થી આખો સમાજ મરે છે. તમને મળેલી એ પીરીયડની મિનિટ દેશનું ભવિષ્ય બદલી શકે છે. આ વાતની તમને તો ખબર જ હશે ને!!!

પ્રિય શિક્ષકો. મને માહિતી (infromation) અને જ્ઞાન (knowledge) વચ્ચેનો તફાવત ખબર નથી. એ તો તમારે જ સમજાવવો પડશે. પાઠ્યપુસ્તકો બોલી શકતા નથી. વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં ઝીંદગી કેમ જીવવી એના વિષે તો ઉલ્લેખ જ નથી. સમાજના કોયડાઓ કેમ ઉકેલવા. એવું તો ગણિતમાં એકેય ઉદાહરણ જ નથી. અમે તો વિદ્યાર્થીઓ છીએ. અમને ઉદાહરણ વગર ન સમજાય. જો ગણિત - વિજ્ઞાનની ચોપડીઓ જ સમાજ ઘડતી હોત તો આ લકવાગ્રસ્ત સમાજ (paralyzed society)ના ખરાબ વ્રણ (bed sroe) અમારે વિદ્યાર્થીઓ ને જોવા ન પડત.

ગ્લાસ અડધો ખાલી છે કે ભરેલો. મારે ફક્ત એ નથી જાણવું. મારે એ પણ જાણવું છે કે ગ્લાસમાંનું અડધું પાણી ક્યાં ગયું હોઈ શકે? ગ્લાસમાં રહેલા પાણીની રચના (composition) શું છે? ગ્લાસ શેનો બનેલો છે? ગ્લાસનો અને પાણીનો સંબંધ શું?

મારી બાળ સહજ નિર્દોષતાનું બાષ્પી ભવન કરે. મારે એવો શિક્ષક નથી જોઈતો.

જે મારામાં રોજ નવી કુતુહલતાનું સિંચન કરે. મારે એવો શિક્ષક જોઈએ છે.

મને જવાબ આપે એવો શિક્ષક મને ન પોસાય. મારામાં જે સવાલો ઉભા કરે. મારે એવો શિક્ષક જોઈએ છે.

જો ૧૮ વર્ષની ઉંમર પછી પુખ્ત થયેલા લોકો (શારીરિક પુખ્તતાની વાત કરું છું. માનસિક નહીં)ને મત આપી સરકાર ચુંટવાનો અધિકાર છે. (અરે બુદ્ધિશાળી લોકો. મત આપી આપીને પણ તમે પાંગળી સરકાર જ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ચૂંટો છો ને!) તો પછી અમને વિદ્યાર્થીઓને અમારી પસંદના શિક્ષકો ચૂંટવાનો કેમ અધિકાર નથી?

૩૫/૪૫/૬૦/૧૨૦ મિનિટના પીરીયડમાં અમારા પર રોજ રોજ શૈક્ષણિક બરબાદી થાય. એ આ દેશની સરકારને મંજુર હશે. અમે દેશનું ભવિષ્ય છીએ, દેશના ભવિષ્યને આ મંજુર નથી. સમાજના માપદંડો મારા ખભ્ભા ઉપર લાદીને. મને અપાહિજ ન બનાવતા. વાલીઓની સાથે સાથે. પ્રિય શિક્ષકો. તમને પણ કહું છું. તમારી જે કઈ અપેક્ષાઓ છે એ તમારી પાસે જ રાખજો. તમારી અપેક્ષાઓનું મને વજન લાગે છે. મારે દેશ ઊંચકવાનો છે. ખોખલા વિચારોનહીં. વર્ગખંડમાં પ્રથમ કે દ્વિતીય આવવાના સપનાઓ આપીને. મારી આંખોને બગાડશો નહિ. મારી આંખોને. આંખોમાં સમાય નહીં. એવા સપનાઓ આપજો. ભારત નિર્માણનું સ્વપ્ન. નીચે પડવાનો ડર. મને બતાવશો નહિ. મને ફક્ત આકાશ બતાવજો. મારે ઉડવું છે. મને તમારી ઝીદગીની નિરાશાઓના સ્પંદનો (vibrations) ભૂલે ચુકે પણ આપતાનહીં. મારે હકારાત્મકતા (positivity) જોઈએ છે.

ટુથપેસ્ટની ટ્યુબમાંથી બહાર નીકળેલી ટુથપેસ્ટને. ફરી પાછી. અંદર નાખવી હોય તો એ વાત અશક્ય કેહવાય. મારે એવું શીખવું નથી. ૧૦ ccની syringeમાં ભરી. એ બહાર નીકળેલી ટુથપેસ્ટ ને. ફરી પાછી અંદર નાંખી જ શકાય. મારે એવું શીખવું છે.

અશકય હોય એવી એક પણ શક્યતાને મારે ઓળખવી નથી. મારે વ્યસ્ત રહેવું છે. ભારત નિર્માણમાં. શિક્ષકો. તમે મને કરેલી સારી કે ખરાબ દરેક વાત. મને આજીવન યાદ રહેશે. મારી 'માં'ના ચેહરા પછી હું સતત કોઈનો ચેહરો જોતો હોવ તો એ એક સારા શિક્ષકનો છે. તમારી વાતો. મારું વર્તન નક્કી કરશે. તમારો અભિગમ. મારો પણ અભિગમ બનશે.

પ્રાર્થના કરું છું.<br>
મારા મમ્મી- પપ્પાએ મને સોંપ્યો છે તમને.<br>
એવી ઉંમરમાં.<br>
જયારે હું વળી શકું છું. કોઈ પણ દિશામાં.<br>
ઢળી શકું છું. કોઈ પણ આકારમાં.

પ્રિય શિક્ષકો. તમે માળી છો. ઈશ્વરે ઉગાડેલા બગીચાની તમે કાળજી રાખો છો. એક પણ કળી મુરઝાય નહીં. એનું ધ્યાન રાખશોને? ચંપો, ચમેલી, પારિજાતક અને આ બગીચામાં રહેલા દરેક ફૂલ વતી હું એક ગુલાબ આપને વિનંતી કરું છું. મને શિક્ષણનો માર કે દફતરનો ભાર આપશો નહીં. મને દંભીપણાનું આવરણ આપશો નહીં. મને વાતાવરણ આપજો કે જેમાં હું ખીલી શકું. સત્ય બોલવું સૌથી સહેલું છે. મને એ જ ગમશે. ભારતના સ્વાસ્થ્ય માટે પણ એ જ સારું છે. મારી આંખોમાં આંસુ આવે તો મને ફક્ત રૂમાલ ન આપશો. એ આંસુઓ શું કામ આવ્યા છે? એનું કારણ પણ શોધવાનો પ્રયત્ન કરશો.

મેં સાંભળ્યું છે. શિક્ષકના શર્ટ ને ક્યારેય કોલર નથી હોતા. શિક્ષકના પેન્ટ ને ખિસ્સા પણ નથી હોતા જેમાં કશુંક મૂકી શકાય. ટ્યુશન કરીને શિક્ષક પોતાનું ઘર ચલાવી શકે, સમાજ નહીં. શિક્ષકની મુઠ્ઠી ક્યારેય બંધ નથી હોતી કારણકે શિક્ષકે કશું જ લેવાનું નથી હોતું . ફક્ત આપવાનું હોય છે. ખુલ્લી હથેળીઓ વાળો હાથ જ શિક્ષકનો હોઈ શકે. નિઃસ્વાર્થ પરોપકારની ભાવના લઈને જનમ્યા હશો, અને ખરેખર ભાગ્ય શાળી હશો. તો જ મારા શિક્ષક હશો. કારણકે એક વિદ્યાર્થી માટે એક શિક્ષક ઈશ્વર છે. ઈશ્વર પોતાની પદવી બહુ આસાનીથી કોઈને આપતો નથી. શિક્ષક બન્યા છો તો નક્કી ભાગ્યશાળી જ હશો. શિક્ષકના ચોકની તાકાત સંવિધાન બદલી શકે છે. દેશની સરહદ પર રહેલો જવાન દેશ બચાવે છે. અને શિક્ષક દેશ બનાવે છે.

પ્રિય શિક્ષકો. તમે દેશનું સૌથી મોટું નિવેશ (investment) છો. કાળા પાટિયા પર સફેદ ચોકથી લખતાં હાથ આ દેશનો ઈતિહાસ ફક્ત સમજાવી જ નહીં. બનાવી પણ શકે છે. સમાજવિદ્યામાં આવતો ઈતિહાસ બદલી શકાય છે. વિદ્યાર્થીઓ તૈયાર છે. ઈતિહાસ બદલવા.

**શિક્ષકો તૈયાર છે?**

# ‘સંગીતની પાઠશાળા’

માધવી આશરા ‘ખત્રી’

એક મોટું જંગલ હતું. આ જંગલમાં ઘણા પક્ષીઓ અને પ્રાણીઓ રહેતા હતા. વાઘ, સિંહ, વાંદરા, હાથી, ભાલુ, રીંછ, મોર, હરણ, કોયલ, કાગડો, પોપટ, મેના, ચકલીઓ, કાબર વગેરે ખૂબ જ આનંદથી રહેતા હતા. બધા એકબીજાની મદદ પણ કરતાં હતાં.

આવા સુંદર અને સરસ મજાનાં જંગલમાં રહેવું બધાને ગમે. પણ એક દિવસ આ જંગલમાં એક ઘટના બની. બધા જ પક્ષીઓમાં એક કાગડાભાઈ રિસાઈ ગયા. હવે આ કાગડાભાઈ રિસાઈને ખૂબ ઊંચા ઝાડ પર જઈ બેસી ગયા હતા. કાગડાભાઇ હજી નાના હતા. એટલે બધા પક્ષીઓને કાગડાભાઈની ચિંતા થવા લાગી હતી. બધા કાગડાભાઈને શોધતા હતા. પણ કાગડાભાઈ ક્યાંય મળ્યા નહીં.

બધા કાગડાભાઈને શોધી રહ્યા હતા. ત્યાં ડાળે-ડાળે કૂદતા-કૂદતા વાંદરાભાઈ આવી ગયા. બધા પક્ષીઓને ઉદાસ જોઈ વાંદરભાઈએ પક્ષીઓને પૂછ્યું – ‘તમને બધાને શું થયું છે ? તમે કેમ ઉદાસ છો ? તમારા ચહેરા કેમ પડી ગયા છે ?’

વાંદરાભાઈને જવાબ આપતા કોયલબહેન બોલ્યા – ‘વાંદરભાઈ, વાંદરાભાઈ, અમે કાગડાભાઈને શોધી રહ્યા છીએ. શું તમે કાગડાભાઈને ક્યાંય જોયા છે ?’
વાંદરભાઈ ફરી બોલ્યા – ‘પણ કાગડાભાઈને શું થયું ? પહેલાં એ તો કહો.’
કોયલબહેને ફરી કહ્યું – ‘કાગડાભાઈને સંગીત શીખવું છે, મારી જેમ મધુર અવાજમાં ગાવું છે.’

કોયલબહેનની વાત સાંભળી વાંદરાભાઈ તો ખડખડાટ હસવા લાગ્યા અને હસતાં-હસતાં ફરી કહ્યું, – ‘ઓહ...તો કાગડાભાઈને સંગીત શીખવું છે.’

કોયલબહેને કહ્યું – ‘અમે કાગડાભાઈને ના પાડી, તો કાગડાભાઈ રિસાઈ ગયા અને ક્યાક ચાલ્યા ગયા. હવે અમે કાગડાભાઈને શોધીએ છીએ.’

ત્યાં વચ્ચે કાબરબહેન બોલ્યા – ‘અમે તો સવારથી કાગડાભાઈને શોધીએ છીએ. તમે ક્યાંય જોયા હોય તો અમને કહો.’

વાંદરભાઈ હસવાનું બંધ કરીને કહેવા લાગ્યા – ‘મેં કાગડાભાઈને ઊંચે આકાશમાં ઊડતા-ઊડતા એક ખૂબ ઊંચા ઝાડ પર બેઠેલા જોયા હતા.’

કોયલબહેન બોલ્યા – ‘તો કાગડાભાઈ ખૂબ ઊંચા ઝાડ પર બેઠા છે, એ ઝાડ ક્યાં છે ?’

કાબરબહેન બોલ્યા – ‘અરે આપણાં જંગલમાં એક જ ખૂબ ઊંચું ઝાડ છે, તો આપણે ત્યાં જઈએ.’ કાબરબબેનની વાત માનીને બધા જ પક્ષીઓ પેલા ઊંચા ઝાડ પાસે પહોંચી ગયા.

ઝાડની ઉપર કાગડાભાઈ પાસે જઈને બધાએ કહ્યું – ‘કાગડાભાઇ, કાગડાભાઈ, ચાલો ઘરે’

કાગડાભાઈ ગુસ્સામાં બોલ્યા – ‘ના હું નહીં આવું. હું કોઈ સાથે નથી બોલતો.’

કોયલબહેન ખૂબ વ્હાલથી બોલ્યા – ‘બહુ ગુસ્સો ન કરાય કાગડાભાઈ !’

કાગડાભાઈ ફરી બોલ્યા – ‘મને સંગીત શીખવું છે, મને ગાવું છે. હું જ્યાં સુધી સંગીત ના શીખી લઉં ત્યાં સુધી નીચે નહી આવું.’

કાબરબહેન બોલ્યા – ‘પણ અહીં ઝાડ પર બેઠાં-બેઠાં સંગીત ના શિખાય.’

કાગડાભાઈએ કહ્યું – ‘તમે મને સંગીત શીખડાવશો ? તો હું નીચે આવું.’

કોયલબહેન બોલ્યા – 'હા શીખડાવીશું, તમે પેલા નીચે આવો.'

કોયલબહેનની વાત સાંભળી કાગડાભાઈ તો રાજી-રાજી થઈ ગયા. તે ફટાફટ ઝાડ પરથી ઊભા થયા અને બધાની સાથે ઊડીને નીચે આવી ગયા. નીચે આવી કોયલબહેનને કાગડાભાઈએ ફરી કહ્યું – 'ચાલો, હવે મને સંગીત શીખવાડો.'

કોયલબહેન બોલ્યા – 'કાગડાભાઈ! ચાલો તો મારી સાથે.'

આમ કોયલબહેન કાગડાભાઈને સંગીત શીખડાવવા માટે જંગલની સંગીતશાળામાં લઈ ગયા. સંગીતશાળા ખૂબ મોટી હતી. અહીં સિંહ, હાથી, વાઘ, વાંદરા, રીંછ અને ઝીબ્રાના બચ્ચાંઓ બધાને સંગીત શીખડાવતા હતા. સૌથી પહેલા કોયલબહેન કાગડાભાઈને સિંહના બચ્ચાં પાસે લઈ ગયા. સિંહના બચ્ચાં પાસે જઈ કોયલબહેને કહ્યું – 'ઓ.. નાના-નાના સિંહભાઈ!'

સિંહભાઈએ કોયલબહેનની સામે જોયું અને બોલ્યા – 'અરે! કોયલબહેન, તમે, આવો...આવો.'

કોયલબહેન બોલ્યા – 'આ કાગડાભાઈ છે, તેને સંગીત શીખવું છે.'

કાગડાભાઈની સામે જોઈ સિંહભાઈ મનમાં ને મનમાં હસવા લાગ્યા. પછી કાગડાભાઈને કહેવા લાગ્યા – 'કાગડાભાઈ! શું તમે સંગીત શીખી શકશો ?'

કાગડાભાઈ તો ખૂબ જ હરખાતાં-હરખાતાં બોલ્યા – 'હા, હું તો ખૂબ જ જલ્દી શીખી જઈશ.'

કોયલબહેને કહ્યું – 'સિંહભાઈ તમે કાગડાભાઈને શું શીખવાડશો ?'

સિંહભાઈએ પોતાના હાથમાં રહેલું ગિટાર બતાવતા કહ્યું – 'હું કાગડાભાઈને ગિટાર વગાડતા શીખવાડીશ.'

સિંહભાઈની વાત સાંભળી કાગડાભાઈ તો નાચવા લાગ્યા અને મોટે-મોટેથી 'કા..કા..કા....' કરવા લાગ્યા.

હવે ફરી કોયલબહેન કાગડાભાઈને વાઘના બચ્ચાં પાસે લઈ ગયા અને કોયલબહેને વાઘના બચ્ચાંને કહ્યું – 'કેમ છે નાના-નાના વાઘભાઈ ?'

નાનું વાઘનું બચ્ચું બોલ્યું – 'મજા હોં, કોયલબહેન.'

કોયલબહેન ફરી બોલ્યા – 'આ કાગડાભાઈ છે, તેને સંગીત શીખવું છે.'

કોયલબહેનની વાત સાંભળી નાના વાઘભાઈ દાંત બતાવી હસવા લાગ્યા. પછી કોયલબહેનને કહ્યું – 'આ કાગડાભાઈને શું સંગીત આવડવાનું હતું ?'

કાગડાભાઈ ગુસ્સામાં બોલ્યા – 'મને આવડી જશે. તમે જો જો...'

વાઘભાઈ – 'એમ આવડી જશે, સારું તો હું તમને જરૂર સંગીત શીખવાડીશ.'

કોયલબહેન – 'તમે કાગડાભાઈને શું શીખવાડશો?'

વાઘભાઈ – 'હું કાગડાભાઈ ને તબલાં વગાડતા શીખવાડીશ.'

વાઘભાઈની વાત સાંભળીને ફરી કાગડાભાઈ નાચવા લાગ્યા અને 'કા..કા..કા...' કરવા લાગ્યા.

આમ કાગડાભાઈને સિંહભાઈ અને વાઘભાઈ એ તો સંગીત શીખવવાની હા પાડી દીધી. હવે કોયલબહેન કાગડાભાઈને લઈ હાથીના બચ્ચાં પાસે ગયા. હાથીના બચ્ચાં પાસે જઈ કોયલબહેન બોલ્યા – 'અરે...ઓ નાના-નાના હાથીભાઈ. સાંભળો છો, કેમ છે તમને ?'

નાના હાથીભાઈએ કોયલબહેન સામે જોયું અને કહ્યું – 'અરે, કોયલબહેન તમે! અહીં કેમ આવ્યા ?'

કોયલબહેન બોલ્યા – 'આ કાગડાભાઈ છે, તેને સંગીત શીખવું છે.'

કોયલબહેનની વાત સાંભળી હાથીભાઈ તો પોતાની સૂંઢ ઉંચી કરીને ખડખડાટ હસવા લાગ્યા અને પાછા મોટે-મોટેથી બોલતા જાય – 'કાગડાભાઈ ને સંગીત શીખવું છે. હા..હા..હા......'

હાથીભાઈને આમ હસતાં જોઈ કાગડાભાઈ તો લાલ-પીળા થવા લાગ્યા અને કાગડાભાઈ ગુસ્સામાં બોલ્યા –

'મને સંગીત શીખવું છે, હાથીભાઈ! તમે શીખવાડશો કે?'

હાથીભાઈ તો કેમેય કરીને પોતાનું હસવું રોકી નો'તા શક્તા. એ તો હસતાં જ રહ્યા ત્યારે કોયલબહેને ફરી કહ્યું 'અરે ઓ....! નાના-નાના અને મારા વ્હાલાં હાથીભાઈ! તમે હસવાનું બંધ કરીને આ કાગડાભાઈને સંગીત શીખવાડો ને.'

કોયલબહેનની વાત માનીને હાથીભાઈએ હસવાનું બંધ કર્યું અને કોયલબહેનને કહ્યું – 'સારું, તો હું કાગડાભાઈને સંગીત શીખવાડીશ.'

કોયલબહેન – 'તમે કાગડાભાઈને શું શીખવાડશો?'

હાથીભાઈ – 'હું કાગડાભાઈને સંગીતમાં દાંડીથી રિધમ આપતા શીખવાડીશ.'

હાથીભાઈની વાત સાંભળી કાગડાભાઈ તો ખૂબ રાજી-રાજી થઈ ગયા અને નાચવા લાગ્યા. એ તો મોટે-મોટેથી 'કા..કા..કા..' કરવા લાગ્યા.

આમ કોયલબહેન કાગડાભાઈને પછી ઝીબ્રાભાઈના બચ્ચાં પાસે પીપૂડી શીખડાવવા લઈ ગયા. ત્યાર પછી વાંદરાભાઈના બચ્ચાં પાસે ઘૂઘરા શીખડાવવા લઈ ગયા. અને છેલ્લે રીંછભાઈના બચ્ચાં પાસે મંજિરા શીખડાવવા લઈ ગયા.

આમ થોડા દિવસોમાં તો કાગડાભાઈ સંગીત શીખી ગયા. કોયલબહેને કાગડાભાઈને મધુર અવાજમાં ગાતા પણ શીખવાડી દીધું. હવે રોજ કાગડાભાઈ જંગલની આ સંગીતશાળામાં આવતા હતા અને સંગીતના બધા જ સાધનો શીખી ગયા હતા. આમ કાગડાભાઈ પણ હવે ખૂબ સરસ અવાજમાં ગીતો ગાવા લાગ્યા હતા. તેઓ નાચતા જાય ને ગાતા પણ જાય.....

"હું જંગલની વાત કહું છું,
હું મસ્ત-મજાની વાત કહું છું....
આવો તમે આવો જંગલમાં
હું સંગીતની વાત કરું છું,
હું મીઠું-મીઠું ગાઉં છું......"

---

**ફાજલભાઈ 'ફાજલ' ન હોઈ શકે**

આંબલા અને લોકભારતીના ઉત્તમ સંસ્કારો તેમણે પચાવ્યા છે તે અહીં ઉતારી રહ્યા છે.

અહીંની કન્યા છાત્રાલય અને કન્યાશાળાને ભણાવવા શિક્ષકોની નિમણુંકો થઈ છે. પણ સમગ્ર કેમ્પસ ઉપર શ્રી ફાજલભાની કેળવાયેલ દૃષ્ટિનો સ્પર્શ જોવા મલે છે. શ્રી ફાજલભાઈએ ધાર્યું હોત તો આંબલાની કામગીરી ઉપર તેઓ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવી શક્યા હોત. પણ તેઓ, એવોર્ડ માટે કામ કરનાર શિક્ષક નહોતા. એમના વિદ્યાર્થીઓ તરફથી એમને મળતો આદર એજ એમને મન મોટો એવોર્ડ છે.

શિહોર પાસેના વળાવડ ગામની બહાર હાઈ-વે ઉપર આ સંસ્થામાં ખાદીના શ્વેત વસ્ત્રોમાં સજ્જ એક વડીલને કાંઈ કામ કરતાં કે ગાયોને ઘાસ નાખતા કે ઝાડને પાણી પાતા કે સાંજે પ્રાર્થના પછી ભાળાઓને જીવલક્ષી સંસ્કાર ઘડતરની વાતો કરતાં જુઓ તો માનજો કે તે શ્રી ફાજલભાઈ છે. આ ફાજલભાઈની જ્ઞાતિનું છાત્રાલય નથી. તેમ છતાં દાતાશ્રીએ શ્રી ફાજલભાઈને આ જવાબદારી સમજીને સોંપી છે. હિન્દુ-મુસ્લિમ એકતાનું અહીં સંગીત સંભળાઈ રહ્યું છે. અહીંની પ્રત્યેક બાળાને પોતાની પુત્રીની માફક સંભાળ લેવા આ સજ્જન આપણને સૌને એકતાને સંદેશ આપી રહ્યાં છે.

શ્રી ફાજલભાઈ એક અણિશુદ્ધ વહીવટકર્તા પણ છે. આ કોઈ કોમર્શીયલ ધોરણો ચાલતી સંસ્થા નથી. અહીં તો દાતાશ્રીનું એક સ્વપ્ન સિધ્ધ કરવાનો નમ્ર પ્રયાસ છે. દાતાશ્રીએ કોઈ પણ જગ્યાએ દાન આપવાના બદલે કન્યા કેળવણી માટે અને તે પણ કોઈ પણ જ્ઞાતિની કન્યાઓ માટે દાન આપ્યું તે ઉમદા વિચારને અહીં સાકાર થતો જોઈ શકાય છે.

કોઈ પણ જાતની પ્રસિધ્ધના મોહ વિના આ સંસ્થાના દાતાશ્રીએ આ એક સુંદર કામ ઉપાડ્યું છે જેને શ્રીફાજલભાઈ જેવા કર્મશીલ અને દૃષ્ટિ સંપન્ન કાર્યકર્તા પ્રાપ્ત થયા છે. એકવાર સંસ્થાની મુલાકાત લેવા જેવી ખરી.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**ધો. ૯ થી ૧૨ ની શાળાઓમાં પણ નવા વર્ષથી વિદ્યાર્થીઓની હાજરી ઑનલાઈનથી પૂરવામાં આવશે.:**

આગામી નવા શૈક્ષણિક વર્ષથી રાજ્યની ધોરણ ૯ થી ૧૨ની તમામ શાળાઓમાં પણ વિદ્યાર્થીની ઑનલાઈન હાજરી પૂરવામાં આવશે. હાલ સરકારે પ્રાથમિક શાળાઓમાં ઑનલાઈન હાજરીનો અમલ શરૂ કર્યો છે. ત્યારે ૨૦૧૯-૨૦ના શૈક્ષણિક વર્ષથી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં પણ આ અમલ કરવામાં આવશે.

સરકારે રાજ્યની તમામ જિલ્લા પંચાયત હેઠળની સરકારી તથા કૉર્પોરેશનની શાળાઓમાં વિદ્યાર્થીઓની ઑનલાઈન હાજરી પૂરવાનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષથી કરી દીધો છે અને પ્રાથમિક શાળાઓમાં તો શિક્ષકોની પણ ઑનલાઈન હાજરી પૂરવામાં આવે છે અને વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ઑનલાઈન હાજરીનો ડેટા શિક્ષણ વિભાગને મોકલવામાં આવે છે. પ્રાથમિક શાળાઓ બાદ હવે શિક્ષણ વિભાગે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પણ હાજરીનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

**નવા વર્ષથી ધો.૧૦-૧૨ના વિષયમાં NCERT પુસ્તકો લાગુ થશે.:**

સરકાર દ્વારા પ્રાથમિકથી માંડી માધ્યમિક-ઉ.મા.માં તબક્કાવાર એનસીઈઆરટી પુસ્તકો લાગુ કરવામાં આવી રહ્યા છે. ત્યારે વર્ષ ૨૦૧૯-૨૦ થી ધો. ૧૦ અને ૧૨ ના ભાષાના વિષયોમાં પણ એનસીઈઆરટી પુસ્તકો લાગુ થશે. જેમાં શિક્ષણબોર્ડ દ્વારા તમામ ડીઈઓને કરાયેલા પરિપત્ર મુજબ ધો.૧૦માં હિન્દી માધ્યમની શાળાઓમાં હિન્દી પ્રથમ ભાષામાં અને ધો.૧૦ ઉર્દૂ માધ્યમની શાળાઓમાં ઉર્દૂ પ્રથમ ભાષાના પુસ્તક એનસીઈઆરટી કોર્સ આધારિત ભણાવાશે. આ ઉપરાંત ધો.૧૨ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી પ્રથમ ભાષાનું પુસ્તક અને ધો.૧૨ની હિન્દી માધ્યમની તમામ પ્રવાહની શાળાઓના હિન્દી પ્રથમ ભાષાનું પુસ્તક એનસીઈઆરટી કોર્સ આધારિત ભણાવાશે.

**બોર્ડ પરીક્ષામાં અધિકારીઓ-કર્મચારીઓનું મહેનતાણું વધારવામાં આવ્યું**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડ પરીક્ષા કામગીરીમાં રોકાયેલાઓનું મહેનતાણું વધારવામાં આવ્યું છે. તે મુજબ કન્ટ્રોલરૂમ અધિકારી માટે રૂ. ૩,૦૦૦, શિક્ષણ નિરીક્ષકને પ્રતિદિન ૧૪૦ રૂ., શ્રેયાન કારકુનને ૯૦ રૂ., તથા સેવક ભાઈઓને ૮૦ રૂપિયા પ્રતિદિન અપાશે. આ ઉપરાંત ઝોનલ અધિકારીને ૬૦૦ રૂ., મદદનીશ ઝોનલ અધિકારીને ૩૦૦ રૂ., વહીવટી મદદનીશને ૨૦૦ રૂ., વર્ગ-૪ ના કર્મચારીને ૧૨૫ રૂ. તેમજ સરકારી પ્રતિનિધિને બિલ્ડિંગ દીઠ ૧૨૫ રૂ., રિઝર્વ સરકારી પ્રતિનિધિને ૧૨૫ રૂ., રવાનગી પ્રતિનિધિને ૧૨૫ રૂ., સ્ટેશનરી કારકુનને ૧૨૫ રૂ., સ્ટેશનરી પટાવાળાને (ઝોન દીઠ) ૧૦૦ રૂ. પ્રતિદિન અપાશે. આ ઉપરાંત પરચુરણ ખર્ચ માટે વધુમાં ૭૫૦૦ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

જ્યારે પરીક્ષા સ્થળ ઉપરના કર્મચારીઓ અધિકારીઓ માટે વધારાયેલા મહેનતાણાના દરોમાં સ્થળ સંચાલકને રૂ. ૨૫૦, વહીવટી મદદનીશને રૂ. ૯૦, ખંડ નિરીક્ષકને રૂ. ૯૦, ક્લાર્કને રૂ. ૯૦, રિલીવરને રૂ. ૯૦, તથા વર્ગ-૪ ના કર્મચારીને રૂ. ૯૦ અને સ્વીપરને રૂ.

૯૦ સેશનદીઠ અપાશે. આ ઉપરાંત ઠંડા પાણી માટે ૧૦ બ્લોકે રૂ. ૨૦૦ તથા ૨૦ બ્લોકે રૂ. ૪૦૦ ખર્ચ તરીકે મંજૂર કરાયા છે. જ્યારે પરચુરણ ખર્ચ માટે છ કે તેથી વધુ દિવસની પરીક્ષા માટે રૂ. ૧૦૦૦ અને છ-થી ઓછા દિવસ માટે રૂ. ૮૦૦ મંજૂર કરાશે.

**વર્ષ ૨૦૧૯-૨૦ થી કૃષિ વિષયક ડિગ્રી કોર્સ લર્નિંગમાં ભણાવવા પ્રતિબંધ:**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી કૃષિ વિષયોને લગતા ડિગ્રી અભ્યાસક્રમો ડિસ્ટન્સ લર્નિંગમાં નહીં ભણાવી શકાય. યુજીસી દ્વારા કરાયેલા પરિપત્ર મુજબ કૃષિ અભ્યાસક્રમો લર્નિંગમાં ન ભણાવી શકાય અને જેથી હવે નવા શૈક્ષણિક વર્ષથી અન્ય અભ્યાસક્રમો સાથે કૃષિ અભ્યાસક્રમો પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

યુજીસીએ અગાઉ મેડિકલ, ડેન્ટલ, એન્જિનિયરિંગ ફાર્મસી અને આર્કિટેક્ચર સહિતના ડિગ્રી અભ્યાસક્રમોને લર્નિંગમાં ભણાવવા પર પ્રતિબંધ મૂક્યો છે.

**કેન્દ્ર સરકારે ડિપ્લોમાંની બેઠકો ડિગ્રીમાં કન્વર્ટ કરી ગુજરાતમાં પી.જી. મેડિકલની ૧૪૩ બેઠકો વધી:**

દેશમાં પી.જી. મેડિકલની ભારે ઘટ છે અને આ વર્ષે પીજી મેડિકલમાં પ્રવેશ માટે નીટનું કટ ઑફ પણ ઊંચું આવતી મેરિટ લિસ્ટમાં વિદ્યાર્થીઓ વધતા પીજી મેડિકલની બેઠકો વધારવી પડે તેમ છે ત્યારે કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગે આ વર્ષે તમામ કૉલેજોને પોતાની પીજી ડિપ્લોમા મેડિકલની ન ભરાતી બેઠકો સરન્ડ કરી પીજી મેડિકલ ડિગ્રીમાં કન્વર્ટ કરવાની તક આપી હતી. જેને પગલે ગુજરાત સહિત દેશભરની કૉલેજોએ ડિપ્લોમાં બેઠકો સરન્ડર કરાવી હતી. જેમાં કેન્દ્ર સરકાર ડિગ્રીમાં કન્વર્ટ કરતા ગુજરાતમાં ૧૪૩ બેઠકો વધી છે.

ગુજરાત સરકારની કમિટીએ ભરવાની ૧૧૯ અને કેન્દ્રની કમિટીએ ભરવાની ૨૪ બેઠકનો વધારો થયો.

**કઈ કૉલેજની કેટલી બેઠકો વધી**

| | |
|---|---|
| બી. જે. મેડિકલ | ૨૧ (વધારો) |
| સુરત મેડિકલ | ૨૦ (વધારો) |
| વડોદરા મેડિકલ | ૧૮ (વધારો) |
| ભાવનગર મેડિકલ | ૧૦ (વધારો) |
| સી.યુ. શાહ મેડિકલ | ૧૧ (વધારો) |
| કરમસદ મેડિકલ | ૦૫ (વધારો) |
| એન. એચ. એલ. | ૩૪ (વધારો) |

**અમદાવાદ જિલ્લામાં વધુ ચાર શાળાઓને ગૂગલ સ્કૂલ બનાવાશે :**


અમદાવાદ જિલ્લામાં ચાંદલોડિયા ખાતે દેશની પ્રથમ ગૂગલ સ્કૂલ બનાવ્યા બાદ હવે જિલ્લાની ચાર શાળાઓને પણ ગૂગલ સ્કૂલ બનાવવામાં આવી રહી છે. શિક્ષણ જગતમાં ક્રાંતિ માટેના આ પ્રયાસો માટે અમદાવાદ જિલ્લાની ડીડીઓ શ્રી અરુણ મહેશ બાબુને ઉપરાષ્ટ્રપતિ દ્વારા ૨૮-૨-૨૦૧૯ના રોજ ડૉ. કલામ ઈનોવેશન ઈન ગવર્નન્સ અવૉર્ડ ૨૦૧૯ એનાયત કરાયો હતો.

અમદાવાદ જિલ્લાની બાવળા, વિરમગામ, ધોળકા અને સાણંદની શાળાઓમાં ગૂગલ સ્કૂલ થકી ડિજિટલ શિક્ષણ આપવામાં આવશે.

**ટૂંકાવીને....**

- **પીજી એન્જિનિયરિંગની ગેટ પરીક્ષામાં અમદાવાદમાંથી ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ પાસ**
- **નેકમાં "એ" ગ્રેડ લાવવા ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થી-વાલીઓ-ફેકલ્ટીનો સર્વે શરૂ થયો.**
- **ડેન્ટલમાં વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપમાં કૉલેજ બદલી માટે હવે કાઉન્સિલ એન.ઓ.સી. નહીં આપે.**
- **બી.એડ્‌માં ૭૭ અને લો કૉલેજમાં ૪૩ શિક્ષકોની ભરતી માટે સરકારની એન.ઓ.સી.**
- **૨૨ કરોડના ખર્ચે ગુજરાત યુનિવર્સિટીમાં રાયફલ દ્રોણાચાર્ય એકેડેમી સ્થપાશે.**
- **ટૅકનિકલ કૉલેજોના શિક્ષકો-આચાર્યો માટે સાતમા પગારપંચનું નોટિફિકેશન**
- **ધો.૧૦ અને ધો. ૧૨ની માર્ચ-૨૦૧૯માં લેવાયેલી પરીક્ષાઓના પરિણામ પંદરમી મે બાદ જાહેર થવાની શક્યતા.**


# પ્રકાશન વિભાગ





## શિક્ષણપ્રયોગ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૨૨૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## ડોલ્ટન યોજના
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૭૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## વિરલ વિદ્યાપુરુષ
**ડો. મોહનભાઈ પંચાલ**
**કિંમત : ૧૦૦/-**
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ





## શિક્ષણ વિચાર
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



## જીવનલક્ષી શિક્ષણ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



## કોઈએ નહોતું કીધું
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## સ્મરણયાત્રા
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## સપનાં થયાં સાકાર
**હરિત પંડ્યા**
**કિંમત : ૧૨૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## સ્મૃતિ સુમન
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## કાળી વાદળી ઉજળી કોર
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



## સ્મૃતિના અસવાર
**જશીબેન નાયક**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## LIGHT IN THE EAST
**FREDA WHITLAM**
**Price : 40/-**
Publisher :
Saraswati Vidya Mandal

NEW





## સંભારણાં
**કિંમત : ૧૭૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



## સ્મૃતિ ઝરણાં
**કિંમત : ૧૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




## સ્મરણ પુષ્પ
**કિંમત : ૯૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




## સરદાર ગાથા
**કિંમત : ૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

**email : gharashala@saraswatividyamandal.org**
**website : www.saraswatividyamandal.org/publication**

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-

# છે છેલ્લી આ પ્રાર્થના મુજ

રવીન્દ્રનાથ ટાગોર
અનુવાદક - આસ્વાદક : પ્રસાદ બ્રહ્મભટ્ટ

છે છેલ્લી આ પ્રાર્થના મુજ, તુજ સમીપે-મારા પ્રભુ,
છેદી નાખો મુજ સકલ દુર્બળતા અંતરના ઊંડાણ મહીંથી.
સુખની સાથે આપો એવું બલ કે સુખને કરું કઠણ,
દુઃખમાં આપો એવું બલ કે દુઃખ પોતે મુખ પર ફરકાવીને શાંત સ્મિત
કરી શકે પોતાની ઉપેક્ષા, મુજ ભક્તિને આપો એવું બલ કે
કર્મ બને સૌ સફલ, પ્રીતિ પ્રેમ, પુણ્યરૂપે પ્રફુલ્લે.
આપો એવું બલ જેથી હું શ્રુદ્રજનોને સમજું ના હીન.
બલને ચરણે ઝુકાવું ના શિર, આપો એવું બલ જેથી હું
રાખી શકું મુજ ચિત્તને દૈનંદિન, તુચ્છતાથી પર.
આપો એવું બલ જેથી ઢાળી તુજ ચરણે મુજ શિર
હું રાખી શકું પોતાને સ્થિર.

'ગીતાંજલિ ગુંજન'માંથી સાભાર

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.